District Level Educational

# innovation Festival 2022-2023

8th

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

# નવસંસ્કરણ

: પ્રેરણા :


**ડૉ. સી.ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**શ્રી ડી. એસ. પટેલ**
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર


: સંકલન :


**ડૉ. આર. ડી. પિત્તલિયા**
લેક્ચરર (IFIC શાખા)
ડાયેટ, સુરેન્દ્રનગર


: લેખન–સંપાદન :


**ડૉ. કે. આર. પંડ્યા**
લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો.ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર



શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર



**INNOVATION એટલે જ નવસંસ્કરણ... (નવું કે ફરીને સંસ્કરણ કરવું - સુધારવું તે)**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ - ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો આ આઠમો એજયુકેશનલ ઇનોવેશન ફેર છે. ઇનોવેશન એટલે નવીનતા, નવીનીકરણ (જૂનાને નવું કરવું, તાજું કરવું કે રિન્યૂઅલ), સારો રસ્તો, નવો રિવાજ નવું કરવું. ઇનોવેશન દ્વારા શિક્ષક અને બાળક બંનેનો સર્વાંગી વિકાસ થાય છે. ઇનોવેશન ફેરથી શાળાની સુંદર પ્રવૃત્તિઓ જિલ્લાની અન્ય શાળાના શિક્ષકો નિહાળી તેમની શાળામાં પણ આવી સુંદર પ્રવૃત્તિઓ કરવાની દિશા, પ્રેરણા અને માર્ગદર્શન મળે છે. પ્રયોગશીલ શિક્ષકો પોતાની શાળામાં પરિસ્થિતિ મુજબ જુદા જુદા પ્રયોગો અને પ્રવૃત્તિઓ કરતા હોય છે. બાળકો અને શિક્ષકોમાં સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટે અને પ્રેરણા-માર્ગદર્શન પૂરું પાડવા માટે ઇનોવેશન ફેર અગત્યનું માધ્યમ બની રહ્યું છે.

વિદ્યાર્થીઓ-શિક્ષકો આ માધ્યમથી નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરતાં થાય, અનુભવ દ્વારા ચિરંજીવી જ્ઞાન પ્રાપ્ત કરે, સુષુપ્ત શક્તિઓ બહાર લાવે, શીખવા માટે હકારાત્મક વલણ કેળવે, ભાષાશિક્ષણમાં રસ જાગે, નવીન વિચારો અને નવીન જાણવાની તક પ્રાપ્ત કરતા થાય, પોતાના વિષયમાં રસ કેળવી તે તરફ અભિમુખ બને, નવીનદૃષ્ટિ કેળવવાનું કૌશલ્ય કેળવે, સમાજમાં શિક્ષણની નવીન દૃષ્ટિથી શિક્ષકો માહિતગાર થાય, તેના માટે ઇનોવેશન ફેર શિક્ષકો માટે મોટું Platform સાબિત થયું છે.

ડાયેટ દ્વારા આ સંદર્ભે ઇનોવેશન શેરીંગ અને ઇનોવેશન સ્ક્રિપ્ટ રાઈટીંગ કાર્યશિબિરો યોજાઈ ગઈ. આ સમગ્ર પ્રક્રિયાઓમાં ડાયેટના આઈએફઆઈસી શાખાના લેક્ચરર ડૉ. કોમલબહેન પંડ્યા દ્વારા આપની સમક્ષ નવસંસ્કરણ મોડ્યૂલ મૂકી શક્યા છીએ. આ કાર્યમાં આઈએફઆઈસી શાખાના લેક્ચરર ડૉ. રાજેનભાઈ પિત્તલિયાનો પણ સહયોગ સાંપડ્યો છે, બંને લેક્ચરર્સ પ્રત્યે આભાર-આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પાઠવું છું.

આપ સૌ પ્રત્યે પણ શ્રદ્ધા રાખું છું કે, આપના વર્ગખંડોમાં પણ ઇનોવેશનના માધ્યમથી અધ્યયન-અધ્યાપન કાર્ય થશે તો તેનો લાભ બાળકોને મળશે.

શુભમ્ ભવતુ।

આપ સૌનો અનુરાગી

ડૉ. સી. ટી. ટૂંડિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર



## શુભેચ્છાઓ...

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર દ્વારા જિલ્લા કક્ષાનો આઠમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેર - ૨૦૨૨-૨૩ યોજાઇ રહ્યો છે ત્યારે શિક્ષણ સમિતિ - સુરેન્દ્રનગર વતી સહૃદય શુભેચ્છાઓ પાઠવું છું.

ગામડાગામનો ખેડૂત આજે ખેતીમાં સંશોધનો કરીને સમૃધ્ધ ખેતી કરીને મબલખ પાક મેળવતો થયો છે. ખેડૂત પણ આજે પોતાના ખેતરની જમીનને કયો પાક અનુકૂળ આવશે તેની ચકાસણી કરીને આધુનિક ખેતી કરે છે. ઉદ્યોગ-ખેતી અને વ્યવસાયોમાં ઇનોવેશનથતાં આપણને જોવા મળે છે.

શિક્ષકો વર્ગખંડમાં માનવીય મૂલ્યોના ઘડતરનું કામ કરે છે. અધ્યયન-અધ્યાપન દરમિયાન શિક્ષણને જીવંત અને સરલ બનાવવા માટે વર્ગખંડોમાં ઇનોવેશન જરૂરી છે. જેના થકી શિક્ષણમાં આપણને સારા પરિણામો પ્રાપ્ત થાય છે.

સુરેન્દ્રનગર જિલ્લાના સુડતાળીસ (૪૭) જેટલાં શિક્ષકોએ Innovation રજૂ કર્યાં છે તે સૌ કોઇને અભિનંદન પાઠવું છું. આ ઇનોવેશન જિલ્લાના શિક્ષણમાં ગુણવત્તામાં સુધારો થાય તે માટે ઉપયોગી બની રહેશે. મુલાકાતી ઇનોવેટર શિક્ષકો આ ઇનોવેશનને વર્ગખંડો સુધી લઇ જાય તો સમગ્ર રાજયમાં સુરેન્દ્રનગર જિલ્લાનો શૈક્ષણિક સિદ્ધ આંક ઊંચો આવશે તેવી આશા રાખુ છું.

આપ સૌને પુનઃ શુભેચ્છાઓ...

**શ્રી નરેન્દ્રભાઇ મુંજપરા**
**ચેરમેન**
**જિલ્લા શિક્ષણ સમિતિ - સુરેન્દ્રનગર**



## ગુણવત્તા સુધારણાની પગદંડી... ઈનોવેશન ફેર

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર દ્વારા જિલ્લા કક્ષાનો આઠમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેર - ૨૦૨૨-૨૩ યોજાઈ રહ્યો છે ત્યારે તમામ ઈનોવેટર શિક્ષકોને મારી શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવું છું.

એજ્યુકેશનલ ઈનોવેશન ફેરમાં રજૂ થયેલાં તમામ ઈનોવેશનનો વિનિયોગ-પ્રત્યાયન આપના વર્ગખંડો સુધી ક્રિયાન્વિત થાય તેવી લાગણી-ઈચ્છા વ્યકત કરું છું. ગુણવત્તા સુધારણામાં આપણાં જિલ્લાનો શૈક્ષણિક સિદ્ધિ આંક ઊંચો બનાવવામાં પણ આ કાર્ય મજબૂત બળ પૂરું પાડે છે.

શિક્ષકો ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરતાં થાય તે બહુ જ જરૂરી છે. NEP - 2020 માં પણ ૬૦ ટકા શિક્ષણકાર્ય વર્ગખંડનું અને ૪૦ ટકા શિક્ષણકાર્ય Online નું સૂચિત કરવામાં આવ્યું છે. સમગ્ર વિશ્વમાં ઈનોવેશન એક આગવી ઓળખ-અસ્મિતા ઉભી કરી રહ્યું છે. ટેકનોલોજીનો સાથ આપણે જીવંત રાખવો પડશે, કેમ કે તો અને તો જ આવનારા સમયમાં આપણે બાળકો સાથે વર્ગખંડોમાં ઉભા રહી શકીશું, તેમના પ્રશ્નોના જવાબ આપી શકીશું.

એજ્યુકેશનલ ઈનોવેશન ફેર સૌની વ્યાવસાયિક સજ્જતામાં મદદરૂપ બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

**શિલ્પાબેન પટેલ**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**સુરેન્દ્રનગર**



## નવતર પ્રયોગની દીવાદાંડી

જિલ્લા કક્ષાનો આઠમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેર યોજાઇ રહ્યો છે. જેમાં પ્રાથમિક - માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો દ્વારા વર્ગખંડોમાં કરવામાં આવતા પ્રયોગો - નવાચારનું દર્શન આજે સૌ સારસ્વત પરિવાર માટે દીવાદાંડી સમાન બની રહેનાર છે.

NEP-2020 અંતર્ગત પ્રાથમિક - માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ એક ધરી પર આવી રહ્યું છે. બાળકોમાં ગુણવત્તા સુધારણા માટે શિક્ષક જો વર્ગખંડમાં Innovation નો ઉપયોગ કરશે તોજ આવનાર સમયમાં શિક્ષક વર્ગખંડમાં ઊભો રહી શકશે. શિક્ષકો પાસે નૂતન પરિકલ્પના-સંકલ્પનાઓ નહીં હોય તો તે સાપ્રંત અને આવનાર સમયમાં ટકી નહીં શકે.

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પણ ઇનોવેશન બાબતે નીતિ નિર્ધારિત કરવામાં આવી છે. એક શિક્ષકના મૂલ્યાંકન-નિરીક્ષણકાર્યમાં ઇનોવેશનની બાબતો ધ્યાને લેનાર છે, ત્યારે સૌ શિક્ષક ભાઇઓ-બહેનોમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેર નિહાળીને આપણાં વર્ગખંડમાં તેજ પ્રસ્તુત કરીએ.

ઇનોવેશનમાં જે શિક્ષકોએ કૃતિ રજૂ કરી છે તે સૌ શિક્ષકોને અભિનંદન... શુભેચ્છાઓ...

કે. એન. બારોટ
જિલ્લા શિક્ષણાધિકારી
સુરેન્દ્રનગર



## શિક્ષણમાં નવસંસ્કરણ...

શિક્ષણ વિભાગ - ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, (GCERT) - ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર ખાતે ઇનોવેશન સેલ કાર્યરત છે.

આ સેલ અંતર્ગત જિલ્લાની સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે શિક્ષકો અથાગ મહેનત કરી રહ્યા છે તે શિક્ષકોના નવતર પ્રયોગોનો સમગ્ર જિલ્લામાં પ્રચાર અને પ્રસાર થાય તે હેતુથી ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે.

હાલ જિલ્લામાં આઠમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાંથી ૩૩ પ્રાથમિક કક્ષાના અને ૧૨ માધ્યમિક કક્ષાના તથા ૦૨ પ્રશિક્ષણ સંસ્થાના મળીને કુલ ૪૭ ઇનોવેશનની પસંદગી જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલ માટે થઇ છે.

પોતાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી વિવિધ વિષયોમાં અવનવી પ્રવૃત્તિ અને પ્રયોગો શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. આ તમામ નવતર પ્રયોગો અન્ય શાળાના શિક્ષકો સુધી પહોંચે તે હેતુથી આ એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે.

**"Innovation is anything that is new, useful & surprising, The last criteria surprising."**

**- Drew Boyd**

**ડૉ. કે. આર. પંડ્યા**
**લેકચરર અને ડીસ્ટ્રીકટ ઇનોવેશન સેલ**
**કો. ઓ. - ડાયેટ સુરેન્દ્રનગર**



**''મંજિલે ઉન્હી કો મિલતી હૈ,**
**જીન કે હોંસલોં મેં જાન હોતી હૈ;**
**પંખ સે કુછ નહી હોતા,**
**હોંસલોં સે ઉડાન હોતી હૈ.''**

શિક્ષણમાં નવીનીકરણ એ રાષ્ટ્રના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ પરિબળ છે. National Education Policy(NEP) - 2020 ના અમલીકરણને કારણે શિક્ષણ માળખાંમાં અમૂલ્ય પરિવર્તન આવ્યું છે. NEP-2020 અંતર્ગત વર્ગખંડ શિક્ષણકાર્યમાં ICTના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે.

પ્રતિભાશાળી શિક્ષકો દ્વારા શાળાકક્ષાએ વિવિધ નાવીન્યતાપૂર્ણ પ્રયોગો હાથ ધરવામાં આવતા હોય છે. આ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગોની માહિતી ગ્રાસરૂટ લેવલ સુધી પહોંચતી બને તે માટે ૨૦૧૫ થી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)ના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લાઓમાં "Innovation Festival" નું આયોજન કરવામાં આવે છે. જે પ્રતિભાશાળી શિક્ષકોને એક પ્લટફોર્મ પૂરું પાડે છે.

પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં ૩૩ પ્રાથમિક શિક્ષકો, ૧૨ માધ્યમિક શિક્ષકો અને ૦૨ પ્રશિક્ષણ સંસ્થાઓના દ્વારા હાથ ધરવામાં આવેલ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગોની રજૂઆત થનાર છે.

નાવિન્યપૂર્ણ પ્રયોગો હાથ ધરનાર તમામ શિક્ષકોને અભિનંદન પાઠવતા હર્ષની લાગણી અનુભવું છું. આ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગો શિક્ષણ વિકાસની યાત્રામાં મહત્વની કડીરૂપ સાબિત થશે તેવી અભ્યર્થના સહ...

**ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા**
**લેક્ચરર, આઈ.એફ.આઈ.સી. શાખા,**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**સુરેન્દ્રનગર**

## સાંકળિયું


| ક્રમ | શિક્ષકનું નામ | ઈનોવેશનનું શિર્ષક | પે.નં. |
|---|---|---|---|
| ૧ | ગિરીશકુમાર ઝવેરભાઇ રાઠોડ | Learning by doing | ૦૯ |
| ૨ | પરમાર સંજયકુમાર ડી. | સંકલ્પ વડે સફળતા | ૧૦ |
| ૩ | દવે પરાગ હસમુખરાય | Easy English At Home - Assignment | ૧૧ |
| ૪ | હાર્દિકભાઇ ડી. પટેલ | ડીજીટલ મેથ્સલેબ દ્વારા શિક્ષણ | ૧૨ |
| ૫ | મીરાબેન રમણીકગીરી ગોસ્વામી | રમતા રમતા નકશો શીખીએ | ૧૩ |
| ૬ | મોનિકાબેન રમેશકુમાર વર્મા | રમતાં રમતાં સરવાળા બાદબાકી શીખીએ | ૧૪ |
| ૭ | દીક્ષિત ઉર્વીબેન જયપ્રકાશભાઇ | શિક્ષણથી રોજગાર સુધી, Learning by Playing | ૧૫ |
| ૮ | પંચાલ નીતિનકુમાર ભરતકુમાર | School Furniture and Students Adjustment | ૧૬ |
| ૯ | ડૉ. દિપકકુમાર રતિલાલ મહેતા | મલ્ટી મેજીક મેથ્સ મોડલ. | ૧૭ |
| ૧૦ | મેંઢા ભાવનાબેન અમૃતલાલ | જીઓ મેટ્રિકલ મોડેલ્સ એન્ડ એક્ટિવીટી. | ૧૮ |
| ૧૧ | હરિઓમગીરી દેવગીરી ગોસ્વામી | વર્તમાનપત્રોનો શૈક્ષણિક ઉપયોગ | ૧૯ |
| ૧૨ | રેથળિયા પ્રવીણભાઇ કાળુભાઇ | ડિજિટલ પર્યાવરણ પ્રયોગશાળા | ૨૦ |
| ૧૩ | બ્રિજેશ આર. પાંચાણી | Student Happiness. | ૨૧ |
| ૧૪ | કણઝરિયા મુકેશભાઇ ઇશ્વરભાઇ | ચાર ભાષામાં નામ | ૨૨ |
| ૧૫ | હેમલભાઇ એમ તુરખિયા | વાલી મીટીંગ થકી લોકજાગૃતિ | ૨૩ |
| ૧૬ | શ્રી નદીમખાન વાહીદખાન પઠાણ | સાધનો જાણી પ્રવૃતિ કરી આનંદ માણો | ૨૪ |
| ૧૭ | દેવેન્દ્રપ્રસાદ એચ. ધમલ | ભાષા ગમ્મત | ૨૫ |
| ૧૮ | રેનુ ગણેશદત જોષી | રમતા રમતા ગણિત-વિજ્ઞાનનાં પ્રયોગો | ૨૬ |
| ૧૯ | મિતેશકુમાર પી પરમાર | 'Wh' Tram | ૨૭ |
| ૨૦ | પટેલ સ્વાતિ જયંતિલાલ | વેસ્ટમાંથી બેસ્ટ | ૨૮ |
| ૨૧ | બાલસ નીતાબેન પી. | મારો જાદુઈ પ્રજ્ઞાવર્ગ | ૨૯ |
| ૨૨ | કાનાણી ચંપકભાઇ સી. | શાળામાં કરવામાં આવતી સહઅભ્યાસિક પ્રવૃતિઓ | ૩૦ |
| ૨૩ | પટેલ અશ્વિનકુમાર ભગવાનભાઇ | ''પાસો'' મારો પરમેશ્વર | ૩૧ |
| ૨૪ | પરમાર પ્રકાશકુમાર મુળજીભાઇ | ભાષા સજ્જતા સાથે ધો.૬-૮ મા ૩૦૦૦-૫૦૦૦ શબ્દો શીખશે | ૩૨ |

## સાંકળિયું


| ક્રમ | શિક્ષકનું નામ | ઈનોવેશનનું શિર્ષક | પે.નં. |
|---|---|---|---|
| ૨૫ | પ્રવીણભાઇ પ્રભુભાઇ જમોડ | રેપર્સ/બેનર દ્વારા વાંચન-લેખનનો વિકાસ | ૩૩ |
| ૨૬ | હેતલબેન નરેન્દ્રભાઇ પટેલ | MY LIFE MY MESSAGE | ૩૪ |
| ૨૭ | બલભદ્ર વંદનાબેન કિશોરભાઇ | ચાલ બિરબલ બુધ્ધિ ચલાવ. | ૩૫ |
| ૨૮ | પ્રિયાબેન જીવણભાઇ મકવાણા | સરળતાથી શીખીએ સામાજિક વિજ્ઞાન | ૩૬ |
| ૨૯ | રમેશચંદ્ર સી. મુલિયા | ચિત્ર પરથી વાંચન | ૩૭ |
| ૩૦ | ઇશ્વરભાઇ વાલજીભાઇ પરાલિયા | Spelling Calendar. | ૩૮ |
| ૩૧ | ધોળકિયા હરેશકુમાર લાલજીભાઇ | ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સામાજિક વિજ્ઞાનનો જ્ઞાનસાગર | ૩૯ |
| ૩૨ | ભુસડિયા મહેશકુમાર ભગવાનભાઇ | મારી શાળા બારકોડ શાળા | ૪૦ |
| ૩૩ | કૌશિકકુમાર પી પ્રજાપતિ | EDUTOR MOBILE એપ દ્વારા NMMS/PSE EXAM- પ્રેકટીશ ક્વિઝ નિર્માણ અને ઓનલાઇન શિક્ષણ | ૪૧ |
| ૩૪ | શ્રી સુરેશભાઇ બી. ધોરિયા | દીક્ષા દ્વારા શિક્ષા | ૪૨ |
| ૩૫ | પનારા વર્ષાબેન ઓધવજીભાઇ | BE FRIENDS WITH STUDENTS (મારા વિદ્યાર્થી મારા મિત્રો) | ૪૩ |
| ૩૬ | કણસાગરા ફાલ્ગુની પી. | ફયુઝન મેમરી સિસ્ટમ દ્વારા ચાર્ટ. | ૪૪ |
| ૩૭ | પરેશકુમાર સી. રાવલ | રીડીંગ કલબ અને વર્કશોપ દ્વારા બાળકોનો સર્જનાત્મક અભિગમ કેળવવો | ૪૫ |
| ૩૮ | વારિસ ટી. ભટ્ટા | શબદના સંગાથે સર્જનયાત્રા | ૪૬ |
| ૩૯ | હિતેષકુમાર કિશોરભાઇ પંડયા | મારે પણ બોલવું છે. | ૪૭ |
| ૪૦ | વિજયકુમાર શાંતિલાલ થોરિયા | પ્રત્યક્ષ માપન દ્વારા પ્રમયોની સાબિતી આપવી | ૪૮ |
| ૪૧ | ડો. અલકાબેન એ. દેવમુરારી-શ્રી વીરેન્દ્રસિંહ કે. ઝાલા | સર્જનાત્મક પ્રવૃતિ | ૪૯ |
| ૪૨ | મહેતા તેજલ કે. | બિન ઉપયોગી વસ્તુમાંથી સુશોભન વસ્તુઓ બનાવી શાળા સુશોભન અને અર્થોપાર્જન | ૫૦ |
| ૪૩ | યોગેશકુમાર મકનજીભાઇ ગામીત | શરીરના સંવેદના ગ્રાહી અંગો અને પરાવર્તી કમાન | ૫૧ |
| ૪૪ | જગદીશ કે. સોલંકી | ડીએનટી સુપર ગ્રામર ટેસ્ટ ઓફ ઈંગ્લિશ | ૫૨ |
| ૪૫ | અનિરુધ્ધસિંહ ભરતસિંહ પરમાર | ગમ્મત સાથે જ્ઞાન | ૫૩ |
| ૪૬ | ચાવડાગોર કલ્પેશ ધીરુભાઇ | षष्ठी विभक्ति-गीतम् | ૫૪ |
| ૪૭ | ઝીંઝુવાડિયા શૈલેષકુમાર ગોપાલભાઇ | ‘‘ગુરૂવાર વિશેષ દિન’’ સહઅભ્યાસિક પ્રવૃતિ દ્વારા શિક્ષણ | ૫૬ |

**ઈનોવેટરનું નામ :** ગિરીશકુમાર ઝવેરભાઈ રાઠોડ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** જુના જસાપર પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** સાયલા - ૨

**મો. નંબર :** ૯૭૨૩૧૮૮૫૩૧ **ઈ-મેઈલ આઈડી :** gjrathod83@gmail.com




**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** Learning by doing

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૨થી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગીતા)

**હેતુઓ :** બાળકો ક્રિયા દ્વારા શિક્ષણ મેળવે. અંગ્રેજી ભાષાશિક્ષણ રુચિપૂર્ણ બને. અંગ્રેજી વિષયનું વાતાવરણ નિર્માણ થાય બાળકોને અંગ્રેજી વાંચન કરવાની પ્રેરણા મળે. પ્રત્યેક વિદ્યાર્થી અંગ્રેજીમાં પ્રવૃત્તિમય બને.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગની શરૂઆત જુલાઈ ૨૦૨૨થી કરવામાં આવી. અંગ્રેજી વિષય પ્રત્યે કેટલાક વિદ્યાર્થીઓમાં અણગમો જોવા મળતો હતો. આ બાબતને ધ્યાને લઈ વિવિધ વર્કિંગ મોડેલ દ્વારા જેમાં વિદ્યાર્થીઓ જાતે ક્રિયા દ્વારા જે તે મુદ્દાઓનો અભ્યાસ કરે તેવું આયોજન કર્યું. અંગ્રેજી વિષયના તાસ તેમજ અન્ય સમયે વિદ્યાર્થીઓને અંગ્રેજી વર્કિંગ મોડેલ આપી માર્ગદર્શકની ભૂમિકામાં રહી શીખવવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીઓ જાતે ક્રિયા દ્વારા શીખતા થયા તેના કારણે તેઓ રસપૂર્વક પ્રવૃતિમાં ભાગ લેતા થયા.

**ઉપયોગિતા :** વિદ્યાર્થીઓ પોતાની આસપાસના પર્યાવરણમાં જોવા મળતા અંગ્રેજીના કેટલાક સરળ શબ્દો, નાના વાકયો વગેરે વાંચતા થયા. વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય પ્રત્યે રસ લેતા થયા. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય માટેનો આત્મવિશ્વાસ જોવા મળે.

**મૂલ્યાંકન :** વર્ગમાં વિદ્યાર્થીઓ નાના સરળ વાકયો રજુ કરે છે. અંગ્રેજીના કેટલાક સરળ શબ્દોના કાર્ડ, વાકયપટ્ટી વગેરેની ગોઠવણી તેમજ વાંચન કરે છે. આ રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે.

**પરિણામ :** મારી શાળામાં ધોરણ ૬ થી ૮ માં કુલ ૨૪૬ વિદ્યાર્થીઓ છે. શરૂઆતમાં તેમાંથી ૯૦ જેટલા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી પ્રત્યે ઉત્સાહ જોવા મળતો. હવે અંદાજે ૧૫૨ જેટલા વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં ઉત્સાહપૂર્વક, રસપૂર્વક કાર્ય કરે છે.

**વર્તમાન સ્થિતિ :** વર્તમાન સ્થિતિમાં સમયાંતરે અંગ્રેજીના વર્કિંગ મોડેલ દ્વારા બાળકો અભ્યાસ કરે છે. કાર્ય દ્વારા શીખીએની સંકલ્પના સિદ્ધ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળે છે. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે ઉત્સાહ જોવા મળે છે.

**ઈનોવેટરનું નામ :** પરમાર સંજયકુમાર ડી. **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી થોરિયાળી પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** સાયલા - ૩

**મો. નંબર :** ૯૭૨૫૮૬૬૦૩૦ **ઈ-મેઈલ આઈડી :** sdparmar11782@gmail.com



**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** સંકલ્પ વડે સફળતા

**નવતર પ્રયોગની કેટેગરી :** મૂલ્ય શિક્ષણ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૨થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** વિદ્યાર્થીની સંકલ્પ શકિત દ્રઢ બને., કલા કૌશલ્યનો વિકાસ થાય. આદર્શ વ્યકિતત્વનું નિર્માણ થાય, વડિલો પ્રત્યે આદરભાવ રાખતા થાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગની શરૂઆત જુલાઈ ૨૦૨૨થી કરવામાં આવેલ. જેમાં ધોરણ ૩ થી ૮ ના ૧૮૦ વિદ્યાર્થીઓ જોડાયેલા. શ્રી થોરિયાળી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં મૂલ્યશિક્ષણનો અભાવ જણાતો હતો અને શાળાના વાતાવરણમાં સુવ્યવસ્થા લાવવી જરૂરી હતી. નવું શૈક્ષણિક સત્ર ચાલુ થતાં પ્રથમ દિવસથી જ આ પ્રયોગ કરવામાં આવ્યો જેનો વિષય હતો સંકલ્પ વડે સફળતા. દરેક વિદ્યાર્થીએ એક સુંદર મજાનું નૂતન વર્ષાભિનંદન કાર્ડ બનાવ્યું જેના કારણે બાળકોમાં રહેલ સર્જન શકિત બહાર આવી. આ કાર્ડમાં મારો સંકલ્પ રજૂ કરવામાં આવ્યો. બાળકોનો આ કાર્ડમાં પોતે લીધેલ સંકલ્પ નિભાવે છે અને તે મુજબ કામ કરે છે.

**મૂલ્યાંકન :** પ્રાર્થના સભામાં રિવ્યુ લેવામાં આવે છે. બાળકોને પોતે કરેલા કાર્યના સમયાંતરે ફોટો ગ્રાફસ અને વિડીયો મોકલાવે છે. વાલી સાથે શિક્ષક દ્વારા સંવાદ કરવામાં આવે છે. આ રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે.

**પરિણામ :** આ પ્રયોગમાં ૧૮૦ વિદ્યાર્થી જોડાયેલા જેમાંથી ૧૬૫ વિદ્યાર્થી પોતે લીધેલા સંકલ્પને સારી રીતે નિભાવે છે. જેના કારણે તેમનામાં નૈતિક મૂલ્યો વિકાસ પામ્યા છે. શાળામાં આદર્શ વાતાવરણનું નિર્માણ થયેલ છે. વિદ્યાર્થીઓમાં ખૂબ સારું પરિવર્તન જોવા મળે છે.

**વર્તમાન સ્થિતિ :** મારુ ઈનોવેશન હજુ કાર્યરત છે અને રહેશે.

ઈનોવેટરનું નામ : દવે પરાગ હસમુખરાય હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી ભાણેજડા પ્રાથમિક શાળા ક્લસ્ટર/ક્યુડીસી : શ્રી ચોકડી પે.સેન્ટર શાળા

મો. નંબર : ૯૫૩૭૩૧૦૦૭૭ ઈ-મેઈલ આઈડી : paragdave83@gmail.com



પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )

નવતર પ્રયોગનું શીર્ષક : Easy English At Home - Assignment

નવતર પ્રયોગની કેટેગરી : મૂલ્યાંકન

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : એક વર્ષથી શરૂઆત કરેલ છે.

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગીતા)

**હેતુઓ :** બાળકના આત્મવિશ્વાસમાં વધારો થાય, બાળકની નિર્ણય શકિતમાં વધારો થાય, બાળકમાં અંગ્રેજી ભાષાનો ડર દૂર થાય, બાળક સહેલાઈથી અંગ્રેજી વ્યાકરણ શીખી શકે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગની શરૂઆત પહેલા બાળકો અંગ્રેજીમાં ઓછો રસ ધરાવતા હતા. વિષયવસ્તુ સમજવામાં અઘરું લાગતું આથી મે દરેક બાળકોને સરળતાથી સમજ મળે તે માટે કેટલાક વ્યાકરણના મુદ્દા સમજાવવાનું શરૂ કર્યું. બાળકોને તેમાં ખૂબ મજા પડી અને સાથે સમજ પણ મેળવતા થયા. જેમાં તેનો વ્યવહારીક રીતે ઈંગ્લીશમાં સહેલાઈથી ઉપયોગ કરી શકે. બાળકમાં મૂલ્યાંકન માટે અસરકારકતા વધે. બાળક noun, numbers / singular, pluaral, adjectives, a, an, the - વગેરે મુદ્દા શીખી શકે. બાળક verbs, preposition, can, can not વિશે પણ સમજ કેળવે.

**ઉપયોગિતા :** બાળક જાતે તેમજ ગ્રુપમાં કામ કરી અને અસાઈમેન્ટ કામ ઘરે કરતો થયો. સામાયિક એકમ કસોટીમાં પણ તે તેનો દેખાવ સારી રીતે કરતો થયો.

**મૂલ્યાંકન :** વર્ગમાં પ્રશ્નોતરી દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. વ્યાકરણના એકમને લગતી કસોટી લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**પરિણામ :** બાળકોના રસ અને રૂચિ વિષય પ્રત્યે વધતાં જોવા મળ્યા. અંગ્રેજી વ્યાકરણ જેવો અઘરો લાગતો વિષય બાળકોનો મનપસંદ વિષય બની ગયો. બાળકમાં ૭૦ થી ૮૦% વ્યાકરણમા સારુ કામ જોવા મળ્યું. ધોરણ ૬ થી ૮ માં આવતી વિષય સંલગ્ન અધ્યયન નિષ્પત્તિઓ સિધ્ધ કરવામાં સફળતા મળી.

**વર્તમાન સ્થિતિ :** બાળકોને અંગ્રેજી વ્યાકરણની અસાઈમેન્ટ ભણવાની ખૂબ મજા પડે છે. બાળકો અંગ્રેજી વ્યાકરણના પિરિયડની રાહ જોઈને બેઠા હોય છે. પ્રવૃત્તિ સાથે ભણવાનું હોવાથી બાળકો શાળામાં નિયમિત આવે છે. ખાસ બાળક જાતે તેમજ ગ્રુપમાં કામ કરી અને અસાઈમેન્ટ કામ ઘરે કરતો થયો. આ નવતર પ્રયોગનો વિડિયો બાળકો સાથે બનાવેલ છે.



ઈનોવેટરનું નામ : હાર્દિકભાઇ ડી. પટેલ હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી ચમારજ પે. સે. શાળા ક્લસ્ટર/ક્યુડીસી : લટુડા

મો. નંબર : ૯૮૯૮૧૯૮૨૮૭ ઈ-મેઈલ આઇડી : hdpatel291990@gmail.com

પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )

નવતર પ્રયોગનું શીર્ષક : ડીજીટલ મેથ્સલેબ દ્વારા શિક્ષણ

નવતર પ્રયોગની કેટેગરી : ટેકનોલોજીનો ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત : વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : વર્ષ ૨૦૧૮ - ૧૯ થી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** ગણિત અને વિજ્ઞાનની કેટલીક સંકલ્પનાઓ એવી છે કે જેને માત્ર ચોક અને ટોક દ્વારા સમજાવવી મુશ્કેલ છે. આથી ટેકનોલોજીનો ઉપયોગ કરી આ સંકલ્પનાઓને પ્રાયોગિક પદ્ધતિ વડે શીખવવી જરૂરી છે. આ માટે કેટલાક ડીજીટલ મોડેલ્સ બનાવવામાં આવ્યા છે કે જેનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓ વિષયવસ્તુ વિશે અનુભવજન્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** નીચેના મુદાઓને શીખવવા માટે ડીજીટલ મોડેલ્સ બનાવવામાં આવ્યા છે.

- પરમાણુ રચના
- લેન્સનું સૂત્ર
- ચતુષ્કોણના પ્રકારો
- વિસ્તરણ સુત્રોની સાબિતી
- એનીમેશન વડે સરવાળા
- એનીમેશન વડે બાદબાકી
- વર્તુળનું ક્ષેત્રફળ
- ઓટોમેટીક સ્તંભ આલેખ
- સૂર્યગ્રહણ-ચંદ્રગ્રહણ
- સાદુ અને ચક્રવૃદ્ધિવ્યાજ
- રોમન નંબર્સ
- વર્તુળના અંગોનો પરીચય

આ ડીજીટલ મોડેલ્સ Geogebra એપ્લીકેશનનો ઉપયોગ કરી બનાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેનો સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે તેઓને વેબ પર ઓનલાઇન મુકવામાં આવેલ છે.

વેબ એડ્રેસ : www.mathslab.org

**ઉપયોગિતા :** વિદ્યાર્થીઓ મોબાઇલ અથવા કમ્પ્યુટરનો ઉપયોગ કરીને જાતે શીખી/સમજી શકે છે. શિક્ષકો આ મોડેલ્સનો ઉપયોગ કરીને પ્રાયોગિક પદ્ધતિ વડે શિક્ષણકાર્ય કરી શકે છે.

**મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓને મૌખિક પ્રશ્નો પૂછીને વિષયવસ્તુ વિશેની સમજણ ચકાસવામાં આવી હતી.

**પરિણામ :** વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુ વિશેની સમજણ સ્પષ્ટ થયેલી જોવા મળી છે.

**વર્તમાન સ્થિતિ :** આવા વધુ મોડેલ્સ બનાવી મેથ્સલેબને વધુ સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન ચાલુ છે.

**ઈનોવેટરનું નામ :** મીરાબેન રમણીકગીરી ગોસ્વામી **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી પે. સેન્ટર શાળા નંબર ૭ વઢવાણ **ક્લસ્ટર/ક્યુડીસી :** વઢવાણ શાળા નં. ૩

**મો. નંબર :** ૯૯૨૫૪૯૦૦૨૯ **ઈ-મેઈલ આઈડી :** meerasgoswami@gmail.com



**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** રમતા રમતા નકશો શીખીએ

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના પ્રથમસત્રથી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** બાળકો નકશાને સમજે અને ગુજરાતના જિલ્લાના સ્થાનને ઓળખે. ગોખણપટ્ટી દૂર થાય અને આત્મવિશ્વાસ વધે. બાળકો ગમ્મત સાથે નકશાને સમજેનું કૌશલ્ય કેળવે. હોંશિયાર બાળકોની સાથે સાથે પ્રિય બાળકો પણ નકશા શીખે. સામાજિક વિજ્ઞાન વિષયમાં ખાસ કરીને ભૂગોળમાં રસ રુચિ વધે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** સૌ પ્રથમ કાર્ડશીટ લો અને એ કાર્ડશીટ પર ગુજરાતનો નકશો દોરો. અને તેમાં ૩૩ જિલ્લાઓને નામ અને નંબર સાથે નામાંકિત કરો. હવે ગુજરાતના જિલ્લાઓમાં જુદી જુદી જગ્યાએ સાપ અને સિડીઓ બનાવો અને ૧ થી ૩૩ સુધી નંબર આપો. ૧ થી ૩૩ સુધી પાસા અને કુકરી વડે બાળકો સાથે રમો. જે બાળક ૩૩ નંબર પર એટલે કે ગાંધીનગર જે પહેલા પહોંચે તે વિજેતા થશે.

**ઉપયોગિતા :** ગુજરાતના નકશાને સારી રીતે સમજી શકશે. ગમ્મત સાથે જ્ઞાન મળવશે. બાળકો જિલ્લાઓને સારી રીતે ઓળખી શકશે.

**મૂલ્યાંકન :** આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન મૌખિક અને ક્રિયાત્મક રીતે કરવામાં આવે છે.

**પરિણામ :** આ નવતર પ્રયોગ મોટા ધોરણના બાળકોની સાથે નાના બાળકોને પણ જ્ઞાન સાથે ગમ્મત મળે છે.

**વર્તમાન સ્થિતિ :** ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે અને સહયોગની ભાવના પ્રબળ બની છે જે બાળક લઘુતાગ્રંથીથી પીડાતા હતા તેમના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો છે. બાળકોને સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ રુચિ વધ્યા છે.



**ઈનોવેટરનું નામ :** મોનિકાબેન રમેશકુમાર વર્મા **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી ભાડુકા પ્રાથમિક શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ડોળીયા

**મો. નંબર :** ૭૯૯૦૪૬૩૩૪૩ **ઈ-મેઈલ આઈડી:** verma.monika51@yahoo.co.in

**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** રમતાં રમતાં સરવાળા બાદબાકી શીખીએ

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સાંપ્રત વિષયક, સમાવેશી શિક્ષણ, સહઅભ્યાસિક પ્રવૃત્તિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** નવેમ્બર ૨૦૨૨ થી

## કાર્ય પદ્ધતિનું વર્ણન :

**હેતુઓ :** વિદ્યાર્થીઓ સ્થાનકિંમતની સંપૂર્ણ સમજ મેળવી તેનો ઉપયોગ કરી સરવાળા બાદબાકી કરે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** કોરોના મહામારી દરમિયાન શાળાઓ બંધ રહેતા વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ શરૂ રહ્યું. પરંતુ પ્રાથમિક વિભાગમાં આ કાર્યમાં ધારી સફળતા ન મળી. ખાસ કરીને ગણનમાં. શાળા શરૂ થતાં ધોરણ ૬ માં પ્રવેશ મેળવેલ બાળકોમાં આ કચાશ જોવા મળી. તે કચાશને દૂર કરવા સ્થાનકિંમતની સમજ સાથે બાળકોને સરવાળા બાદબાકી કરાવવા એ ખૂબ જરૂરી બન્યું. પ્રથમ સત્રમાં બોલપેન, ફુટપટ્ટી, પાણીની બોટલ, દફતરનો ઉપયોગ કરી તેની સમજ આપી. પરંતુ આ સાધનોનું કદ ખૂબ મોટું હતું અને તેનાથી ખૂબ અગવડતા પડતી હતી. જેથી સ્ટ્રો, થર્મોકોલની ગોળીઓ, બોક્સ ઉપયોગ કરી આ મોડલ બનાવ્યું. આ પ્રવૃત્તિમાં એકમ, દશક, સો અને હજાર નાં સ્થાનનાં અલગ અલગ બોક્સ ગોઠવવામાં આવે છે. જેને પ્રજ્ઞાનાં ટેબલ પર ગોઠવેલ હોય છે. એ જ રીતે ટેબલથી નીચે બોક્સ ગોઠવવામાં આવેલ છે. કોઈ સંખ્યા દર્શાવવા એકમના સ્થાનમાં સંખ્યા પ્રમાણે થર્મોકોલની ગોળી ભરવામાં આવે છે. તે જ રીતે દશકનાં સ્થાનમાં સંખ્યા પ્રમાણે ૧૦-૧૦ થર્મોકોલની ગોળીઓ પારદર્શક પ્લાસ્ટિક બેગમાં ભરી ટાંકણી વડે સ્ટ્રો પર ફીટ કરવાની હોય છે. જેથી પ્રત્યેક પ્લાસ્ટિક બેગને ૧ દશક ગણવામાં આવે છે. આ પ્રત્યેક સ્ટ્રો પર ૧૦ પ્લાસ્ટિક બેગ ફીટ થઈ જાય એને ૧૦૦ નાં સ્થાનમાં મુકવામાં આવે છે. અને આ રીતે જ સરવાળા બાદબાકી કરવામાં આવે છે. જેથી બાળકો વદી તથા દશકની પણ ગાઢ સમજ મેળવી શકે છે.

**ઉપયોગિતા :** આ મોડલ દ્વારા ધોરણ ૩ થી ૮ નાં વિદ્યાર્થીઓને સ્થાનકિંમત, સરવાળા, બાદબાકીની પ્રક્રિયાની ગહન સમજ આપી શકાય છે.

**મૂલ્યાંકન :** આ પ્રયોગનું મૂલ્યાંકન બાળકોને સંખ્યા આપી તેની બનાવેલ મોડલ પર સ્થાનકિંમત, સરવાળા, બાદબાકીની પ્રક્રિયા કરવા આપવામાં આવે છે અને તેની ગણતરી પાટી પર કરવા દેવામાં આવે છે. આ પ્રક્રિયા યોગ્ય રીતે કરે તો તેની મોડલનો ઉપયોગ કર્યા વગર કસોટી લેવામાં આવે છે.

**પરિણામ :** વર્ગ શરૂ થતાં ધોરણ ૬ નાં કુલ ૩૦ વિદ્યાર્થીઓમાંથી ૨૨ વિદ્યાર્થીઓ એટલે કે ૭૩.૩૩% વિદ્યાર્થીઓ ગણનમાં સ્થાનકિંમત, સરવાળા, બાદબાકીમાં કચાશ ધરાવતા હતા. જેમાંથી આજે ૧૪ બાળકો એટલે કે ૪૬.૬૬% બાળકો ગણનમાં કચાસ ધરાવે છે. એટલે કે પ્રયોગ શરૂ કર્યાના માત્ર ૨૦ દિવસમાં જ ૨૬.૬૬% સુધારો જોવા મળ્યો. તે સાથે સાથે બાળકોને મોટી સંખ્યા વાચવામાં મુશ્કેલી પડતી હતી, તે પણ આ પ્રયોગ વડે સોલ્વ કરી શકાયું.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ પ્રવૃત્તિ ચાલુ છે.



**ઈનોવેટરનું નામ :** દીક્ષિત ઉર્વીબેન જયપ્રકાશભાઇ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી વહાણવટીનગર પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** સુરેન્દ્રનગર

**મો. નંબર :** ૯૫૮૬૦૫૪૩૬૩ **ઈ-મેઈલ આઈડી :** dixit.urvi88@gmail.com

**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** શિક્ષણથી રોજગાર સુધી, Learning by Playing

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સાંપ્રતવિષયો FLN,NEP, મૂલ્યાંકન, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨-૨૩ ના પ્રથમ સત્રથી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ ધોરણ એક થી આઠ ના બધા બાળકો માટે કરવામાં આવેલ છે જેમાં અંગ્રેજી વિષયની સમસ્યા મુજબ નવતર પ્રયોગ કરેલ છે, તેમજ બાળકોને રોજગારલક્ષી શિક્ષણની જરૂર હોય રમકડાં નિર્માણ શીખવવામાં આવે છે.

**હેતુઓ :** રોજગાર એ વિસ્તારની તાતી જરૂરીયાત હોવાથી બાળકનો શિક્ષણ પ્રત્યે રસ વધે, વાલી બાળકને નિયમિત શાળાએ મોકલે, દરેક બાળક નવીન શીખવાનો આનંદમાણે, અંગ્રેજી શિક્ષણ પ્રત્યે રસ રુચિ વધે અને ડર દૂર થાય, રમત દ્વારા સરળતાથી અંગ્રેજી ભાષા શીખે, Spelling રમતા રમતા પાકા કરે, અંગ્રેજીની વિવિધ સંકલ્પનાઓની સમજ સરળતાથી કેળવે, બાળકોની તર્કશકિત અને સર્જનશકિત વિકસે છે. ધો. ૧ થી ૨ માં આ વર્ષથી અંગ્રેજી મૂકતા મૂળાક્ષરોની રમત દ્વારા સમજ કેળવે. રમત-ગમત દ્વારા rhyming words, sight words, our helpers spellings alphabets વગેરેની સમજ કેળવે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** વિવિધ ઈકો ફ્રેન્ડલી અને વેસ્ટ મટીરીયલનો ઉપયોગ કરી પ્રણાલીગત રમકડાંઓ કે જે આજે વિસરાતા જાય છે એનું નિર્માણ કાર્ય બાળકોને શીખવવું અને નિર્માણ કરાવવું જેનો ઉપયોગ કરી બાળકો રોજગાર પણ મેળવી શકે એનું નિર્માણ કાર્ય બાળકોને શીખવવું અને નિર્માણ કરાવવું જેનો ઉપયોગ કરી બાળકો રોજગાર પણ મેળવી શકે. NEP મુજબ આ વર્ષથી ધો. ૧ અને ૨ માં અંગ્રેજી શિક્ષણ મુકાયું જેમાં અંગ્રેજી મૂળાક્ષરની ઓળખ માટે પ્રોજેકર કપ બનાવાયા જેનું પ્રતિબિંબ ભીત ઉપર પડે અને બાળક મૂળાક્ષરની ઓળખ નવીન રીતે મેળવે બાળકને જાદુ જેવું લાગે એમનું ધ્યાન ખેંચાય ધો. ૩ થી ૮ નાં બાળકો માટે એક એવું મોડલ કે જેના દ્વારા બાળક સ્પેલિંગ પાકા કરવા પ્રેરાય જેમાં એક ફિજેટ સ્પિનર વાળી થાળી હશે એની ફરતે અંગ્રેજી મૂળાક્ષર હશે ફીજેટ ફેરવી જયાં ઉભુ રહે ત્યાં જે મૂળાક્ષર હોય તે પરથી વિદ્યાર્થી spelling અથવા શબ્દ બોલે અને એને પોઈન્ટ મળે આપણી પ્રણાલીગત રમત એટલે ludo ની રમતને improvise કરીએમાં બાળક ludo જ રમશે પણ કૂકરી તો જ આગળ ફેરવાશે જો ત્યાં રહેલો એકશન verb તે ઓળખી બોલશે નહિતર તે ત્યા જ રહેશે જેમાં આપડે કોઈપણ પિકચર, પાસ્ટ ફોર્મ rhyming words, spelling વગેરે ઘણુ બધું લઈ શકીએ. સાપસીડીની રમતને પણ આવી જ રીતે improvise કરી રમાડી શકાય. આવી અન્ય રમતો. 1. tic tac toe, 2. roll the dice and speak, 3. roll and read, 4. playing cards, 5. jumble word puzzle, etc.

**ઉપયોગિતા :** વિવિધ ધોરણોમાં અંગ્રેજી વિષયની અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરવામાં, સાંપ્રત વિષયો જેવા કે નું ઉપચારાત્ક કાર્ય કરવામાં, વધુ રુચિકર બનાવવામાં, શબ્દભંડોળ વિકસાવવામાં, વિવિધ સંકલ્પનાઓની સમજ કેળવવામાં વધુ ઉપયોગી બનશે. જરૂરિયાત મુજબ ફેરફાર અને નવું પણ મૂકી શકાય છે. અધ્યયન અને અધ્યાપન કાર્યમાં ઉપયોગી છે.

**મૂલ્યાંકન :** આ નવતર પ્રયોગ જ શિક્ષણ અને મૂલ્યાંકન બંને માટે ઉપયોગી રમતો જ છે જેથી શિક્ષણ સાથે મૂલ્યાંકન થઇ જ જાય છે.

**પરિણામ :** આ નવતર પ્રયોગની અંદર ધો. ૧ અને ૨ નાં કુલ ૪૫ બાળકો પૈકી ૫૫% થી વધુ બાળકોને અંગ્રેજી મૂળાક્ષરોની સમજ કેળવાઇ તથા ધો. ૩ થી ૮ નાં ૬૦% બાળકોની અંગ્રેજીની સંકલ્પનાઓની સમજ સ્પષ્ટ થઇ.

**વર્તમાન સ્થિતિ :** ધોરણ ૧ થી ૮ નાં મોટાભાગના બાળકો રસરુચિ પૂર્વક રમકડાં નિર્માણ અને રમતો રમવામાં સક્રિય ભાગીદારી લે છે. આ નવતર પ્રયોગનો બાળકો સાથે વિડિયો પણ બનાવેલ છે.



**ઈનોવેટરનું નામ :** પંચાલ નીતિનકુમાર ભરતકુમાર **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી સાયલા પે.સે.શાળા-૧ **ક્લસ્ટર/ક્યુડીસી :** સાયલા-૩

**મો. નંબર :** ૯૪૨૭૫૯૯૯૭૮ **ઈ-મેઈલ આઈડી :** nitinpanchal8049@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** School Furniture and Students Ad justment

**નવતર પ્રયોગની કેટેગરી :** અન્ય

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨-૨૩ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલ છે.

**હેતુઓ :** વિદ્યાર્થીઓને તેમની અનુકૂળતા મુજબનું ફર્નિચર પ્રાપ્ત થાય, વિદ્યાર્થીઓનું વર્ગખંડ અનુકૂલન તેમજ એકાગ્રતા વધે, વિદ્યાર્થીઓમાં શિસ્ત વિષયક પ્રશ્નોનો ઘટાડો થાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** શાળા વર્ગખંડએ વિદ્યાર્થીઓ માટેનું બીજું ઘર છે કે જ્યાં વિદ્યાર્થી દિવસના ૫ થી ૭ કલાક જેટલો સમય વિતાવે છે. એમાં પણ મોટા ભાગની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ bench પર બેસી પોતાનો સમય વિતાવે છે. પણ શું આ બેંચ વિદ્યાર્થીઓને બેસવા માટે અનુકૂળ છે ખરી ? આ બાબત વિષે વિચારીએ તો આપણે વર્ગખંડમાં જોઇએ છીએ કે કેટલાક વિદ્યાર્થીઓ ઊભા ઊભા લખતા હોય છે, તો કેટલાક પાટિયું લઇને, તો કેટલાક પાટિયું લઇને, તો કેટલાક ત્રાંસા બેસીને. કોઇના પગ બેંચને અડી રહે છે, તો કોઇને પગને બેંચની બહાર રાખીને બેસવું પડે છે. આ બધી બાબતો દર્શાવે છે કે કેટલાક વિદ્યાર્થીઓ માટે તેમને બેસવાની બેંચ બેસવા માટે અનુકૂળ નથી. જેને આપણે અશિસ્તમાં ગણીએ છીએ. આ માટે મારી શાળાનાં ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની ઉંચાઇ, તેમના પગની લંબાઇ, તેમનું વજન ઉપરાંત તેમના દફતરની લંબાઇ, પહોળાઇ અને જાડાઇની માહિતી એકત્ર કરવામાં આવી તેમજ તેની સરખામણી શાળાની બેંચની લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ સાથે કરતાં માલૂમ પડ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ માટે આ બેંચ તકલીફ દેય છે. જેનો એક જ ઉપાય છે કે આ બેંચને વિદ્યાર્થી પોતાની અનુકૂળતા મુજબ સેટ કરી શકે. જે માટે ad justablebench ની design વિચારવામાં આવી કે જેથી વિદ્યાર્થી પોતાની અનુકૂળતા મુજબ બેંચને ગોઠવી શકે.

**ઉપયોગિતા :** વિદ્યાર્થી પોતાની અનુકૂળતા મુજબ બેંચ સેટ કરી શકતા હોવાથી તેઓ સારી રીતે એકાગ્રતાથી અભ્યાસ કરી શકે છે. વિદ્યાર્થીઓમાં શિસ્ત વિષયક પ્રશ્નોમાં ઘટાડો જોવા મળે છે. વધારે ઉંચાઇ તેમજ ઓછી ઉંચાઇ ધરાવતા વિદ્યાર્થીઓ પણ આરામથી બેસીને અભ્યાસ કરી શકે છે.

**મૂલ્યાંકન :** ક્રિયાત્મક રીતે

**પરિણામ :** વિદ્યાર્થી પોતાની અનુકૂળતા મુજબ બેંચ સેટ કરી શકતા હોવાથી તેઓ સારી રીતે એકાગ્રતાથી અભ્યાસ કરી શકે છે. વિદ્યાર્થીઓમાં શિસ્ત વિષયક પ્રશ્નોમાં ઘટાડો જોવા મળે છે. વધારે ઉંચાઇ તેમજ ઓછી ઉંચાઇ ધરાવતા વિદ્યાર્થીઓમાં શિસ્ત વિષયક પ્રશ્નોમાં ઘટાડો જોવા મળે છે. વધારે ઉંચાઇ તેમજ ઓછી ઉંચાઇ ધરાવતા વિદ્યાર્થીઓ પણ આરામથી બેસીને અભ્યાસ કરી શકે છે.

**વર્તમાન સ્થિતિ :** નવતર પ્રયોગ શરૂ જ છે. આ નવતર પ્રયોગનો બાળકો સાથે વિડિયો પણ બનાવેલ છે.



**ઈનોવેટરનું નામ :** ડૉ. દીપકકુમાર રતિલાલ મહેતા **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી જેપર પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** ચુડા - ૩

**મો. નંબર :** ૯૮૯૮૭૩૧૯૩૬ **ઈ-મેઈલ આઈડી :** dipakmehta1978@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** મલ્ટી મેજીક મેથ્સ મોડલ.

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાલોજી આધારિત, સાંપ્રત વિષયો(FLN), મૂલ્યાંકન, સહઅભ્યાસિકપ્રવૃત્તિઓ.

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત.

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨-૨૩ ના પ્રથમ સત્રથી.

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ ધો. ૩ થી ૮ ના ગણિત વિષયમાં ૩૯ બાળકો માટે કરવામાં આવે છે.

**હેતુઓ :** ધો. ૧ થી ૮ સુધીના ગણિતના વિવિધ દાખલાઓ બાળકો શીખતા થાય, સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર અને સંખ્યાજ્ઞાન વગેરે શીખવામાં સરળ પડે. બાળકોને ગણિતમાં રસ રુચિ વધે છે. ૧ થી ૧૦ અંકની ઘડિયાની રચના કરતા થશે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ મોડેલમાં એક સાથે ચાર બાળકો કાર્ય કરશે. ભાગ-૧ રિમોટ દબાવો અને ગણિત શીખો. બાળક લખેલી સૂચના વાંચી, આપેલ દાખલા ગણશે. પછી જાતે જવાબ ચકાસવા માટે રીમોટ દબાવતા જ એક કાર્ડ અંદરથી ઉપર આવશે અને જવાબ જાણવા મળશે. ભાગ-૨ ચકકર ફેરવો અને ગણિત શીખો. બાળક લખેલી સૂચના વાંચી, આપેલ દાખલા ગણશે. પછી જાતે જવાબ ચકાસવા માટે ચકકર ફેરવતા જ એક કાર્ડ અંદરથી ઉપર આવશે અને જવાબ જાણવા મળશે. ભાગ-૩ દોરી ખેંચો અને ગણિત શીખો બાળક લખેલી સૂચના વાંચી. આપેલ દાખલા સાથે ગણશે. પછી જાતે જવાબ ચકાસવા માટે દોરી ખેચતા જ એક કાર્ડ અંદરથી ઉપર આવશે અને જવાબ જાણવા મળશે. ભાગ-૪ લખોટી નાખો અને ગણિત શીખો. બાળક લખેલી સૂચના વાંચી. આપેલ દાખલા ગણશે. પછી જાતે જવાબ ચકાસવા માટે લખોટી નાખતા જ એક કાર્ડ અંદરથી ઉપર આવશે અને જવાબ જાણવા મળશે.

**ઉપયોગિતા :** વિવિધ ધોરણોમાં ગણિત વિષયની અધ્યયન નિષ્પત્તિ સિધ્ધ કરવામાં, સાંપ્રત વિષયો જેવા કે FLNનું ઉપચારાત્મક કાર્ય કરવામાં, ગણિત વિષયને વધુ રુચિકર બનાવવામાં, સંખ્યાજ્ઞાન વિકસાવામાં, મૌખિક, લેખિત અને ગણનકાર્યમાં વધુ ઉપયોગી બનશે. જરૂરિયાત મુજબ ફેરફાર કરી શકાય છે.

**મૂલ્યાંકન :** મૌખિક અને લેખિત અને ક્રિયાત્મક રીતે

**પરિણામ :** ધોરણ ૩ થી ૮ ના કુલ ૩૯ બાળકો પૈકી ૩૦ બાળકોમાં સારું પરિણામ જોવા મળે છે.

**વર્તમાન સ્થિતિ :** નવતર પ્રયોગ શરૂ જ છે. આ નવતર પ્રયોગનો બાળકો સાથે વિડિયો પણ બનાવેલ છે.



**ઈનોવેટરનું નામ :** મેંઢા ભાવનાબેન અમૃતલાલ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી પ્રાથમિક શાળા નંબર - ૧ રતનપર **કલસ્ટર/ક્યુડીસી :** રતનપર - ૧

**મો. નંબર :** ૯૪૨૮૫૭૧૩૦૦ **ઈ-મેઈલ આઈડી :** bhavanamendh@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** જીઓ મેટ્રિકલ મોડેલ્સ એન્ડ એકિટવીટી.

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાલોજી આધારિત, સાંપ્રત વિષયો(FLN), મૂલ્યાંકન, સહઅભ્યાસિકપ્રવૃત્તિઓ.

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** બે વર્ષ

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** ધોરણ ૬ થી ૮ વિષય ગણિતમાં ભૌમિતિક આકારો વિશે જ્ઞાન પ્રાપ્ત કરે છે. ચોકકસ માપન અને ચોકસાઈના ગુણનો વિકાસ થાય છે. ગણિતમાં રસ રુચિ વધે છે. બાળકોમાં તર્કશકિત અને સર્જનાત્મક શકિતનો વિકાસ થાય છે. જૂથ કાર્ય દ્વારા સહજતાથી રમતા-રમતા જ્ઞાન પ્રાપ્ત કરે છે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગ બે વર્ષથી કરવામાં આવે છે. હાલમાં પણ પ્રયોગ ચાલુ છે. સૌ પ્રથમ જુદા-જુદા રંગ-રંગની ફોર્મ શીટ, કાર્ડ શીટ, સ્ટ્રો, દિવાસળી, વાલ્વ ટ્યુબ, પૂંઠા વગેરે વસ્તુઓથી વિવિધ ભૌમિતિક મોડેલોનું સર્જન કરતા થયા. વિદ્યાર્થીઓ ભૂમિતિના પાયાના ખ્યાલો, પાયાના આકારોની સમજૂતી, માપન, પ્રાયોગિક ભૂમિતી, રેખા અને ખૂણાઓ, ત્રિકોણ અને તેના ગુણધર્મો, ત્રિકોણની એકરૂપતા, પરિમિતિ અને ક્ષેત્રફળ, ઘન આકારોનું પ્રત્યક્ષીકરણ, ચતુષ્કોણ, આલેખ વગેરે મોડેલોનું સર્જન અને એકિટવીટી દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે. પઝલ, રમતો, કવિતાનું જ્ઞાન અને અંગોની કસરત દ્વારા ભૂમિતિમાં વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરે.

**ઉપયોગિતા :** ધોરણ ૬ થી ૮ ભૂમિતિના અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરવામાં, સાંપ્રક વિષયો જેવા કે FLN નો ઉપચારાત્મક કાર્ય કરવામાં ઉપયોગી થાય છે. મોડેલો લાવવા અને લઈ જવામાં સરળ અને ખૂબ ટકાઉ છે. અધ્યયન કાર્યમાં ઉપયોગી છે.

**મૂલ્યાંકન :** ભૂમિતિના વિવિધ એકમોનું જૂથ કાર્ય દ્વારા સહજતાથી શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા. ભૂમિતિમાં વિવિધ પ્રોજેકટ અને કાર્યો કરતા થયા. વિદ્યાર્થીઓ પ્રાર્થના સભામાં, વિજ્ઞાન મેળામાં, કલાસરૂમમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેતા થયા. ધોરણ ૬ થી ૮ માં બધા વિદ્યાર્થીઓ ધ્યાન કેન્દ્રિત કરી રસપૂર્વક શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા.

**પરિણામ :** વિવિધ પ્રકારની પ્રવૃત્તિ અને જૂથ કાર્ય દ્વારા બાળકો ૭૦ થી ૮૦ ટકા સરળતા સાથે રમતા રમતા શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને સમૂહ ભાવનાનો વિકાસ થયો.

**વર્તમાન સ્થિતિ :** હાલમાં પ્રયોગની વર્તમાન સ્થિતિ ખૂબ સારી છે. ધોરણ ૬ થી ૮ માં વિષય ગણિતમાં ભૂમિતિમાં વિશેષ જ્ઞાનનો ઉપયોગ કરતા થયા.



**ઈનોવેટરનું નામ :** હરિઓમગીરી દેવગીરી ગોસ્વામી **હોદ્દો :** આચાર્ય

**શાળાનું નામ :** શ્રી રળોલ કુમાર પે સેન્ટર પ્રા. શાળા **કલસ્ટર/ક્યુડીસી :** રળોલ

**મો. નંબર :** ૯૯૯૮૫૫૪૧૫૬ **ઈ-મેઈલ આઈડી :** hariomgoswami360@gmail.com

**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** વર્તમાનપત્રોનો શૈક્ષણિક ઉપયોગ

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિઓ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૨થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** સૌ પ્રથમ વિદ્યાર્થીઓને વર્તમાનપત્રોથી પરિચિત કરવામાં આવ્યા. દા.ત. તરીકે ગુજરાત, સંદેશ, દિવ્યભાસ્કર વગેરે ત્યારબાદ વર્તમાનપત્રોમાં દિન પ્રતિદિન વિશેષ અંક પ્રસારિત કરવામાં આવે છે. તેનો ખ્યાલ આપવામાં આવ્યો. જેમ કે ગુજરાત સમાચારમાં બુધવારે ‘‘શતદલ’’, શનિવારે ‘‘ઝગમગ’’ તથા રવિવારે ‘‘રવિપૂર્તિ’’. આમ દરેક વર્તમાન પત્રમાં આવતા વિશેષ અંકનો ખ્યાલ આપવામાં આવ્યો અને તેમાંથી કેવી-કેવી માહિતી મેળવી શકાય, કેવા અંક તથા આલ્બમ બનાવી શકાય તેનો ખ્યાલ આપવામાં આવ્યો તથા પ્રાર્થના સભામાં કેવી બાબતો રજુ કરવી તેનો ખ્યાલ આપ્યો. શાળામાં ડિસ્પ્લેબોર્ડ પર કેવી માહિતી પ્રસારિત કરી શકાય તેની સંપૂર્ણ જાણકારી આપી તથા કટીંગ કરી ડિસ્પ્લેબોર્ડ તૈયાર કરવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓના ગ્રુપ બનાવવામાં આવ્યા જેમાં ડિસ્પ્લેબોર્ડ સુશોભનગ્રુપ, પ્રાર્થનાસભાનું ગ્રુપ, પ્રોજેકટવર્કનું ગ્રુપ એમ ગ્રુપ પ્રમાણે વર્તમાનપત્રોનો ઉપયોગ કરી કટીંગ કરી તેને કાગળ પર લગાવી શાળામાં પ્રદર્શિત કરવામાં આવ્યા. આ ઉપરાંત વર્તમાનપત્રોમાંથી નીચે મુજબનું સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું. ૧) બાળવાર્તા અંક ૨) ઉખાણા અંક ૩) મને શોધી કાઢો અંક ૪) જાણવા જેવું અંક ૫) વૈજ્ઞાનિક અંક ૬) મહાનુભવોને મેળો ૭) દિન વિશેષાંક ૮) ફોટો ગેલેરી અંક ૯) ઔષધિ અને તેનો ઉપયોગ ૧૦) ઘરગથ્થુ ઉપચાર અંક ૧૧) શૈક્ષણિક લેખ ૧૨) જોવાલાયક સ્થળ અંક ૧૩) રમતગમત અંક ૧૪) ટેકનો વર્લ્ડ અંક ૧૫) સમાચાર વાંચન ૧૬) ચિત્ર વાર્તા અંક.

**હેતુઓ, અમલીકરણ અને વ્યૂહરચના :** વર્તમાનપત્રોના શૈક્ષણિક ઉપયોગનો ખ્યાલ આપવા માટેનો દિશા-દર્શન. શાળાઓમાં વર્તમાન પત્રોનો ઉપયોગ મોટેભાગે પ્રાર્થનાસભા કે બોર્ડ પર સમાચાર મુકવા પૂરતો થતો જોવા મળે છે. ત્યારે આ વર્તમાનપત્રોમાંથી નજીવા ખર્ચે જુદા જુદા અવનવા આકર્ષણ અને ઉપયોગી એવા ઘણા બધા અંક, આલ્બમ અને પોથી તૈયાર કરી શકાય છે. શૈક્ષણિક કાર્યક્રમના સંદર્ભ સાહિત્ય પણ ઉપલબ્ધ કરાવી શકાય છે વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો કરી શકાય છે તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવી શકાય છે.

**પરિણામ :** વિદ્યાર્થીઓ દૈનિક વર્તમાનપત્રો દ્વારા દરરોજ નીત નવું અદ્યતન જ્ઞાન અને માહિતી મેળવતા થયા અને વર્તમાનપત્રોમાં પ્રગટ થતી માહિતીને નિરંતર સંકલિત કરવાથી બાળકો શિક્ષકો તથા શિક્ષણ જગતને ઉપયોગી એવું અઢળક સંદર્ભ સાહિત્ય તૈયાર થતું રહે છે. આમ વર્તમાનપત્રના ઉપયોગથી વિદ્યાર્થી સમક્ષ માહિતીનો ખજાનો ઉપલબ્ધ બને છે ભવિષ્યમાં વિદ્યાર્થી સ્પર્ધાત્મક પરીક્ષામાં તેનો સારો એવો ઉપયોગ કરી સારી સિદ્ધિ મેળવી શકે છે.

**વર્તમાન સ્થિતિ :** હાલમાં શાળામાં આ નવતર પ્રયોગ ચાલુ છે. તથા ભવિષ્યમાં પણ તે ચાલુ રાખવામાં આવશે.



**ઈનોવેટરનું નામ :** રેથળિયા પ્રવીણભાઈ કાળુભાઈ **હોદ્દો :** HTAT આચાર્ય

**શાળાનું નામ :** શ્રી ભલગામડા પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** ભલગામડા

**મો. નંબર :** ૯૮૨૪૬૧૦૬૯૭ **ઈ-મેઈલ આઈડી :** pkr131080@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ડિજિટલ પર્યાવરણ પ્રયોગશાળા

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ નવતર પ્રયોગ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** બે વર્ષથી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતતા કેળવવી. આપણું જીવન પર્યાવરણને આભારી છે, તેની સમજ મેળવે. બાળકો ખેત પધ્ધતિ, ખેત પાકો, સિંચાઇ પધ્ધતિ, કમ્પોસ્ટ ખાતરથી જાણકાર થાય. બાળકો વિવિધ બીજની જાણકારી મેળવે. બાળકો આત્મ નિર્ભર બને. બાળકો કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન, હેગિંગ ગાર્ડન વિષે જાણે. વેસ્ટ વસ્તુઓના ઉપયોગથી શાળાની સુંદરતામાં વધારો કરવો.

**અમલીકરણ અને વ્યૂહરચના :** પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત શાળાના બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિવ વધે, બાળકો ખેત પધ્ધતિ, ખેતીના પાકો, સિંચાઇ પધ્ધતિ, કમ્પોસ્ટ ખાતર - ઓર્ગેનિક ખેતી વિષે જાણે તે માટે શાળામાં કિચન ગાર્ડન બનાવવામાં આવેલ છે. જેમાં અંડર ગ્રાઉન્ડ ટપક પધ્ધતિ, ફુવારા પધ્ધતિ, ધોરિયા પધ્ધતિનો ઉપયોગ કરી શિયાળુ પાક તથા ચોમાસુ પાકની નમૂના તરીકે વાવણી કરવામાં આવે છે. કમ્પોસ્ટ ખાતર બનાવવા માટે પીટ બનાવેલ છે. સાથે શાકભાજી પણ વાવવામાં આવે છે. માત્ર ને માત્ર દેશી ખાતર અને જીવામૃતનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત ટેરેસ ગાર્ડન, હેગિંગ ગાર્ડનની સંકલ્પના માટે બંને પ્રકારના ગાર્ડન બનાવેલા છે. સાથોસાથ પર્યાવરણની જાળવણીની સમજ માટે વિવિધ પ્રકારની વેસ્ત વસ્તુઓ જેવી કે ઠંડા પીણાની બોટલો, કલરના ખાલી ડબ્બા, સિરામિકના વેસ્ટ કુંડા, વેસ્ત પોખરાઓ, વાહનોના વેસ્ટ ટાયરોના ઉપયોગથી શાળાને સુશોભિત બનાવવામાં આવેલ છે. આ તમામ બાબતોને અલગ અલગ કયુઆરકોડથી ડિજિટલ બનાવેલ છે.

**મૂલ્યાંકન :** પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત તમામ કરેલા પ્રયોગોનું બાળકોને નિદર્શન કરાવીને પૂરતી માહિતી આપી મૂલ્યાંકન કરેલ છે, જેના પરિણામો નીચે મુજબના જોવા મળેલ છે.

**પરિણામ :** બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધેલ જોવા મળી. બાળકોમાં ખેતી વિષયક બાબતોમાં રસ વધતો જોવા મળેલ છે. વિવિધ બીજને ઓળખતા થયાં. બિયારણ બનાવતા શીખ્યા. વિજ્ઞાન તેમજ પર્યાવરણ વિષયની ક્ષમતાઓ સિધ્ધ થયેલ જોવા મળી. વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરી બેસ્ટ બનાવવા પ્રત્યે જાણકારી વધી.

**વર્તમાન સ્થિતિ :** હાલ પ્રયોગ શરૂ છે.

**ઈનોવેટરનું નામ :** બ્રિજેશ આર. પાંચાણી **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી રાણાગઢ પ્રા.શાળા-૧, લીંબડી **ક્લસ્ટર/ક્યુડીસી :** જાંબુ

**મો. નંબર :** ૯૪૨૭૮૯૫૪૭૬ **ઈ-મેઈલ આઈડી :** brijeshpanchani1599@gmail.com



**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** Student Happiness.

**નવતર પ્રયોગની કેટેગરી :** અન્ય.

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** કોરોના સમયગાળા બાદ.

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** કોરોના સમયગાળા બાદ શૈક્ષણિક પ્રક્રિયા સરળ હતી નહી, કેટલાક બાળકો વર્ગખંડમાં હાજર ન હતા તો કેટલાક બાળકો વર્ગખંડમાં હાજર હોવા છતા એકાગ્રતાથી અભ્યાસમાં જોડાઇ સકતા ન હતા, તેની સીધી અસર તેમની શૈક્ષણિક સિધ્ધી પર જોવા મળતી હતી, વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ખુશ ન હતા. Human Happiness Index નો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓને ખુશ રાખવા Student Happiness ની રચના કરી.

**હેતુઓ :** ૧) વિદ્યાર્થીઓ સ્વ-રૂચિ સાથે અભ્યાસમાં જોડાય. ૨) વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે. ૩) વિદ્યાર્થીઓમાં રહેલ ક્ષમતાઓનો વિકાસ થાય. ૪) વર્ગખંડનું વાતાવરણ આનંદદાયી બને. ૫) વિદ્યાર્થીઓ તણાવમુકત રહે. ૬) વિદ્યાર્થીઓનો શારિરીક, માનસિક અને સાંવેગીક વિકાસ થાય છે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** Human Happiness મુજબ Student Happiness માટે પણ ૬ ઘટકોની રચના કરી જેને અઠવાડિયાનાં ૬ દિવસ મુજબ ગોઠવ્યા, દરેક વર્ગનાં વિદ્યાર્થીઓને ૪ ભાગ(લાલ, લીલો, પીળો અને વાદળી)માં વહેચ્યા અને શાળા સમય પત્રકમાં પણ ફેરફાર કર્યા. ૧) શાળાનાં સમયપત્રકને વ્યવસ્થિત ગોઠવવુ. ૨) શિક્ષકોએ બાળકો સાથે રમત ગમત અને અન્ય પ્રવૃતિઓમાં જોડાવવુ. ૩) પ્રાર્થનાસભા ઉત્સાહથી ભરેલ અને આનંદદાયી બનાવવી. ૪) શાળામાં તહેવારની ઉજવણી કરવી. ૫) શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓની સંવેદનાને માન આપવુ. ૬) વર્ગખંડનું વાતાવરણ હળવુ અને આનંદદાયી રાખવુ. ૭) મુલાકાત, પર્યટન અને પ્રવાસનું આયોજન કરવુ.

**પરિણામ :** ૧) વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય સ્વસ્થ હોવાથી તેઓ સૌથી સારુ પ્રદર્શન કરે છે. ૨) શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઘટે છે અને એકબીજા પ્રત્યે માન વધે છે. ૩) વિદ્યાર્થી શૈક્ષણિક સિધ્ધી કુશળતા પૂર્વક સિધ્ધ કરે છે. ૪) શિક્ષક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થી સાથે મિત્રતા કેળવે છે તેમજ એકબીજા પ્રત્યે માન અને સહાનુભૂતિ ધરાવે છે. ૫) વિદ્યાર્થીઓ માનસિક અને સાંવેગીક રીતે ખૂબ જ મજબૂત બને છે. ૬) અનિયમિત વિદ્યાર્થીઓ નિયમિત અને સમયસર શાળામાં હાજર રહે છે.

**વર્તમાન સ્થિતિ :** મારુ ઈનોવેશન હજુ કાર્યરત છે.



**ઈનોવેટરનું નામ :** કણઝરિયા મુકેશભાઇ ઈશ્વરભાઇ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી ધલવાણા પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** નાની કઠેચી

**મો. નંબર :** ૯૯૦૪૧૮૦૬૬૫ **ઈ-મેઈલ આઈડી :** mikanzariya243@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ચાર ભાષામાં નામ

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત અને સાંપ્રત વિષયો FLN, મૂલ્યાંકન

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** માર્ચ ૨૦૨૨થી શરૂઆત કરવામાં આવી.

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગીતા)

**હેતુઓ :** બાળકોની ભાષા શિક્ષણમાં રસ રુચિ વધે. બાળકો એકસાથે ચાર ભાષામાં નામ સરળતાથી યાદ રાખી શકે. ચિત્રના આધારે અનુમાન કરવાથી બાળકની અનુમાન શકિત વધે. બાળક ચિત્ર જોઇ ક્રિયા દ્વારા શિક્ષણ મેળવે. આ મોડલ દ્વારા H-636/EN-615/EN-716/EN-813/SN-624/SN-723/SN-824 નંબરની અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરી શકે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત માર્ચ ૨૦૨૨ થી કરવામાં આવી. ભાષા શિક્ષણકાર્ય દરમિયાન મે જોયું કે બાળકો સંસ્કૃતમાં નામ તથા સ્પેલીંગ યાદ રાખવામાં પણ મુશ્કેલી અનુભવતા હતા. તો તેને દૂર કરવા કોઇ મોડલ બનાવવાનો વિચાર કર્યો અને તેમાં પણ આવો આગ્રહ રાખ્યો કે ચારેય ભાષાનો ઉપયોગ થાય. તે વિચારણાના પરિપાક રૂપે આ મોડલ અસ્તિત્વમાં આવ્યું. આ મોડલનાં ઉપયોગ માટે પ્રથમ બાળકે એક ચિત્ર લઈને મોડલમાં ઉપર ખાનામાં ગોઠવાનું હોય છે. પછી તે ચિત્રનું નામ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીમાં ગોઠવાનું હોય છે. બાળકો આ મોડલ ગોઠવવા માટે બનાવેલ ફાઈલોનો અભ્યાસ કરતા પણ થયા.

**મૂલ્યાંકન :** બાળકોએ મોડલના ઉપયોગ કર્યા બાદ તેમનામાં જે મુશ્કેલી જોવા મળી હતી તે દૂર થતી જણાય અને બાળકો એક સાથે ઘણા અને ચારેય ભાષામાં નામ યાદ રાખી શકયા.

**પરિણામ :** વાર્ષિક પરીક્ષામાં ચિત્રના આધારે સંસ્કૃતમાં નામ લખો પ્રશ્નમાં સારી સફળતા મળી. બાળકોના સ્પેલીંગ ભંડોળમાં વધારો થયો. અનિયમિત બાળકો પણ મોડલના ઉપયોગના આકર્ષણના કારણે નિયમિત થયા અને ચારેય ભાષામાં લાંબા સમય સુધી નામ પણ યાદ રહ્યા.

**વર્તમાન સ્થિતિ :** વર્તમાન સમયમાં પણ આ પ્રયોગ શરૂ છે. બાળકો પોતાની રીતે અને રિશેષમાં તથા કોઇ ફ્રી તાસ મળે તો આ મોડલ લઈને સ્વયં પોતાની રીતે ક્રિયા દ્વારા શિક્ષણ મેળવે છે.



**ઈનોવેટરનું નામ :** હેમલભાઇ એમ તુરખિયા **હોદ્દો :** HTAT

**શાળાનું નામ :** શ્રી રાજપર પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** ધ્રાંગધ્રા

**મો. નંબર :** ૮૮૪૯૭૦૬૫૬૫ **ઈ-મેઈલ આઈડી :** hemalturakhiya1990@gmail.com

**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** વાલી મીટીંગ થકી લોકજાગૃતિ

**નવતર પ્રયોગની કેટેગરી :** લોકભાગીદારી.

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨-૨૩ ના પ્રથમ સત્રથી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ ધો. ૧ થી ૮ ના બાળકો માટે કરવામાં આવેલ છે. જેમાં સમસ્યા મુજબ નવતર પ્રયોગ કરેલ છે.

**હેતુઓ :** શાળાની તમામ બાબતોમાં વાલીનો સાથ સહકાર મળી રહે. તેમજ તેમના બાળકોના શિક્ષણમાં બાળકોના માતાપિતાની સહભાગીદારીમાં વધારો થાય. બાળકો શાળામાં કરતા અભ્યાસિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિથી વાકેફ થાય તેમજ સહભાગી બને. વાલીઓ થકી ગામની લોકજાગૃતિમાં વધારો થાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** શ્રી રાજપર પ્રા. શાળાની અંદર બાળકોના વાલીમાં લોક જાગૃતિ લાવવા નવતર પ્રયોગ કરેલ. શાળાની અંદર ધોરણ એક થી આઠ ધોરણ ચાલે છે. બાળકોની હાજરી, લેશન લાવવાની અનિયમિતતા તેમજ શાળામાં રજાના તેમજ વેકેશનના દિવસોમાં થતાં નુકશાન અટકાવવા તેમજ લોકજાગૃતિ થકી શાળાનો વિકાસ કરવા માટે શાળામાં તમામ ધોરણના વાલીને બોલાવીને વાલી મિટિંગ કરવી એવું નક્કી કરવામાં આવેલ. આ અંતર્ગત જુન માસથી ધો. ૧ થી ૮ ના બાળકના વાલીને શાળાએ મિટિંગમાં બોલાવવામાં આવ્યા. તેમને તેમના બાળકોની શાળા કક્ષાની અભ્યાસિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિ વિશે માહિતગાર કરવામાં આવેલ. આ ઉપરાંત આ મિટિંગમા બાળકોના સારાનરસા પાસાની માહિતીથી પણ તેમના માતાપિતા વાકેફ કર્યા. તેમજ શાળામાં થતી જુદી જુદી પ્રવૃતિથી પણ વાલી મિત્રો પરિચિત બન્યા. આ મિટિંગમાં બાળકોની નિયમિતતા, ગૃહકાર્ય બાબત, રસ રુચી, રમતગમત બાબત, તેમજ તેમના સાથે સાથે મૂલ્યો વિશે વાત મૂકી શાળામાં વાલીઓનો સાથ સહકાર મળી રહે અને શાળાનો સર્વાંગી વિકાસ ઉતરોતર વિકાશે એ માટે આ પ્રયત્ન કરવામાં આવેલ.

**ઉપયોગિતા :** શાળાની તમામ બાબતોમાં વાલીનો સાથ સહકાર મળી રહે. તેમજ તેમના બાળકોના શિક્ષણમાં બાળકોના માતાપિતાની સહભાગીદારી વધારો થાય. બાળકો શાળામાં કરતા અભ્યાસિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિથી વાકેફ થાય તેમજ સહભાગી બને. વાલીઓ થકી ગામની લોકજાગૃતિમાં વધારો થાય.

**મૂલ્યાંકન :** શાળાની અંદર વાલીમીટિંગનું આયોજન કરવાને કારણે શાળાની અંદર બાળકોની નિયમિતતામાં વધારો જોવા મળ્યો, તેમના ગૃહકાર્યમાં પણ નોંધપાત્ર સુધારો નોંધાયો. અને ખાસ મહત્વની બાબત કે શાળાના વેકેશન તેમજ રજાના દિવસોમાં શાળાને ભૌતિક નુકશાન થતું હતું તેમા નોંધપાત્ર ઘટાડો થવા મળેલ. વાલી બાળકોની તમામ પ્રવૃતિ તેમજ શાળાની તમામ પ્રવૃતિથી વાકેફ થયા. વાલીની લોકજાગૃતિ થકી શાળાના વિકાસમાં વધારો થયો.

**પરિણામ :** બાળકોની નિયમિતતામાં વધારો જોવા મળ્યો, તેમના ગૃહકાર્યમાં પણ નોંધપાત્ર સુધારો નોંધાયો. અને ખાસ મહત્વની બાબત કે શાળાના વેકેશન તેમજ રજાના દિવસોમાં શાળાને ભૌતિક નુકશાન થતુ હતુ તેમાં નોંધપાત્ર ઘટાડો થવા મળેલ. વાલી બાળકોની તમામ પ્રવૃતિ તેમજ શાળાની તમામ પ્રવૃતિથી વાકેફ થયા.

**વર્તમાન સ્થિતિ :** હાલ કાર્યરત છે.




**ઈનોવેટરનું નામ :** શ્રી નદીમખાન વાહીદખાન પઠાણ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી મેવાસા(સું) પ્રા.શાળા **કલસ્ટર/ક્યુડીસી :** ભીમોરા

**મો. નંબર :** ૯૭૩૭૪૭૬૭૨૩ **ઈ-મેઈલ આઈડી :** kingofrivers0612@gmail.com


**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** સાધનો જાણી પ્રવૃતિ કરી આનંદ માણો

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેરાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૧૦-૦૬-૨૦૨૨ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** બાળકને વાંચવાની પ્રેરણા થાય, બાળકનો આત્મવિશ્વાસમાં વધારો થાય, બાળકની નિર્ણયશક્તિનો વધારો થાય, બાળકમાં આયોજન શકિતનો વિકાસ થાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગ ૧૦-૦૬-૨૦૨૨ થી વિચાર મુકવામાં આવ્યો હતો જે હાલમાં પણ પ્રયોગ ચાલુ.... સૌ પ્રથમ ધોરણ ૬ અને ૭ ના વિજ્ઞાન વિષયના તમામ પાઠમાં આવતી પ્રવૃતિ કરાવવા માટે વિજ્ઞાનની પેટી અને બહારથી લાવવા કયાં સાધનો અને વસ્તુ જરૂર પડે છે તેની યાદી બનાવી અને એ પ્રવૃતિ કયાં પાનાં પર આવે છે એ નક્કી કરી તમામ પ્રવૃતિની યાદી બનાવી અને બધી જ સામગ્રી એક પાનાં પર મળી જાય તે માટે એક ફોરમેટ બનાવ્યુ.

**ઉપયોગિતા :** અધ્યાપન કાર્યમાં ઉપયોગી છે.

**મૂલ્યાંકન :** ધોરણ ૬ અને ૭ ના બધા વિદ્યાર્થીઓ ધ્યાન કેન્દ્રિત કરી રસપૂર્વક શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા.

**પરિણામ :** વિવિધ પ્રકારની પ્રવૃતિ એન જૂથ કાર્ય દ્વારા કાર્ય દ્વારા બાળકો શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને સમૂહ ભાવનાનો વિકાસ થયો.

**વર્તમાન સ્થિતિ :** હાલમાં પ્રયોગની વર્તમાન સ્થિતિ ખૂબ સારી છે અને ધોરણ ૬ અને ૭ વિજ્ઞાનની પ્રવૃતિમાં વિશેષ જ્ઞાનનો ઉપયોગ કરતા થયા.

**ઈનોવેટરનું નામ :** દેવેન્દ્રપ્રસાદ એચ. ધમલ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી લાખામાંચી-૧ પ્રા.શાળા **કલસ્ટર/કયુડીસી :** દેવળિયા

**મો. નંબર :** ૯૪૨૯૨૭૯૯૮૩ **ઈ-મેઈલ આઈડી :** dhdhamal@gmail.com



**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** ભાષા ગમ્મત

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ત્રણ માસથી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** ભાષા શિક્ષણ રુચિ પૂર્ણ બને, બાળકોની કલ્પના શકિતનો વિકાસ થાય. બાળકોની જીજ્ઞાસાવૃતિનો વિકાસ થાય. બાળકોને વાંચન કરવાની પ્રેરણા મળે. બાળકોની વિચારશકિત ખીલે. રમતો, પ્રવૃત્તિઓ બનાવતો થાય. વ્યાકરણ શીખે, અર્થભેદ જેવું વ્યવહારની વ્યવહારિક વ્યાકરણ શીખે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત ઓકટોબર મહિનાથી કરવામાં આવી. ભાષા ભણાવતા મને લાગ્યું કે બાળકોને ભાષા શિક્ષણમાં કંટાળો જણાય છે અને ભાષાના અભ્યાસ પ્રત્યેની થોડી આળસ પણ જોવા મળી. જેથી મને લાગ્યું કે ભાષા શિક્ષણમાં બાળકની રુચિપૂર્ણ વાતાવરણ ઉભું કરવામાં આવે તો બાળક ભાષા શિક્ષણ રસપૂર્વક ભણતો થાય. અને ભાષાના અભ્યાસ પ્રત્યે એકાગ્રતા કેળવતો થાય. તે માટે મેં કલાસરૂમમાં જયારે ભાષા શિક્ષણ આપવાનું થાય ત્યારે અભ્યાસક્રમની સાથે સાથે આવી નાની નાની ભાષા ગમ્મતો પણ શીખડાવવાનું શરૂ કર્યું. અને આ ભાષા ગમ્મતોમાં વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી અને તેઓ રસપૂર્વક ભાષા શિક્ષણ લેતા થયા. અને વ્યાકરણ અને ભાષા શિક્ષણ પ્રત્યે અભિમુખ થયા.

**મૂલ્યાંકન :** સમગ્ર પ્રવૃતિનું મૂલ્યાંકન કરતા જણાવ્યું કે બાળકો કંટાળો અને આળસની જગ્યાએ રસ રુચિપૂર્ણ વાતાવરણમાં ભાષા શિક્ષણ અને વ્યાકરણ શીખતાં થયા.

**પરિણામ :** મારી શાળામાં ૬ થી ૮ માં ૪૪ વિદ્યાર્થીઓ છે તેમાંથી ૧૦ કે ૧૫ વિદ્યાર્થીઓ જ રસપૂર્વક ભાષા શિક્ષણ લેતા હતા. જેમાં હવે ૨૫ વિદ્યાર્થીઓ રસપૂર્વક ભાષા શિક્ષણ અને વ્યાકરણ શીખતા થયા છે અને હજુ પણ એમાં વધારો થશે.

**વર્તમાન સ્થિતિ :** મારું ભાષા ગમ્મત ઈનોવેશન હજુ ચાલુ જ છે અને રહેશે.



**ઈનોવેટરનું નામ :** રેનુ ગણેશદત જોષી **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** પાણશીણા પ્રાથમિક શાળા નં-૨ **કલસ્ટર/ક્યુડીસી :** દેવપરા

**મો. નંબર :** ૮૮૬૬૨૦૩૨૬૯ **ઈ-મેઈલ આઈડી :** renu.dharti@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** રમતા રમતા ગણિત-વિજ્ઞાનનાં પ્રયોગો

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સહઅભ્યાસિક પ્રવૃત્તિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨-૨૩નાં પ્રથમ સત્રથી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** ધોરણ ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાનના વિવિધ પ્રયોગો જાતે કરે અને સમજે, ગોખણપટ્ટી દૂર થાય અને આત્મવિશ્વાસ વધે, વિદ્યાર્થીઓ ગમ્મત સાથે પ્રયોગો કરે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** વિદ્યાર્થીઓને વર્ગમાં પ્રયોગ કરાવી દેવામાં આવે તો વિદ્યાર્થીમાં સિધ્ધાંતોનો આત્મસાત થતો નથી. તેથી આ માટે જરૂરી છે કે વિદ્યાર્થીઓ જે તે પ્રયોગ જાતે કરે અને વ્યવહારમાં જરૂર જણાય ત્યાં તેનો ઉપયોગ કરી નવીન રમકડા બનાવે તેથી બાળકો જાતે પ્રયોગ કરે તે માટે આ વિચાર અમલમાં મૂક્યો. આ પ્રયોગનું અમલીકરણ વર્ષ ૨૦૨૨-૨૩ નાં પ્રથમ સત્રથી કરવામાં આવ્યું જેમાં બાળકોના ધોરણ પ્રમાણે જૂથ પાડવામાં આવ્યા. જેમાં હોશિયાર, મધ્યમ અને પ્રિય બાળકો સમાવી લેવાય તે પ્રમાણે ગોઠવવામાં આવ્યા. હવે વર્ગમાં ચાલેલ પ્રકરણ અંતર્ગત આવતી પ્રવૃતિના વિદ્યાર્થીઓ જાતે કરે છે અને તેના વિડિયો બનાવીને મને મોકલે છે. તથા જે પ્રયોગો જાતે ન કરી શકતા હોય તેની સમજૂતી મોડલ દ્વારા આપવામાં આવે છે. તથા LM લર્નિંગ મટીરીયલ આખા વર્ગમાં ફરી શકે તેવા હોય છે.

**ઉપયોગિતા :** ૧) વિવિધ ધોરણોમાં ગણિત-વિજ્ઞાનની અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરવામાં આવી છે. ૨) બાળકો રસપૂર્વક વિજ્ઞાન અને ગણિત વિષયનો અભ્યાસ કરે છે.

**મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓ ને વર્ગમાં જે તે પ્રયોગ નો હેતુ આપવામાં આવે છે. તે હેતુને અનુલક્ષીને સાધનો વિદ્યાર્થીઓ પ્રયોગશાળા માંથી લઈ જાતે પ્રયોગ કરે છે અને સમજ આપે છે.

**પરિણામ :** ૬ થી ૮ નાં ૬૦ ટકા બાળકો હેતુઓ આધારિત પ્રયોગો કરતા થયા તથા બાળકો મૌખિક લેખિત રીતે પ્રયોગ કરતા થયા.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ પ્રવૃતિ ચાલુ છે.




**ઈનોવેટરનું નામ :** મિતેશકુમાર પી પરમાર **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી રળોલકુમાર પે સેન્ટર પ્રા.શાળા **કલસ્ટર/ક્યુડીસી :** રળોલ

**મો. નંબર :** ૯૪૨૬૪૬૭૬૦૭ **ઈ-મેઈલ આઈડી :** mit1382@gmail.com


**પ્રાથમિક (✓) માધ્યમિક (   ) ઉ. માધ્યમિક (   ) પ્રશિક્ષિત સંસ્થા (   )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** 'Wh' Tram

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ડિસેમ્બર ૨૦૨૨

**કાર્ય પદ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** ૧) EN 613, EN 714, EN 810 માહિતી મેળવવા Wh( Who, Where, What, When, How many ) પ્રશ્નો પૂછે અને તેવા પ્રશ્નોના જવાબ આપે. ૨) EN 616, EN 718 વસ્તુઓના સ્થાન અને સ્થળનો નિર્દેશ કરે છે. ૩) નવા શબ્દો જાણે અને તેનો ઉપયોગ કરે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** એક ટ્રામ બનાવી તેના દરેક ડબ્બા પર "Wh" પ્રશ્નસૂચક શબ્દોના કાર્ડ ચોંટાડી તેની અંદર જે તે પ્રશ્ન અનુસાર જવાબ મુકવા. બનાવેલ નગરમાંથી પ્રશ્ન પૂછીને તેને અનુરૂપ જવાબ જે તે ટ્રામના ડબ્બામાંથી શોધવા જણાવવું. વિદ્યાર્થીઓને આ પ્રવૃતિથી "Wh" પ્રશ્નસૂચક શબ્દ અને તેના જવાબનો કોન્સેપ્ટ ક્લિયર થાય છે અને તેઓ ઝડપથી પ્રશ્નોના જવાબ શોધી શકે છે. સંવાદના ટૂંકમાં જવાબ આપવામાં સરળતા રહે છે. "Wh" પ્રશ્નસૂચક શબ્દનો ખ્યાલ આવ્યા પછી શિક્ષક તેને અનુરૂપ મૂલ્યાંકન કરે છે.

**ઉપયોગિતા :** "Wh" પ્રશ્નસૂચક શબ્દની ઝડપથી સમજ પડે છે તથા તેનો જવાબ શું મળે તેનો ખ્યાલ ખાવે છે. ખાસ કરીને પ્રિય બાળકો માટે ખૂબ ઉપયોગી નીવડે છે. નવા શબ્દોથી બાળક પરિચિત થાય છે.

**મૂલ્યાંકન :** બાળકો ખૂબ જ રસપૂર્વક આખુ મોડલ નિહાળે છે. તેઓ જવાબ આપવા માટે ઉત્સુક બને છે.

**વર્તમાન સ્થિતિ :** હાલમાં શાળામાં આ નવતર પ્રયોગ ચાલુ છે તથા ભવિષ્યમાં પણ તે ચાલુ રાખવામાં આવશે. તથા તેમાં નવો ઉમેરો પણ કરવામાં આવશે.

**ઈનોવેટરનું નામ :** પટેલ સ્વાતિ જયંતિલાલ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી માનપર પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** વગડિયા

**મો. નંબર :** ૯૬૮૭૭૧૨૯૩૯ **ઈ-મેઈલ આઈડી :** swatipatel69969@gmail.com



**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** વેસ્ટમાંથી બેસ્ટ

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૩ વર્ષ

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** નકામી વસ્તુઓમાંથી શ્રેષ્ઠ ઉપયોગી વસ્તુ બનાવવી. પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટે અને કાગળનો ઉપયોગ થાય એ પર્યાવરણલક્ષી પગલું છે. બાળકોની સર્જનાત્મક શકિતનો વિકાસ થાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગ ૩ વર્ષથી કરવામાં આવે છે બાળકો વર્ગમાં કાગળનો બગાડ કરતા હોવાથી તેમને વેસ્ટ કાગળનો બેસ્ટ ઉપયોગ કરતા શીખવવા માટે તથા બાળકોમાં રહેલી સર્જનાત્મક શકિતનો વિકાસ કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલો તેમજ પ્લાસ્ટિકનો બને તેટલો ઓછો ઉપયોગ કરે અને પર્યાવરણ પ્રત્યે સભાન બને તેવા પ્રયત્નો કરવા માટે પ્રયોગ કરવામાં આવેલ છે. પેપર બાઉલ લીલા શાકભાજી, કોથમીર, મરચાં, લીંબુ જેવા ખાદ્યોને તાજગી ભર્યા રાખવા વાપરી શકાય. પ્લાસ્ટિકના સાધનોની વપરાશ અટકાવી શકાય. ઉંચા તાપમાનની અસરથી ખાદ્ય પદાર્થોને તાજા રાખી શકાય છે. પેપર બાસ્કેટ પ્લાસ્ટિક બેગની ગરજ સારે છે. કાગળની ફૂલદાની વાપરવાનો આશય એવો કે... કાચ અને પ્લાસ્ટિક અવિઘટનીય પદાર્થો છે વળી, કાચની ફૂલદાની ફૂટી જવાથી ઈજા પહોંચવાનો પણ ભય રહે છે જેથી પેપર ફૂલદાનીનો ઉપયોગ વધારે થાય તે હિતાવહ છે.

**ઉપયોગિતા :** કાગળમાંથી બાળકોને વિવિધ ડિઝાઈનના બાસ્કેટ, બાઉલ, ફૂલદાની, ટોપી, બોટલ, કવર, ડાઈનિંગ ટેબલ નેટ બનાવી ઉપયોગ કરવો. બાસ્કેટમાં શાકભાજી તથા ફળોને સાચવવા ડુંગળી, બટાટા, લસણ ફ્રીજની બહાર રાખી લાંબો સમય સુધી સાચવી શકાય છે. કાગળમાં ભેજ શોષાતા શાકભાજી અને ફળો લાંબો સમય બગડતા નથી. પ્લાસ્ટિકની નેટના બદલે ડાઈનિંગ ટેબલ પર કાગળની નેટ વાપરી શકાય છે.

**મૂલ્યાંકન :** વેસ્ટમાંથી બેસ્ટની ઘણી બધી પ્રવૃતિ કરે છે. જેનાથી કલાસૂઝ અને વેસ્ટમાંથી બેસ્ટ નો આશય જળવાય છે. સસ્તો અને પ્રદૂષણ મુકત પ્રયત્ન છે. કાગળ સિવાય ઘણી વેસ્ટ વસ્તુનો ઉપયોગ કરી બેસ્ટ પ્રવૃતિ કરે છે.

**પરિણામ :** વર્ગમાં કાગળનો બગાડ કરતા નથી તેમજ ખરેખર નકામા કાગળ છે તેનો બેસ્ટ પ્રવૃતિમાં ઉપયોગ કરે છે. પર્યાવરણ પ્રત્યે સભાન બન્યા છે.

**વર્તમાન સ્થિતિ :** આ રીતે બાળકો કાગળ સિવાયની પણ વેસ્ટમાંથી બેસ્ટ ની પ્રવૃતિ કરે છે અને બીજાને શીખવે છે.



**ઈનોવેટરનું નામ : બાલસ નીતાબેન પી.** **હોદ્દો : મુખ્ય શિક્ષક**

**શાળાનું નામ : શ્રી રાજપરા પ્રાથમિક શાળા** **કલસ્ટર/ક્યુડીસી : રાજપરા**

**મો. નંબર : ૯૮૯૮૨૨૪૮૭૭** **ઈ-મેઈલ આઈડી :** neetabalas17@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક : મારો જાદુઇ પ્રજ્ઞાવર્ગ**

**નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સાંપ્રત વિષયો, મૂલ્યાંકન, સહઅભ્યાસિક પ્રવૃતિઓ**

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત : વ્યકિતગત**

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : વર્ષ ૨૦૨૨-૨૩ ના પ્રથમ સત્રથી**

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ ધો.૧ અને ૨ ગુજરાતી અને ગણિત બાળકો માટે કરવામાં આવેલ છે. પ્રજ્ઞા વર્ગના બાળકો લેડરને વ્યવસ્થિત અને સરળતાથી સમજી શકે.

**હેતુઓ :** ધો.૧ અને ૨ ના બાળકો લેડરને સરળતાથી સમજી આગળ વધે. સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ચડતો ઉતરતોક્રમ અને સંખ્યાજ્ઞાન વગેરે શીખવામાં સરળ પડે. બાળકોને ગણિતમાં રસ રુચિ વધે છે. હાજરી પોતાની જાતે પુરે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ મારી હાજરી હું જાતે પુરીશ મોડેલમાં સૌ પ્રથમ એક નોટિસ બોર્ડ લેવું. ત્યારબાદ આપણા ધોરણમાં જેટલા બાળકો હોય એટલા યુઝ એન થ્રો ગ્લાસ લેવા. આ ગ્લાસને ટાંકણીની મદદથી નોટિસબોર્ડ સાથે જોડવા. ત્યારબાદ આપણા વર્ગના તમામ બાળકોના નાની સાઇઝના પાસપોર્ટ સાઇઝના ફોટા ગોળ રાઉન્ડમાં કાપી એક સળીમાં પૂઠા પર વિદ્યાર્થીનો ફોટો ચિપકાવવો. આ તૈયાર કરેલા વિદ્યાર્થીના ફોટા બાજુમાં એક ટેબલ પર ગોઠવવા. વિદ્યાર્થી વર્ગખંડની અંદર આવશે ત્યારે ટેબલ પરથી પોતાનો ફોટો જોઇ અને તે સળી ઉઠાવશે અને નોટિસ બુક પર તૈયાર કરેલા ગ્લાસની અંદર પોતાનો ફોટો ઓળખી અને ગ્લાસમાં મૂકશે. આ રીતે હાજર બાળકો પોતાનો ફોટો ગ્લાસમાં મુકશે જયારે ગેરહાજર વિદ્યાર્થીઓના ફોટા ટેબલ ઉપર જ પડી રહેશે. શિક્ષકે હાજરી પૂરવાની જરૂરિયાત રહેશે નહીં શિક્ષક ગેરહાજર બાળકોના ફોટા જોઇ અને બીજા બાળકોને હાજરી પૂરી દેશે. આ ચાલો લેડરને સરળ બનાવીએ મોડેલમાં પ્રજ્ઞા ધો.૧ અને ૨ નું લેડર એક મજબૂત હાર્ડ બોર્ડ સાથે ફિટ કરવું વચ્ચે પાતળું પતરું મૂકવું. હવે ધો.૧ અને ૨ ના વિદ્યાર્થીઓના પાસપોર્ટ સાઇઝના નાના ફોટા લેવા. આ ફોટાને રાઉન્ડ શેપમાં કાપી એક રાઉન્ડ પુઠા ઉપર લગાવવા. આમ ઉપર લગાવેલા બાળકોના ફોટા નાના મેગ્નેટ ઉપર લગાવીશું હવે આ તૈયાર કરેલા ફોટા બાળકો પોતાની રીતે લેડરમાં જ્યાં તે પહોંચ્યા છે ત્યાં પોતાનો ફોટો મુકશે ફોટા પાછળ મેગ્નેટ હોવાને લીધે ફોટો લેડરમાં ચોંટી જશે. વિદ્યાર્થી એકમ પૂરો થશે અને પોતાનો ફોટો આગળના એકમ પર ચિપકાવશે. આ રીતે વિદ્યાર્થીઓ લેડરમાં જોઇ અને પોતે કયાં છે તે સરળતાથી કહી શકશે. આ ચડતો અને ઉતરતોક્રમ શીખીએ મોડેલ બાળકો સરળતાથી ચડતો ઉતરતોક્રમ શીખી શકે એ માટેનું છે એમાં એક હાર્ડ બોર્ડમાં પગથીયાના સ્ટેપમાં અંકો ચડતા અને ઉતરતા ક્રમમાં લખવા હાર્ડ બોર્ડમાં કાણું ઉપર નીચે કરી દોરી બાંધવી. દોરીમાં પતંગિયું અથવા તો બાળકોને ગમતું કોઇપણ ચિત્ર રાખવું. દોરી ઢીલી રાખવી જેથી પાછળથી હાથ દ્વારા અંક ઉપર પતંગિયુ આવતું જશે અને વિદ્યાર્થી બોલતા જશે. આ જૂથ દ્વારા એકમ, દશકની સમજ મોડેલમાં બાળકો દીવાસળીના ૧૦-૧૦માં જુથ બનાવશે અને અમુક દીવાસળી ખુલી રાખશે હવે કાર્ડ સીટમાં એકમ, દશક સંખ્યા મુજબ લખેલ સંખ્યા મુજબ દીવાસળીના જૂથ અને દીવાસળી ગોઠવશે.

**ઉપયોગિતા :** પ્રજ્ઞા ધો.૧ અને ૨ માં ગણિત અને ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરવામાં, સાંપ્રત વિષયો જેવા કે ધો.૧ અને ૨ ઉપચારાત્મક કાર્ય કરવામાં, ગણિત અને ગુજરાતી વિષયને વધુ રુચિકર બનાવવામાં, સંખ્યાજ્ઞાન વિકસાવવામાં, મૌખિક, લેખિત અને ગણનકાર્યમાં વધુ ઉપયોગી બનશે. શિક્ષકો ને હાજરી પુરવાનો સમયનો બચાવ થઇ શકે.

**મૂલ્યાંકન :** મૌખિક અને લેખિત અને ક્રિયાત્મક રીતે

**પરિણામ :** ધો.૧ થી ૨ ના કુલ ૨૫ બાળકો પૈકી ૨૩ બાળકોમાં સારું પરિણામ જોવા મળેલ છે.

**વર્તમાન સ્થિતિ :** નવતર પ્રયોગ શરૂ જ છે. આ નવતર પ્રયોગનો બાળકો સાથે વિડિયો પણ બનાવેલ છે.



**ઈનોવેટરનું નામ :** કાનાણી ચંપકભાઇ સી. **હોદ્દો :** મુખ્ય શિક્ષક

**શાળાનું નામ :** શ્રી પ્રથુગઢ પ્રાથમિક શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ખાંભડા

**મો. નંબર :** ૯૯૭૮૭૯૫૬૭૪ **ઈ-મેઈલ આઈડી :** cckanani8673@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** શાળામાં કરવામાં આવતી સહઅભ્યાસિક પ્રવૃતિઓ

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૧૪ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** ૧) બાળકોમાં સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં રસ વધે. ૨) બાળકોમાં જુદા જુદા મૂલ્યોનું સિંચન થાય. ૩) બાળકોની શાળામાં નિયમિતતા વધે. ૪) બાળકોને શિક્ષણમાં રસ રુચી વધે. ૫) બાળકોને શાળા પોતાની લાગે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત વર્ષ ૨૦૧૪ થી કરવામાં આવી, જેમાં સૌ પ્રથમ શાળામાં કરવામાં આવતી જુદી જુદી સહઅભ્યાસિક પ્રવૃતિની યાદી બનાવી, ત્યારબાદ તેને માસવાર વહેંચી દેવામાં આવી અને તેનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવૃતિ કરવામાં વિદ્યાર્થીઓની ટુકડીઓ બનાવવામાં આવી અને તેનું સંચાલન પણ તેમને જ સોપવામાં આવ્યું. ત્યારબાદ જે માસે જે પ્રવૃતિ કરવામાં આવે તેમાં નિયમિત આવતા બાળકોને સામેલ કરવામાં આવ્યા અને તેના ફોટોગ્રાફ શાળાના વોટસએપ ગ્રુપમાં મૂકવામાં આવે, જેથી સતત અનિયમિત આવતા વિદ્યાર્થીઓ પણ તેનાથી માહિતગાર થયા અને તેઓ પણ શાળામાં પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે નિયમિત આવતા થયા.

**મૂલ્યાંકન :** આ સહઅભ્યાસિક પ્રવૃતિઓના કારણે શાળામાં બાળકોની હાજરી વધી તથા અનિયમિત આવતા બાળકો નિયમિત થયા અને જેથી શિક્ષણમાં પણ ઉતરોતર પ્રગતિ જોવા મળી, ગુણોત્સવમાં પણ શાળાનો ગ્રેડ સતત વધતો રહ્યો. શાળામાં બાળકોની સંખ્યામાં પણ સતત વધારો થતો રહ્યો અને બાળકોના તોફાન સાવ નહીવત થયા.

**પરિણામ :** શાળાની વિદ્યાર્થી સંખ્યામાં સતત વધારો થયો. અન્ય શાળામાં જતા ગામના તમામ બાળકો ગામની શાળામાં આવવા લાગ્યા. બાળકોમાં શિસ્ત, સમૂહ ભાવના, સર્જનાત્મકતા, વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ, ખેલદિલી, વકૃત્વ શકિત, નૈતિકતા, કરૂણાભાવ, દયાભાવ, બીજાને મદદરૂપ થવું જેવા મૂલ્યોનું સિંચન થતું જોવા મળ્યું. ‘‘સ્કૂલ ઓફ એકસલન્સ’’માં પસંદગી પામી અને A ગ્રેડ સાથે તાલુકામાં મોખરાનું સ્થાન મેળવ્યું.

**વર્તમાન સ્થિતિ :** હાલ પણ આ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે જ છે.



**ઈનોવેટરનું નામ :** પટેલ અશ્વિનકુમાર ભગવાનભાઇ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી ભરાડા પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** વસાડવા

**મો. નંબર :** ૯૪૨૭૬૬૫૯૭૨ **ઈ-મેઈલ આઈડી :** abpatel011@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ''પાસો'' મારો પરમેશ્વર

**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત વિષયો : FLN

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** બે વર્ષથી.....

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** કોરોના દરમિયાન બાળકોમાં આવેલ શૈક્ષણિક ઉણપને દૂર કરવા અને ૧-૨ ના કે FLN વર્ગના બાળકોને મૂળાક્ષર પરની પકડ સાથે શિક્ષકનો શિક્ષણભાર ઘટાડવાના હેતુ સહ ''પાસા'' દ્વારા પ્રવૃતિ સાથે લેખન, ગણન, વાંચનમાં પ્રગતિ માટે ખાસ...

**અમલીકરણ અને વ્યૂહરચના :** કોરોના પછી શાળાઓ ખૂલતાં જ ''પાસા'' દ્વારા કાર્ય કરવાનું શરૂ કરેલ ટૂકમાં બે વર્ષથી ચાલુ છે. સમસ્યાના ઉપાયરૂપ મે એક સરળ રસ્તો અપનાવ્યો. જેમાં શિક્ષક અને બાળક બંને એકબીજાના પૂરક બની અને બંનેમાં શાળા અને શિક્ષણ પ્રત્યે રસરુચિ જળવાય તેમજ આનંદમય વાતાવરણ સર્જાય અને કરેલા કામનો આનંદ થાય અને બાળકને પણ મજા આવે તેવી મારી વ્યુરચના કે પ્રવૃતિ કે પછી ઇનોવેશન.

**ઉપયોગિતા :** સૌ પ્રથમ બાળકોનું જૂથમાં વિભાજન કરવાનું જેમાં FLN માં શરૂઆતથી કેટેગરીમાં આવતા હોય તે પ્રમાણે ત્રણ કે પાંચની જોડી બનાવી. આપણે જે મૂળાક્ષર શીખવવાના હોય અથવા તેની જરૂરિયાત શું છે તેના પાસા આપવા બે ''પાસા'' આપવા તેના પર પહેલાથી મૂળાક્ષરો લખેલા હોય છે ''પાસા'' ફેકની પ્રવૃતિ શરું કરવામાં આવે છે, બંને પાસા પર જે મૂળાક્ષર આવે, તેને સૂચના પ્રમાણે ગોઠવી બનતા શબ્દનું વાંચન અને પછી લેખન કરવાનું હોય છે, અને પછી ''પાસા'' નો ક્રમ બદલાવી ફરી બનતા શબ્દનું વાંચન અને લેખન કરવાનું આમ જૂથના બીજા અને ત્રીજા બાળકો ઉપરની ક્રિયાનુ પુનરાવર્તન કરશે. ઉ.દા. ના મ -- મ ના સંપૂર્ણ સમાજ માટે વિડીયો જુઓ નંબર-૧ ઉપર પ્રમાણે હિન્દી અને અંગ્રેજી માટે પણ કરી શકાય છે. ઉપર પ્રમાણે ગણન માટે સરવાળા અને બાદબાકી માટે બે ''પાસા'' ફેકવાના પછી ગોઠવણી કરવાની સૂચના પ્રમાણે ગોઠવીને સરવાળા અને બાદબાકી કરવાના હોય છે. -- સંપૂર્ણ સમાજ માટે વિડીયો જુઓ નંબર-૨ ગુણાકાર અને ભાગાકાર કરવાના હોય છે. -- સંપૂર્ણ સમાજ માટે વિડીયો જુઓ નંબર-૩ ઉપરોક્ત પ્રવૃતિ સિવાય કોયડા બનાવવા માટે કોઇ ખાસ ગેમ જેમ કે જિલ્લા, તાલુકા, મહિનાના નામ -- માટે ઘણી બધી પ્રવૃતિ કરવી શકાય છે.

**મૂલ્યાંકન :** આપેલ ''પાસા'' પ્રવૃતિ પછી મૌખિક શબ્દ લેખન બોર્ડ પર કરવામાં આવે છે. ગણન માટે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર પ્રવૃતિ બોર્ડ પર કરવામાં આવે છે. એક કસોટીની રચના પણ કરવામાં આવે છે.

**પરિણામ :** ''પાસા'' પ્રવૃતિ પછી મૌખિક શબ્દ લેખન બોર્ડ પર કરી શકે છે.(ગુ.હી.સ્પે.) ગણન માટે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર પ્રવૃતિ બોર્ડ કરી શકે છે. ખાસ કે શબ્દ પકડ સારી આવે છે. તેમજ ગણન પ્રક્રિયા સારી રીતે કરી શકે છે.

**વર્તમાન સ્થિતિ :** હાલમાં ઉપરોક્ત ''પાસા'' મારો પરમેશ્વર નવતર પ્રયોગ ચાલુ જ છે. અને ચાલુ જ રાખવામા આવશે.



**ઈનોવેટરનું નામ :** પરમાર પ્રકાશકુમાર મુળજીભાઇ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી જુની રાજાવાડ પ્રાથમિક શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ચોટીલા - ૨

**મો. નંબર :** ૯૭૭૩૪૨૦૮૯૩ **ઈ-મેઈલ આઈડી :** chakichako5748@gmail.com

**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** ભાષા સજ્જતા સાથે ધો.૬-૮ મા ૩૦૦૦-૫૦૦૦ શબ્દો શીખશે

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત અને સાંપ્રત વિષયો FLN, મુલ્યાંકન

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** ૬-૮ સામુહિક કરેલ છે

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૧ વર્ષ

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** ભાષા સજ્જતા સાથે ધો.૬-૮ મા ૩૦૦૦-૫૦૦૦ શબ્દો શીખશે, બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય, ગુજરાતી વિષયની G7.1, G7.2 અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરે, બાળકોની ભાષા શિક્ષણમાં રસ રુચિ વધે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગ ૧ વર્ષથી કરવામાં આવેલ છે બાળકો વર્ગમાં COVID-19 ના સમયમાં મારા ધ્યાને આવ્યુ કે વિદ્યાર્થીઓ વાંચન અને કથનમાં ઓછો રસ ધરાવે છે. વાર્તાનું શ્રવણ કરવું ગમે છે. પ્રાર્થના સભામાં રજુ કરવા માટેનો આત્મવિશ્વાસ ઓછો જણાયો બાળકોમાં રહેલી સર્જનાત્મક શક્તિનો વિકાસ કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલો અને ભાષા સજ્જતા સાથે ધો.૬-૮ માં ૩૦૦૦-૫૦૦૦ શબ્દો પ્રત્યે સભાન બને તેવા પ્રયત્નો કરવા માટે પ્રયોગ કરવામાં આવેલ છે. ભાષા શિક્ષણ કાર્ય દરમિયાન બાળકોમાં મુશ્કેલી અનુભવતા હતા. તો તેને દૂર કરવા કેટલાક મોડલ બનાવવાનો વિચાર કર્યો અને તેમાં પણ એવો આગ્રહ રાખ્યો કે ભાષા સજ્જતા સાથે ઉપયોગ થાય. તે વિચારણાના પરિપાકરૂપે વિવિધ મોડલ બનાવવામાં આવે. આ મોડલમાં ઉપયોગ માટે પ્રથમ બાળકે ઉતર ખાનામાં ગોઠવાનું હોય છે.

**મૂલ્યાંકન :** બાળકોએ મોડલના ઉપયોગ કર્યા બાદ તેમનામાં જે મુશ્કેલી જોવા મળી હતી તે દૂર થતી જણાય અને બાળકો એક સાથે ભાષાના ૩૦૦૦ થી વધુ શબ્દો શીખ્યા.

**પરિણામ :** વાર્ષિક પરીક્ષામાં પ્રશ્નમાં સારી સફળતા મળી. બાળકોના ભાષા ભંડોળમાં વધારો થયો. અનિયમિત બાળકો પણ મોડલના ઉપયોગના આકર્ષણના કારણે નિયમિત થયા અને ભાષા સજ્જતા સાથે વ્યાકરણમાં વધુ યાદ રાખતા થયા.

**વર્તમાન સ્થિતિ :** વર્તમાન સમયમાં પણ આ પ્રયોગ શરૂ છે. બાળકો પોતાની રીતે અને રિશેષમા તથા કોઈ ફ્રી તાસ મળે તો આ મોડલ લઈને સ્વયં પોતાની રીતે ક્રિયા દ્વારા શિક્ષણ મેળવે છે.



**ઈનોવેટરનું નામ :** પ્રવીણભાઈ પ્રભુભાઈ જમોડ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** ખાખરાળા પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** મુળી

**મો. નંબર :** ૯૭૨૪૦૧૮૯૯૭ **ઈ-મેઈલ આઈડી :** pravinjamod87@gmail.com

**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** રેપર્સ/બેનર દ્વારા વાંચન-લેખનનો વિકાસ

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ, વિષયવસ્તુ પેડાગોજી આધારિત શિક્ષણ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ઓગસ્ટ ૨૦૨૨ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત, અંગ્રેજીના લોન વર્ડસ શીખે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** કોરોના મહામારીના લીધે પ્રત્યક્ષ શિક્ષણથી દુર હોવાને લીધે ધો. ૧ થી ૩ ના બાળકોમાં વાંચન, લેખનમાં સમસ્યા જોવા મળતી હતી. તેથી બાળકોને વાંચન અને લેખનમાં રસ રુચિ વધે એ માટે આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો. બાળકોનું અવલોકન શકિતને ધ્યાને રાખતા તેઓ કોઈ જાહેરાતના બેનર કે રોજ જોતા હોય એવા જીવન જરૂરી વસ્તુઓ - પ્રોડકટના ખાલી પેકેટ સાથે એ પરિચિત હોઈ છે. ભલે અક્ષરથી તે પરિચિત નથી પણ તે રોજ ચિર-પરિચિત વસ્તુઓના ખાલી પેકેટ-બોક્સ કે ને વાંચન કરી શકતા જોવા મળ્યા. જાણીતાં શબ્દો પરથી અજાણ્યાં શબ્દોનું વાંચન પણ સરળતાથી કરતા જોવા મળ્યા. રોજિંદા પરિચિત શબ્દો હોવાથી તેને પહેલા અનુલેખન અને પછી તે શબ્દોનું શ્રુત લેખન પણ કરવા લાગ્યા. ખાસ કરી ખાલી પેકેટ પર અંગ્રેજી શબ્દોથી પરિચય મેળવવા લાગ્યા અને ધો. ૧ થી ૩ ના લોન વર્ડસ ના જ્ઞાનમાં વધારો જોવા મળે છે. નોન વર્ડસ પણ શીખવા લાગે છે.

**મૂલ્યાંકન :** બાળકોને પેકેટ પર લખેલા શબ્દોને અલગથી કાર્ડ પર અને નોટ પર લખી વાંચવામાં આવે છે. બાળકોને શબ્દોનું શ્રુત-લેખન કરી મૂલ્યાંકન કરવામાં આવે છે.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ નવતર પ્રયોગ ચાલુ છે અને આગળ પણ ચાલતો રહેશે. બાળકોને અલગ અલગ સ્વરૂપે નવીન શબ્દો પીરસવામાં આવે છે.

**ઈનોવેટરનું નામ :** હેતલબેન નરેન્દ્રભાઈ પટેલ **હોદ્દો :** મદદનીશ શિક્ષક



**શાળાનું નામ :** સીતાગઢ પ્રાથમિક શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** સાપર

**મો. નંબર :** ૯૪૦૯૨૮૪૮૨૭ **ઈ-મેઈલ આઈડી :** hetalpatel2475@gmail.com


**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** MY LIFE MY MESSAGE

**નવતર પ્રયોગની કેટેગરી :** મૂલ્ય શિક્ષણ, સહઅભ્યાસિક પ્રવૃતિઓ, વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** બે માસથી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** ૧) વિદ્યાર્થીના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય. ૨) વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં વધારો થાય. ૩) વિદ્યાર્થીઓ ગાંધીજીના જીવનના પ્રસંગો સાંભળે અને મૂલ્ય શિક્ષણ મેળવે. ૪) વિદ્યાર્થીઓ ગાંધીજીના બાળપણથી માહિતગાર થાય. ૫) વિદ્યાર્થીઓ ગાંધીબાપુએ કરેલા સત્યાગ્રહો વિશેની સમજ મેળવે છે. વિદ્યાર્થી સામાજિક વિજ્ઞાન વિષયની SS8.20 અને ગુજરાતી વિષયની G7.1, G7.2 અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગ ઓક્ટોબર મહિનાથી શરૂ કરવામાં આવ્યો. શરૂઆતમાં પ્રશ્નોતરી દ્વારા તેમના સામાન્ય જ્ઞાનની ચકાસણી કરી. વર્ગખંડમાં તાસની શરૂઆતમાં ગાંધીબાપુના ગીતોનું ગાન કરાવવામાં આવે છે. દસ મિનિટ ગાંધીજીના પુસ્તકનું આદર્શ વાંચન કરવાનું શરૂ કર્યું. જે તે પ્રસંગના વાંચન બાદ સામાન્ય પ્રશ્નોતરી કરી. પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરક પ્રસંગની રજૂઆત કરવાની શરૂઆત કરી અને પ્રોજેક્ટ પેપરમાં પ્રેરક પ્રસંગની નોંધ કરાવી. સ્વચ્છતાને લગતા ચિત્રો દોરવવાની શરૂઆત કરી.

**મૂલ્યાંકન :** ગાંધી પુસ્તકનું આદર્શ વાંચન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ રજૂ કરેલા પ્રસંગો ધો. ૬ થી ૮ ના whatsapp ગ્રુપમાં મૂકવામાં આવે છે. રમત દ્વારા વિવિધ પ્રશ્નોના જવાબનું પુનરાવર્તન કરાવવામાં આવે છે. ગાંધીજીના જીવન ચરિત્ર અને પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવે છે. ગાંધીજીના પુસ્તક ઘરે વાંચવા માટે આપવામાં આવે છે.

**પરિણામ :** ધો. ૬ થી ૮ ના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૩ છે. જેમાંથી ૨૬ જેટલા વિદ્યાર્થીઓએ નવતરમાં સફળતા પ્રાપ્ત કરેલ છે. દરેક વિદ્યાર્થી પોતાને સોપાયેલું કાર્ય યોગ્ય રીતે કરતા થયા. તેમના આત્મવિશ્વાસમાં વધારો થતો જોવા મળ્યો. કસોટીમાં સારો દેખાવ કરતાં થયા.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ નવતર પ્રયોગ ચાલુ છે અને આગળ ચાલતો રહેશે.

**ઈનોવેટરનું નામ :** બલભદ્ર વંદનાબેન કિશોરભાઈ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી વાડલા પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** ઝાંપોદડ

**મો. નંબર :** ૭૩૮૩૦૯૧૫૮૬ **ઈ-મેઈલ આઈડી :** vkkanaiya@gmail.com



**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** ચાલ બિરબલ બુદ્ધિ ચલાવ.

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત, વિષયમાં મૂલ્યાંકન, FLN

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૧૭-૧૮ થી શરૂ કર્યું છે.

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** રમતા રમતા શિક્ષણ મેળવીએ.

**હેતુઓ :** ૧) ધોરણ ૬ થી ૮ ના બાળકો સામાજિક વિજ્ઞાન રસપ્રદ રીતે શીખતા થાય. તર્કશક્તિ, સર્જનાત્મકતા વિકસે, અધ્યાપન કાર્યને સમજે. ૨) ગોખણપટી દૂર થશે, આત્મવિશ્વાસ કેળવે, ગમ્મત સાથે જ્ઞાન, સમયરેખા, ઘટનાઓ, મુદાસર માહિતી વગેરે શીખવામાં સરળતા રહે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** ધોરણ ૬ થી ૮ના બાળકોને માહિતી દર્શક અભ્યાસક્રમ યાદ રાખવામાં અઘરો લાગતો હતો. વાર્તાની જેમ સમજે પણ ચોકકસાઈ પૂર્વક ઈતિહાસની ઘટનાઓ તેમને યાદ રહેતી ન હોતી. બાળકોને સૌથી પહેલા સામાજિક વિજ્ઞાનમાં જ્વાળામુખીનું પ્રસ્ફોટન થાય તે પ્રયોગ કરી સમજાવવા પ્રયત્ન કર્યો. તેમાં બાળકોને ખૂબ જ મજા પડી ગઈ. ત્યારબાદ આવા કંઈ કેટલાય ચાર્ટસ, મોડેલ વગેરે બનાવવાની શરૂઆત થઈ. બાળકોને સામાજિક વિજ્ઞાન વિષય પસંદ આવવા લાગ્યો.

**ઉપયોગિતા :** કોયડા ઉકેલ, ક્વિઝ, બ્લોકસ ગેમ્સ, વગેરે બનાવી. તે રમવાથી બાળકોને સરળતાથી યાદ રહે છે. તેના આધારે બાળકો નાવિન્યપૂર્ણ વિચારોથી ટોપિક સમજીને યાદ રાખતા થયા.

**મૂલ્યાંકન :** બાળકોને વિવિધ અદ્યતન ઉપયોગી સામગ્રીથી ચાર્ટસ, મોડેલ વગેરેથી સમજાવ્યા બાદ તેમના મૂલ્યાંકન માટે પઝલ ગેમ્સ બનાવવામાં આવી જેનાથી બાળકનું મૂલ્યાંકન કરી શકાય.

**પરિણામ :** આ નવતર પ્રયોગથી ૮૦ ટકા બાળકોમાં સારું પરિણામ જોવા મળ્યુ.

**વર્તમાન સ્થિતિ :** આ નાવિન્યપૂર્ણ પ્રયોગ હજુ પણ શાળામાં ચાલે છે. ઉત્સાહભેર બાળકો અભ્યાસ કરે છે. રિસેસ સમય દરમિયાન પણ પુસ્તકો વાંચવા બેસે છે. પાઠનો મહાવરો વારંવાર કરે છે જેથી તેઓ પણ પઝલ ગેમ રમી જીત મેળવી શકે.

**ઈનોવેટરનું નામ :** પ્રિયાબેન જીવણભાઇ મકવાણા **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી સરોડી પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** દેવળીયા

**મો. નંબર :** ૯૩૨૭૮૪૮૩૦૭ **ઈ-મેઈલ આઈડી :** priyamakvana001@gmail.com



**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** સરળતાથી શીખીએ સામાજિક વિજ્ઞાન

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૩ વર્ષ

**કાર્ય પદ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** બાળકો વિષયવસ્તુ સરળતાથી સમજી શકે. વર્ગખંડનું વાતાવરણ આનંદમયી બનાવવું. બાળક ગમ્મત સાથે જ્ઞાન મેળવે. બાળક રમતા-રમતા વિષયવસ્તુની સાથે સામાન્ય જ્ઞાન મેળવે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગ ની શરૂઆત પહેલા બાળકો સામાજિક વિજ્ઞાનમાં ઓછો રસ ધરાવતા હતા. વિષયવસ્તુ સમજવામાં અઘરું લાગતું હતું. આથી મેં દરેક બાળકોને સરળતાથી સમજ મળે તે માટે કેટલાંક ટી.એલ.એમ. બનાવવાનું શરૂ કર્યું. જેમાં રાજ્યયાદી, સંઘયાદી, સંયુકતયાદીનું ટી.એલ.એમ., ગુજરાત અને ભારતના નકશા, ઈતિહાસ જણાવવાનાં સ્ત્રોતો, આદિમાનવના હથિયારો, સૌર મંડળ, દિશાઓનું મોડલ, માટીમાંથી પાળિયા બનાવવા, લોકસભા અને રાજ્યસભા મોડેલ, વાતાવરણના સ્તરોની રચના દર્શાવતા ટી.એલ.એમ. બનાવ્યા. નક્ષત્રોનું જુમ્મર, વડાપ્રધાન, સોળ મહાજન પદોનું તોરણ બનાવ્યું છે. માચીસની ખાલી ડબ્બીઓમાંથી મૌર્યયુગીન વહીવટી ખાતાઓ અને વડા બનાવ્યા છે. ગુજરાત દર્શન ચક્ર બનાવ્યું છે. કેન્ડી પર ગુપ્તયુગીન વહીવટીતંત્ર બનાવ્યું છે. ગુજરાતનાં મેળાઓનું તોરણ બનાવ્યું છે. મુઘલ શાસકોની ટ્રેન બનાવી છે. ભારતનો સાહિત્યિક વારસો, પૃથ્વીના સ્તરો, ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના રાજ્યો, ભારતની મુખ્ય જનજાતિના ક્ષેત્રો, પઝલ બનાવી છે.

**ઉપયોગિતા :** વિષયવસ્તુ સમજાવતી વખતે જુદા-જુદા ટી.એલ.એમ. નો ઉપયોગ કરતાં બાળકો તે સરળતાથી સમજી શકે છે. વાંચ્યા કરતાં જોયેલું વધુ યાદ રહે છે. એ ઉકિત સાર્થક લાગે છે. બાળકો પોતાની જાતે વિવિધ ટી.એલ.એમ. નો અભ્યાસ કરે છે અને નવું શીખતા રહે છે.

**મૂલ્યાંકન :** વર્ગમાં પ્રશ્નોત્તરી દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. દરેક એકમને લગતી કસોટી લઇ મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**પરિણામ :** બાળકોમાં રસ અને રૂચિ વિષય પ્રત્યે વધતાં જોવા મળ્યા. સામાજિક વિજ્ઞાન જેવો અઘરો લાગતો વિષય બાળકોનો મન પસંદ બની ગયો. નકશામાં જિલ્લાઓ અને રાજ્યો જાતે ઓળખતા થયા. ધોરણ ૬ થી ૮માં આવતી વિષય સંલગ્ન અધ્યયન નિષ્પત્તિઓ સિધ્ધ કરવામાં સફળતા મળી.

**વર્તમાન સ્થિતિ :** બાળકોને ટી.એલ.એમ. દ્વારા ભણવાની ખૂબ મજા પડે છે. બાળકો સામાજિક વિજ્ઞાનના પિરિયડની રાહ જોઈને બેઠા હોય છે. પ્રવૃત્તિ સાથે ભણવાનું હોવાથી બાળકો શાળામાં નિયમિત આવે છે. ખાસ કન્યાઓની ગેરહાજરીનું પ્રમાણ ઘટ્યું છે.



**ઈનોવેટરનું નામ :** રમેશચંદ્ર સી. મુલિયા **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી પ્રા. શાળા નં. ૮ જોરાવરનગર **કલસ્ટર/ક્યુડીસી :** જોરાવરનગર

**મો. નંબર :** ૭૯૯૦૭૭૮૪૯૯ **ઈ-મેઈલ આઈડી :** rcmuliya1978@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ચિત્ર પરથી વાંચન

**નવતર પ્રયોગની કેટેગરી :** સહાભ્યાસિક પ્રવૃતિઓ, વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ - ૨૦૨૨ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** બાળકો રસ પૂર્વક સરળતાથી ચિત્ર દ્વારા મૂળાક્ષર ઓળખીને વાંચન કરે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** ધોરણ ૧ માં પ્રારંભિક શિક્ષણમાં બાળકોને વર્ગમાં મૂળક્ષરો શીખવવામાં ખુબ જ મુશ્કેલી પડતી હતી. તેથી મને લાગ્યુ કે બાળકોને ચિત્ર ખુબ જ ગમતા હોય છે એટલે મે નગારાનું ચિત્ર દોર્યુ અને એ જ ચિત્રમાં ''ન'' અક્ષર આવી ગયો. આજ રીતે મોરનું ચિત્ર દોર્યુ. બાળકો તરત જ ''મ'' મુળાક્ષર સમજી ગયા. ઉપરોક્ત પ્રક્રિયાનું વારંવાર પુનરાવર્તન કર્યુ. આમ બાળકો સમક્ષ દરેક મૂળાક્ષરના ચિત્રો વારફરતી બતાવવામાં આવ્યા. બાળકો તરત જ જે તે ચિત્રોને ઓળખી ગયા, પછી તેમા રહેલા મૂળાક્ષરો બતાવ્યા પૂનરાવર્તિત પ્રક્રિયાને અંતે બાળકો ચિત્રો સાથે મૂળાક્ષરો ઓળખતા થયા. દરેક કાર્ડમાં મૂળાક્ષર નીચે સાદા શબ્દો લખવામાં આવ્યા અને ચિત્રો - મૂળાક્ષરો સાથે બાળકોને શબ્દોનું વાંચન કરાવ્યુ. વારંવાર ચિત્રોને મૂળાક્ષરો સાથે શબ્દોનું વાંચન કરાવતાં પુનરાવર્તિત પ્રક્રિયાનાં અંતે બાળકો સરળતાથી વાંચન કરતા થયા. ચિત્રો, મૂળાક્ષરો અને શબ્દકાર્ડ સાથેની PDF બનાવી બાળકોને દરરોજ કમ્પ્યુટર સ્ક્રીન પર બતાવવામાં આવતા આમ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમના ઉપયોગ દ્વારા બાળકો સરળતાથી વાંચન કરે છે અને બાળકો ચિત્રો અને મૂળાક્ષરો જોતા જોતા ચિત્રો મુળાક્ષરો ઓળખી શબ્દોનું વાંચન કરે છે.

**મૂલ્યાંકન :** સમગ્ર પ્રયોગનું મૂલ્યાંકન કરતાં બાળકો આનંદથી રસપૂર્વક સરળતાથી વાંચન કરે છે. બાળકોમાં જિજ્ઞાસા અને કૂતુહલવૃતી જોવા મળે છે. તેમજ બાળકો ઓછી મહેનતે સરળતાથી વાંચન કરે છે.

**પરિણામ :** ધોરણ ૧ ના ૨૭ બાળકોમાં આ ઈનોવેશનનો અમલ કરવામાં આવ્યો અને ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં ૨૦ જેટલા બાળકો એટલે કે ૭૫ ટકા બાળકો મૂળાક્ષર ઓળખે છે અને વાંચે છે.

**વર્તમાન સ્થિતિ :** વર્ગમાં આ પ્રયોગ સતત ચાલુ છે.



**ઈનોવેટરનું નામ :** ઈશ્વરભાઈ વાલજીભાઈ પરાલિયા **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી જોબાળા કન્યા શાળા **કલસ્ટર/ક્યુડીસી :** ભૃગુપુર

**મો. નંબર :** ૯૮૯૮૪૯૬૪૫૦ **ઈ-મેઈલ આઈડી :** ivp31269@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** Spelling Calendar.

**નવતર પ્રયોગની કેટેગરી :**

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૧૮

**કાર્ય પધ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** ૧) અંગ્રેજી સ્પેલિંગોનું શબ્દભંડોળ વધે. ૨) બાળકોને અંગ્રેજી વિષય પ્રત્યે રસ કેળવાય. ૩) સ્પેલિંગો સહેલાઈથી યાદ રાખી શકે. ૪) અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર દૂર થાય. ૫) અંગ્રેજી વાકયો બનાવતા શીખે. ૬) અંગ્રેજીનું મહત્વ સમજાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** અમારી શાળામાં અંગ્રેજી વિષયમાં સમસ્યા એ હતી કે બાળકોને અંગ્રેજી સ્પેલિંગો યાદ રાખવામાં તકલીફ પડતી હતી. અને વિદ્યાર્થીઓ અંગ્રેજી વાકયો બનાવી શકતા નહિ. એટલે મેં બાળકો રોજ ૫-૧૦ સ્પેલિંગો સરળતાથી યાદ રાખી શકે તે માટે માસવાર, ધોરણવાર અને એકમ વાઈઝ સ્પેલિંગોનું કેલેન્ડર બનાવેલ છે. જેથી બાળકો રોજ વર્ગખંડમાં તારીખ પ્રમાણે, પોતાના સમયની અનુકૂળતાએ સ્પેલિંગો સહેલાઈથી યાદ રાખી શકે છે. બાળકો રોજના ૫ સ્પેલિંગો પ્રમાણે ૩૦ દિવસના ૧૫૦ પ્રમાણે વર્ષના ૧૫૦૦ સ્પેલિંગો સહેલાઈથી યાદ રાખી શકે છે. અંગ્રેજીમાં નાના નાના વાકયો પણ બનાવી શકે છે. અંગ્રેજી વિષયમાં રસ અને આત્મવિશ્વાસ વધ્યા છે.

**મૂલ્યાંકન :** બે બાળકોની જોડી બનાવીને રોજ એકબીજાના સ્પેલિંગોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**પરિણામ :** આ પ્રયોગના લીધે શાળામાં મોટાભાગના બાળકોને ઘણા બધા સ્પેલિંગો કંઠસ્થ થવા લાગ્યા છે. અને બાળકો નાના નાના અંગ્રેજી વાકયો બનાવતા થયા છે. અંગ્રેજી પ્રશ્નોના જવાબ આપતા થયા છે.

**વર્તમાન સ્થિતિ :** હાલમાં ધોરણ ૬-૭-૮ માં આ કેલેન્ડરનો અમલ ચાલુ છે. ભવિષ્યમાં સમગ્ર ગુજરાત રાજ્યની દરેક પ્રાથમિક શાળામાં આ કેલેન્ડર દ્વારા બાળકો અંગ્રેજી બોલતા, વાંચતા, લખતા અને સમજતા થાય તથા અંગ્રેજી ભાષાનું મહત્વ સમજાય તે જરૂરી છે.



**ઈનોવેટરનું નામ :** ધોળકિયા હરેશકુમાર લાલજીભાઈ **હોદ્દો :** આચાર્ય

**શાળાનું નામ :** શ્રી ઘાઘરેટિયા પ્રાથમિક શાળા **કલસ્ટર/ક્યુડીસી :** લીંબડી

**મો. નંબર :** ૯૭૨૩૦૫૪૩૦૦ **ઈ-મેઈલ આઈડી :** hhdholakiya25@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સામાજિક વિજ્ઞાનનો જ્ઞાનસાગર

**નવતર પ્રયોગની કેટેગરી :** ટેકનોલોજી આધારિત શિક્ષણ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ગત વર્ષ ૨૦૨૧ દરમિયાન

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** આ નવતર પ્રયોગ ધો. ૬ થી ૮ ના ૩૯ બાળકો માટે કરવામાં આવેલ છે. જેમાં સામાજિક વિજ્ઞાન વિષયની સમસ્યા મુજબ નવતર પ્રયોગ કરેલ છે.

**હેતુઓ :** ૧) મોબાઈલનો સદઉપયોગ થાય. ૨) સામાજિક વિજ્ઞાન શિક્ષણરુચિ પૂર્ણ બને. ૩) બાળકોને સામાજિક વિજ્ઞાનનાં જવાબ સરળતાથી મળી રહે. ૪) બાળકોની કલ્પના શકિતનો વિકાસ થાય. ૫) બાળકોની જીજ્ઞાસાવૃતિનો વિકાસ થાય. ૬) બાળકોને વાંચન કરવાની પ્રેરણા મળે. ૭) મોબાઈલમાં સ્વમૂલ્યાંકન કસોટી, G-SHALA, ORAL READING, વગેરે ટેકનોલોજી આધારીત અધ્યયનમાં વધારે રસ દાખવતા થાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત કોરોના બિમારીના સમયગાળા દરમિયાન શરૂઆત કરવામાં આવી હતી. ઘરે બેઠા બાળકોને ઓનલાઈન કલાસ લેવામાં આવતા હતા. આ દરમિયાન બાળકોને એકમના પ્રશ્નોતરીના જવાબ સરળતાથી મળી રહે તે હેતુથી ધોરણ ૬ થી ૮ ના દરેક એકમનું સ્વાધ્યાય તેમજ વધારાના હેતુલક્ષી તેમજ મુદાસરના પ્રશ્નોતરી જવાબ સાથે PDF તેમજ QR-CODE તૈયાર કરવામાં આવેલ છે. કોરોના જતા શાળાઓમાં ફરી શિક્ષણકાર્ય શરુ થઇ ગયુ. આ સમય દરમિયાન વાલીશ્રીની ઘણીવાર ફરિયાદ આવતી હતી કે બાળકો ઘરે બેઠા મોબાઈલમાં ગેમ્સ રમે છે તેમજ દુરઉપયોગ વધતો જાય છે. તેથી મે બાળકોને હોમવર્ક માટે તૈયાર કરેલ સાહિત્યનો ઉપયોગ શરૂ કર્યો.

**ઉપયોગિતા :** તૈયાર કરેલ સાહિત્યનો ઉપયોગ ધોરણ ૬-૮ ના બાળકો ઘરે બેઠા ગ્રુપમાં મળેલ PDF માંથી જવાબ મેળવી લખી શકે છે. સંત્રાત પરીક્ષા દરમિયાન બધા જ એકમોની વાંચન તૈયારીમાં ખૂબ સહેલાઈ રહે છે.

**મૂલ્યાંકન :** આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન સંત્રાત પરીક્ષા અંતર્ગત કરવામાં આવ્યું.

**પરિણામ :** આ નવતર પ્રયોગની અંદર કુલ ૩૯ બાળકો પૈકી ૩૨ બાળકોમાં સારું પરિણામ જોવા મળે છે. શાળામાં આવતી સ્વ-મૂલ્યાંકન કસોટી શાળાના ૮૦ ટકા બાળકો આપતા થઈ ગયા છે.

**વર્તમાન સ્થિતિ :** નવતર પ્રયોગનો ઉપયોગ સતત ચાલુ છે.



**ઈનોવેટરનું નામ :** ભુસડિયા મહેશકુમાર ભગવાનભાઇ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી જેપર પ્રા.શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** સરા-૩ નિમ્ન પ્રા. શાળા

**મો. નંબર :** ૯૯૭૯૨૭૬૦૧૦ **ઈ-મેઈલ આઈડી :** bhusadiyamahesh@gmail.com

**પ્રાથમિક** (✓) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** મારી શાળા બારકોડ શાળા

**નવતર પ્રયોગની કેટેગરી :** ટેક્નોલોજીનો ઉપયોગ, મૂલ્યશિક્ષણ, વિષયવસ્તુ આધારીત પેડાલોજી.

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૩ વર્ષ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગીતા)

**હેતુઓ :** પ્રજ્ઞાવર્ગના બાળકો આંનદમય શિક્ષણ પ્રાપ્ત કરે પૌરાણિક વસ્તુ અને પ્રાચીન ભારત વિશે માહિતિ પ્રાપ્ત કરે. બાળકોમાં સામાજિક મૂલ્યોનો વિકાસ થાય. બાળકો શિક્ષણમા ઉંડાણપૂર્વક માહિતી પ્રાપ્ત કરે. શિક્ષણમા ટેકનોલોજીનો ઉપયોગ કરતા થાય શિક્ષણમા અઘરા લાગતા મુદાઓનુ વિડિયો દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરે. ઔષધિનો ઘરેલુ ઉપચાર કરતા શીખે. બાળકો, તાલુકો, જિલ્લા, રાજય અને દેશના ઐતિહાસિક વારસાને ઓળખે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** અમારી શાળામા કોરોના સમય દરમિયાન જયારે બાળકોને શાળામા આવવાનું બંધ હતુ. ત્યારે અમારી શાળાના શિક્ષકો દ્વારા બેનર બનાવવાનુ નકકી કરવામા આવ્યુ હતુ. આ સમય દરમિયાન શાળાના શિક્ષકો દ્વારા વિવિધ માહિતી ભેગી કરવામા આવી હતી, અને બેનર બનાવવાની શરૂઆત કરવામા આવી હતી. જેમા શાળા દ્વારા આશરે ૧૨૦૦ ફુટ જેટલા બેનર બનાવવામા આવ્યા હતા. પ્રજ્ઞાવર્ગ જેમા એકમ મુજબ શબ્દોના બારકોડ, તહેવારો, મહિના, બાલવાર્તા, શાકભાજી, ફળો, વાહનો, વારના નામ, અઘરા લાગતા શબ્દો, કકકો, એબીસીડી, આકારો, વ્યવસાયકારો, વગેરેના બારકોડ મૂકીને બેનર બનાવવામાં આવેલ છે. ઔષધિબાગમા આવેલા તમામ ઔષધિના છોડની નીચે નામ અને બારકોડ મૂકવામા આવ્યા છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિ, મારુ બાળપણ, જુની ચીજવસ્તુઓ, ડુંગરાઓ, મંદિરો, બહારવટીયાઓ, જિલ્લાનો ઈતિહાસ, જિલ્લાના સાહિત્યકારો, વડાપ્રધાનો, કવિઓ, વૈજ્ઞાનિકો, ભારતના સ્થાપત્યો, આઝાદીના નાયકો, સમાજસુધારકો, ગુજરાતના અમરપાત્રો, ભારતના અમરપાત્રો, વગેરેના બારકોડ બેનર બનાવવામાં આવેલ છે. આ બેનરોમા વસ્તુ કે વ્યક્તિનો ફોટાઓ અને નામ મુકવામા આવ્યા હતા. અને નીચે જેના બારકોડ તૈયાર કરવામાં આવ્યા છે. આ બારકોડ ને સ્કેન કરતા તેના વિશેનો વિડિયો જોઇ શકાય છે.

**મૂલ્યાંકન :** આ ઇનોવેશન દ્વારા બાળકોમા ટેકનોલોજીનાં ઉપયોગ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરતા હોવાથી બાળકોને શિક્ષણમા આંનદ પ્રાપ્ત થાય છે વધારાના સમયમા કે રીશષના સમયમા બાળકોને જેના વિશે માહિતી પ્રાપ્ત કરવી હોય તે બારકોડને સ્કેન કરી માહિતી પ્રાપ્ત કરી શકે છે.

**પરિણામ :** બાળકોને આંનદમય રીતે શિક્ષણ પ્રાપ્ત થાય છે. બાળકોમા સામાજિક મૂલ્યોનો વિકાસ થયેલો જોવા મળ્યો. શાળાનું વાતારણ સરસ અને સુંદર બન્યું. બાળકો રીશેષના સમયનો સદ્ઉપયોગ કરે છે. બાળકો અત્યારની અને પૌરાણિક વસ્તુઓનુ મૂલ્યાંકન કરે છે.

**વર્તમાન સ્થિતિ :** મારુ આ ઇનોવેશન ચાલુ જ છે.



**ઈનોવેટરનું નામ :** કૌશિકકુમાર પી પ્રજાપતિ **હોદ્દો :** મુખ્ય શિક્ષક

**શાળાનું નામ :** શ્રી વસાડવા પ્રાથમિક શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** વસાડવા

**મો. નંબર :** ૯૪૨૭૭૧૧૪૮૦ **ઈ-મેઈલ આઈડી :** kaushikhtat@gmail.com

**પ્રાથમિક (✓) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** EDUTOR MOBILE એપ દ્વારા NMMS/PSE EXAM - પ્રેક્ટીશ ક્વિઝ નિર્માણ અને ઓનલાઈન શિક્ષણ

**નવતર પ્રયોગની કેટેગરી :** ટેક્નોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૦ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** વિદ્યાર્થીઓમાં NMMS/PSE EXAM માટે ઓનલાઇન માટે નિયમિત ક્વિઝ નિર્માણ કરવી. વિદ્યાર્થીઓને વિશેષ પ્રશ્નોનું જ્ઞાન અને મહાવરો પૂરો પાડવો. વિદ્યાર્થીઓને NMMS/PSE EXAM નો હાઉ દૂર કરી પાસ થવા અને મેરીટમાં આવવા માટે મદદરૂપ થવા માટે. વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો કરવા માટે. વિદ્યાર્થીઓના ફ્રી ટાઇમનો ટેકનોલોજીના માધ્યમથી ઉપયોગ કરવા માટે. પ્રાર્થના કાર્યક્રમમાં આજની મારી ક્વિઝ તરીકે રજૂ કરવા માટે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત વર્ષ ૨૦૨૦ થી કરવામાં આવી. જેમાં હું EDUTOR MOBILE APP ના માધ્યમથી જોડીને મારી પ્રોફાઇલ બનાવી જેમાં મેં મારા ટીચિંગ વિડીયો, મટીરીયલ, ક્વિઝો વગેરે સાહિત્ય અપલોડ કર્યું. જે અંતર્ગત NMMS/PSE EXAM જેવી પરીક્ષામાં બાળકો મુંઝવણ અનુભવતા હતા. જેના ઉકેલ માટે મેં આ એપના માધ્યમથી ૧૦૦ જેટલી ક્વિઝો બનાવી. રાજ્યના બાળકો જોડાયેલા હોય તેવા તમામ જીલ્લાના ગ્રુપમાં શેર કરી. જેમાં ગુજરાત ભરમાંથી ૫૨૦૦ થી વધારે વખત મારી ક્વિઝો બાળકો દ્વારા આપવામાં આવી. હાલ ૪૦૦૦ થી પણ વધારે બાળકો અને ૨૦૦૦ જેટલા શિક્ષકો મારા FOLLOWERS બની મારી સાથે ઓનલાઇન શિક્ષણથી જોડાયેલા છે.

**મૂલ્યાંકન :** આ અભિયાનની શરૂઆત ૦ બાળકોથી કરેલ જે આજે ૪૦૦૦ થી વધારે બાળકો આ ઓનલાઇન ક્વિઝના માધ્યમથી જોડાયેલા છે. જેમા મારી શાળાના બાળકોએ ગત વર્ષે પણ આ ક્વિઝ આપી, જેના લીધે બધા બાળકો ક્વોલીફાઇ થયેલ. અને આજ સુધીમાં ૨ બાળકો રાજ્ય મેરીટમાં આવેલ છે.

**પરિણામ :** બાળકોની પરીક્ષાની તૈયારી માટેના પથદર્શક તરીકે આ ક્વિઝ બની રહી છે. બાળકોને પ્રાર્થના કાર્યક્રમમાં રજૂ કરવા માટેની વિશેષ ક્વિઝો પ્રાપ્ય બની જેથી તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો કરી શકાયો.

**વર્તમાન સ્થિતિ :** હાલ પણ આ ક્વિઝોનું નિર્માણ અને શેરીંગ દ્વારા ઓનલાઇન શિક્ષણ આપવાનું પ્રક્રિયામાં જ છે.

**ઈનોવેટરનું નામ :** શ્રી સુરેશભાઈ બી. ધોરિયા **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી સી.ડી.કપાસી હાઈસ્કૂલ **કલસ્ટર/ક્યુડીસી :** મોજિદડ

**મો. નંબર :** ૯૨૬૫૬૦૪૩૭૬ **ઈ-મેઈલ આઈડી :** suresh.dhoriya09@gmail.com



**પ્રાથમિક ( ) માધ્યમિક (✓) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** દીક્ષા દ્વારા શિક્ષા

**નવતર પ્રયોગની કેટેગરી :** ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૦ થી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** ૧) વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે. ૨) વિદ્યાર્થીઓ કોઈપણ સમયે, કોઈપણ સ્થળે પોતાની અનુકૂળતાએ અભ્યાસ કરી શકે. ૩) વિદ્યાર્થીઓ અને શાળાના પરિણામમાં સુધારો કરી શકાય. ૪) વિષય શિક્ષક ન હોય તો પણ વિદ્યાર્થી આપમેળે શીખી શકે, અભ્યાસ કરી શકે.

**અમલીકરણ અને વ્યૂહ રચના :** વૈશ્વિક મહામારીના સમયે ઉદ્‌ભવેલ સમસ્યામાં વિદ્યાર્થીઓ શાળાએ અભ્યાસ કરી શકતા ન હતા. મારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧૦ ના ૨૨૬ વિદ્યાર્થીઓ બોર્ડની જાહેર પરીક્ષા આપવાની હોય ત્યારે આ સમસ્યાને હલ કરવા માટે મેં આ નવતર પ્રયોગ હાથ ધર્યો. માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પ્રધાનશ્રી રમેશચંદ્ર પોખરિયા સાહેબ દ્વારા દીક્ષા પોર્ટલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ. જેમાં વિદ્યાર્થીઓ માટે તદન નિઃશુલ્ક ઓપન ઓનલાઇન પ્લેટફોર્મ પ્રાપ્ત થાય તે હેતુથી આ પોર્ટલની જાહેરાત કરવામાં આવેલ. જેમાં સામાજિક વિજ્ઞાન વિષયના ધોરણ ૧૦ એન ધોરણ ૯ ના વિદ્યાદાન પ્રોજેકટ હેઠળ વિડિયો બનાવી ગુજરાત રાજયના પાઠયપુસ્તક મંડળના પાઠયપુસ્તકમાં અપલોડ કર્યા. આ વિડિયો દીક્ષા પોર્ટલ પર અપલોડ કરવાની મને તક પ્રાપ્ત થઈ. વિદ્યાદાન પ્રોજેકટમાં ધોરણ ૯ ના અને ધોરણ ૧૦ ના સામાજિક વિજ્ઞાન વિષયનાં મેં કુલ ૪૨ વિડિયો બનાવીને અપલોડ કર્યા તેમજ આ વર્ષે પાઠયપુસ્તક મંડળે પણ પાઠયપુસ્તકમાં મે બનાવેલ વિડિયોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ આ વિડિયો મારફત ઘર બેઠા ઓનલાઇન શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે તેમજ વિષય શિક્ષક ન હોય તે સ્કૂલને પણ આ વિડિયો આશીર્વાદ સમાન બની રહે છે.

**મૂલ્યાંકન :** શાળામાં અભ્યાસ કરતા ધો. ૧૦ અને ધો. ૯ ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવતી એકમ કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ શાળાકક્ષાએ પણ એકમ ટેસ્ટ લેવામાં આવેલ છે.

**પરિણામ :** ૧) આ મૂલ્યાંકનને અંતે વિદ્યાર્થીઓના પરિણામમાં સતત સુધારો જોવા મળ્યો છે. ૨) શાળાના બોર્ડની પરીક્ષાના પરિણામમાં સતત સુધારો થયો છે. ૩) વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારની ફી ચૂકવ્યા વિના વિનામૂલ્યે અભ્યાસ કરી શકે છે. ૪) વિદ્યાર્થીઓને એકમ સરળતાથી યાદ રાખવામાં સરળતા રહે છે. ૫) વિદ્યાર્થીઓ ICT નો ઉપયોગ કરતા થયા. ૬) અંતરિયાળ ગામડાઓના વિદ્યાર્થીઓને આ નવતર પ્રયોગ ખૂબ ઉપયોગી બન્યું.

**વર્તમાન સ્થિતિ :** હાલ મારી શાળામાં, જિલ્લામાં અને ગુજરાત રાજયનાં વિદ્યાર્થીઓ આ દીક્ષા પોર્ટલનો ઉપયોગ કરી અભ્યાસ કરી રહ્યા છે.



**ઈનોવેટરનું નામ :** પનારા વર્ષાબેન ઓધવજીભાઈ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી જે.જી.મારૂ હાયર સેકન્ડરી સ્કુલ, નાના ટીંબલા **કલસ્ટર/ક્યુડીસી :** ભલગામડા

**મો. નંબર :** ૯૮૭૯૪૦૮૯૩૪ **ઈ-મેઈલ આઈડી :** varshuabhalodiya@gmail.com

**પ્રાથમિક ( ) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક (✓) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** BE FRIENDS WITH STUDENTS (મારા વિદ્યાર્થી મારા મિત્રો)

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત/સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૧૭ થી

## કાર્ય પધ્ધતિનું વર્ણન :

**હેતુઓ :** ૧) વિદ્યાર્થીના મનને સારી રીતે સમજવા માટે ૨) શિક્ષક અને વિદ્યાર્થીના સબંધોમાં વિશ્વાસ કેળવવા માટે ૩) કલાસ રૂમમાં વાતાવરણ આનંદદાયક બનાવી સારી રીતે અભ્યાસ અપાવી શકાય. ૪) ભણતર સાથે ગણતર પણ આપી શકાય. ૫) વિદ્યાર્થીઓમાં શિસ્ત અને સંવેદનાનું વાતારણ ઉભું કરી શકાય. ૬) અભ્યાસ સાથે વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓ જાણી શકાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગ ૨૦૧૭ થી શરૂ કરવામાં આવેલ છે મારી નોકરીમાં જોડાયેલ વર્ષ ૦૯-૧૨-૨૦૧૬ નાનું એવું ગામ નાના ટીંબલા, જ્યાં તે સમયે શાળાનું વાતાવરણ મેં જોયું જ્યાં સામાજિક અને આર્થિક ઘણા બધા કારણોથી શાળામાં વિદ્યાર્થીનીઓને મોકલવામાં આવતી ન હતી અને શાળામાં પણ વિદ્યાર્થીઓ સાથે ઘણા બધા એવા પ્રશ્નો આવતા હતા ત્યારે મને એવું લાગ્યું કે અહિ શાળામાં વિદ્યાર્થીઓ સાથે મિત્ર બનાવાની જરૂર છે જેથી વિદ્યાર્થીઓના મનમાં રહેલી ઘણી બધી વાતો હું જાણીને સમજી શકું. તેમજ અભ્યાસમાં એક મિત્રતાનો નાતો કેળવી વિદ્યાર્થીના ઘણા બધા પ્રશ્નોનું નિરાકરણ લાવીને શાળામાં અભ્યાસનું વાતાવરણ અને શાળાનું શૈક્ષણિક પરિણામ સુધારી શકાય. અને વિદ્યાર્થીને સમાજમાં એક સારા નાગરિક બનાવવામાં ઉપયોગી થઈ શકે. સૌ પ્રથમ તો શાળાએ ન આવતા વિદ્યાર્થીઓના ઘરે જઈ વાલી સાથે વાત કરી વિદ્યાર્થીઓને શાળાએ આવતા કર્યા. શાળામાં વિદ્યાર્થીઓ સાથે રમત ગમત અને અન્ય ઘણી બધી પ્રવૃતિઓ જેવી કે શાળામાં તહેવારોની ઉજવણી, જે તે વિષયમાં પ્રોજેક્ટ કાર્યોમાં વિદ્યાર્થીઓને સાથ આપવો. કલાસમાં અભ્યાસ સાથે સાથે સારા નાગરિક બનવા માટે મિત્ર બની સમજાવવું, રીશેષના સમયમાં વિદ્યાર્થીઓ સાથે નાસ્તો કરી વિદ્યાર્થીઓને શારીરિક સ્વાસ્થ્ય જળવાય માટે પેકેટો જેવા નાસ્તાથી દુર રાખી પૌષ્ટિક નાસ્તો લેવા માટે પ્રેરણા આપુ છું.

**મૂલ્યાંકન :** બાળકો શાળામાં અભ્યાસમાં નવી નવી રીતોનો ઉપયોગ કરતા થયા અને જેમાં બાળકોના માનસિક અને શારીરિક વિકાસમાં સારા એવા પરિણામ અને બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો. અને તેમને સતત માર્ગદર્શન આપવામાં આવે છે.

**પરિણામ :** ૧) શાળામાં વિદ્યાર્થીઓ આવતા થયા. ૨) અભ્યાસમાં ધ્યાન આપતા થયા અને શાળાનું પરિણામ ૧૦૦ ટકા મળતુ થયું. ૩) ગામની દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે મોટા શહેરોમાં મોકલતા થયા. ૪) ભણતર સાથે ગણતરથી ઘણા બાળકોના માનસિક વિચારોમાં સુધારો આવ્યો. ૫) પ્રોજેક્ટ જેવા કાર્યોથી અભ્યાસમાં પણ સારું પરિણામ મળતું થયુ.

**વર્તમાન સ્થિતિ :** હાલ પણ આ પ્રવૃતિઓનું આયોજન સતત કરવામાં આવે જ છે.

ઈનોવેટરનું નામ : કણસાગરા ફાલ્ગુની પી. હોદ્દો : સહાયક શિક્ષક

શાળાનું નામ : શિવાંગી એન ઝાલા કન્યા વિદ્યાલય. કલસ્ટર/ક્યુડીસી : લીંબડી માધ્યમિક

મો. નંબર : ૯૮૨૫૧૫૪૧૦૧ ઈ-મેઈલ આઈડી : falgunikmori@yahoo.in



પ્રાથમિક ( ) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક (✓) પ્રશિક્ષિત સંસ્થા ( )

નવતર પ્રયોગનું શીર્ષક : ફ્યુઝન મેમરી સિસ્ટમ દ્વારા ચાર્ટ.

નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સહ અભ્યાસિક પ્રવૃતિ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત : વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જૂન માસ ૨૦૨૨

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગીતા)

**હેતુઓ :** વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રના મુદ્દા ટુંકમા અને સરળતાથી યાદ રાખી શકે. જૂથમાં કાર્ય કરવાથી સામાજિકમીતિની ભાવના કેળવાય. વિદ્યાર્થીઓને ચિત્ર સાથે મુદ્દા યાદ રહે. પરીક્ષામાં ચિત્ર સાથે મુદ્દા વિઝયુલાઇઝ થાય. વિદ્યાર્થીની કલ્પના શકિતમાં વધારો થાય.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત વેકેશન ખુલતા જૂન ૨૦૨૨ મહિનાથી શરૂ કરવામાં આવી. અર્થશાસ્ત્ર ભણાવતા લાગ્યું કે વિદ્યાર્થીઓને મુદ્દા યાદ રાખવામાં સમસ્યા થતી અને અર્થશાસ્ત્ર પ્રત્યેનું વલણ નકારાત્મક હતુ. ચિત્રની ભાષા આપણુ મગજ ૯૦ ટકા યાદ રાખે. એટલે મે વેકેશન ખુલતાની સાથે જ અર્થશાસ્ત્ર ભણાવવાની શરૂઆત કર્યા પહેલા ચાર ચારના જૂથ બનાવ્યા. બધાને એક એક પાઠના ચાર્ટ બનાવવા આપ્યા. વિદ્યાર્થીઓ ચાર્ટ પેપરમાં જેવુ મગજમાં મુદ્દાને અનુરૂપ ચિત્ર આવે તેવું ચિત્ર દોરી મુદ્દા સાથેનો ચાર્ટ કરવાનો. જેને ફ્યુઝન મેમરી સિસ્ટમ દ્વારા ચાર્ટ કહેવાય. અને જેનો હું પાઠ ચલાવું પછી તેના મુખ્ય મુદ્દા લખાવું અને એ મુદ્દા લખાઇ જાય પછી વિદ્યાર્થીઓને જેવું તેના મગજમાં ચિત્ર આવે તેવા ચાર્ટ બુકમાં બનાવે. પરિણામે દરેક વિદ્યાર્થી અલગ અલગ વિચારે અને અલગ અલગ ચાર્ટ દોરે છે.

**ઉપયોગિતા :** પરીક્ષામાં વિદ્યાર્થીઓ સરળતાથી મુદ્દા યાદ રાખી શકે. ચિત્ર સાથે મુદ્દા વિઝયુલાઇઝ થાય. મુખ્ય મુદ્દા અને પેટા મુદ્દા પરફેકટ યાદ રહે. વિદ્યાર્થીઓની કલ્પના શકિત વધે. અર્થશાસ્ત્ર સિવાયના વિષયમાં પણ યાદ રાખવામાં મદદ થાય.

**મૂલ્યાંકન :** છ માસિકનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું. ૫૬ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો. ૪૦ વિદ્યાર્થીઓની ૯૦ થી ૯૫ ટકા ની વચ્ચે પરિણામ આવ્યું.

**વર્તમાન સ્થિતિ :** ફ્યુઝન મેમરી સિસ્ટમ દ્વારા વિદ્યાર્થીઓ પાસે ચાર્ટ કરાવવાનું કાર્ય ચાલુ જ છે. જેટલો અભ્યાસક્રમ ચાલ્યો તેટલા પાઠના ચાર્ટ બની ગયા છે. આઠ પાઠ ચાલ્યા છે તો આઠ પાઠના ચાર્ટ પૂર્ણ છે.

**ઈનોવેટરનું નામ :** પરેશકુમાર સી. રાવલ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી એન.એમ.હાઈસ્કૂલ લીંબડી **કલસ્ટર/ક્યુડીસી :** લીંબડી

**મો. નંબર :** ૯૮૯૮૪૦૩૩૦૪ **ઈ-મેઈલ આઈડી :** ravalp22@gmail.com



**પ્રાથમિક** ( ) **માધ્યમિક** ( ) **ઉ. માધ્યમિક** (✓) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** રીડીંગ કલબ અને વર્કશોપ દ્વારા બાળકોનો સજર્નાત્મક અભિગમ કેળવવો

**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિઓ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૧૭ થી

## કાર્ય પદ્ધતિનું વર્ણન :

**હેતુઓ :** ૧) પ્રવૃતિ દ્વારા બાળકોનું ઘડતર. ૨) સુષુપ્ત કલા અને સર્જનાત્મકતાનાં ગુણોની ખીલવણી. ૩) નિયમિતપણે સાંસ્કૃતિક, લેખન, રમતગમત જેવી સ્પર્ધામા ભાગ લેવા પ્રેરવા. ૪) આત્મવિશ્વાસ અને નિર્ભયતા જેવા ગુણોનું ઘડતર કરવા. ૫) વાંચન, લેખન અને બોલવાના ગુણોનો વિકાસ કરવા.

**અમલીકરણ અને વ્યૂહરચના :** શાળામાં નિમણુક થયા પછી એ વાત ધ્યાનમાં આવી કે ધો.૧૦ પછીનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સહઅભ્યાસિક પ્રવૃતિઓ જેવી કે ગાયન, વાદન, અભિનય, ચિત્ર, લેખન વગેરેમાં ભાગ લેવામાં ઉદાસીનતા દાખવતા હતા. તેઓને રસ લેતા કરવા માટે સૌ પ્રથમ તો મે શિક્ષકે પોતે જાતે વિવિધ સ્પર્ધામાં ભાગ લેવાનું નકકી કર્યું. શાળામાં પ્રાર્થનામાં પોતે રજુઆતો કરી અને તાલુકા, જિલ્લા, ઝોનમાં પ્રથમ અને પછી રાજયમાં તૃતીય નંબર પ્રાપ્ત કર્યો. શાળાની પ્રાર્થનાને સંપુર્ણ બનાવવા શિક્ષકે તબલા વાદન શિખ્યુ આમ સતત બે વર્ષો સુધી નંબર પ્રાપ્ત કરી બાળકોમાં આત્મવિશ્વાસનું સંચરણ કર્યું. આ આત્મવિશ્વાસને વધુ મજબુત બનાવવા કોઈ અસરકારક યોજના વિશે વિચાર કરવામાં આવ્યો. વિચારના અંતે બે પ્રવૃતિઓ અમલમાં મુકવાનુ વિચાર્યું. ૧) રીડીંગ કલબ ૨) વર્કશોપ જેનુ અમલીકરણ નીચે મુજબ કરવામાં આવ્યુ.

**રીડીંગ કલબ :** શાળાનાં બાળકોની ટુકડીઓ પાડીને તેઓને લાઈબ્રેરીમાં મોકલવામાં આવ્યા. ટુંકીવાર્તાઓ અને વ્યકિતવિશેષ પુસ્તકો શોધી લાવવા માટે કહેવામા આવ્યું. એક પુસ્કતમાંથી વિષય પસંદ કરવામાં આવ્યા અને એની નકલો બનાવી દરેક ટુકડીને આપવામા આવી. દરેક ટુકડીમાં એક પ્રતિનિધિની નિમણુક કરવામાં આવી. પ્રતિનિધિ દ્વારા દરેક વિદ્યાર્થીઓને લેખ કે વાર્તા વાંચન કરવા પ્રેરણા આપવામાં આવી. નકકી કરેલા દિવસે કલબનુ આયોજન પ્રાર્થના હોલમાં કરવામાં આવતુ. વિદ્યાર્થીઓનુ પ્રતિનિધિત્વ શિક્ષક દ્વારા કરવામાં આવતું. વિદ્યાર્થીઓને વાચેલા વિષય પર પોતાના મંતવ્યો આપવા બોલાવામાં આવતા. વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ અર્થગ્રહણ રજુ કરવામાં આવતા. વિષય પ્રમાણે શિક્ષક ઘણીવાર વિદ્યાર્થીઓને બ્રેઈન સ્ટોર્મિંગ કરાવતા, કોઈ અજાણી પરિસ્થિતિમા મુકવાનો પ્રયત્ન કરે, રોલ પ્લે કરાવે, લખવા માટે અભ્યાસક્રમમાં આવતા અને તેને લગતા વિષયો લખવા માટે આપે. શિક્ષક પોતે પાર્ટીસિપેટ કરે.

**વર્કશોપ :** વર્ષ દરમ્યાન ચાર કે પાંચ વર્કશોપનું આયોજન કરવામા આવે છે. આ વર્કશોપમાં સહઅભ્યાસિક પ્રવૃતિમાં સમાવિષ્ટ થતા વિષયો જેવા કે સંગીત, વાદ્ય, અભિનય, લેખન, ચિત્રકલા વગેરે વિષયોના નિષ્ણાંતોને શાળાએ બોલાવવામાં આવે છે. નિષ્ણાંત તરીકે બોલાવવામાં આવતા વ્યકિતઓ શાળામાં ભુતપુર્વ વિદ્યાર્થીઓ જેઓ વ્યવસાયીક રીતે જે તે ક્ષેત્રમાં જોડાયેલા હોય અથવા અન્ય નિષ્ણાંતોને બોલાવવામાં આવતા. રસ ધરાવતા વિદ્યાર્થીઓને એકત્ર કરવામા આવે છે. સંગીતના નિષ્ણાંતો દ્વારા રાગ, તાલ, લય અને વાજિંત્રો વગાડવા માટે ઉપયોગી સલાહ સુચનો અને તાલીમ આપવામાં આવે છે. અભિનયના નિષ્ણાંતો દ્વારા આંગિક, વાંચીક, સાંવેગીક, હાવભાવ, અવાજનો આરોહ અવરોહ, ઉચ્ચારણોની સ્પષ્ટતા, સ્પર્ધામાં આવતા નિયમો, સ્ટેજ પર રજુ થવા માટેની કેટલીક ઉપયોગી સલાહો અને અભિનય ક્ષેત્રે વ્યવસાયિક રીતે જોડાવવાની સલાહ આપવામાં આવે છે. ચિત્રકલાના નિષ્ણાંતો દ્વારા કલરની સમજ, ચિત્રના પ્રકારો, ચિત્રનો મુડ, વળાંકો, લિટીઓ અને કલરના શેડ અને મિશ્રણ વિષે માહિતી આપવામા આવે છે. લેખનના નિષ્ણાંતો દ્વારા વિચારોની સમજ, ભાવ, ગદ્યો અને પદ્યોની માહિતી, વિચાર વિસ્તાર અને સંક્ષેપ્તિકરણ વગેરેની સમજ આપવામાં આવે છે. વર્કશોપના અંતે વિદ્યાર્થીઓને રેમેડી વર્ક આપવામાં આવે છે. પાઠયક્રમમાં આવતી કવિતાઓને અભિનય દ્વારા અને ગદ્યોને એકપાત્રિય અભિનયના રૂપમાં પણ રજુ કરવામાં આવતા. આપેલી પ્રવૃતિ માટે કાગળો, પેજ, કલર કે અન્ય સામગ્રીઓ શાળા દ્વારા આપવામાં આવે છે.

**મૂલ્યાંકન :** આવલોકન દ્વારા જાણવા મળ્યુ કે વિદ્યાર્થીઓ સહઅભ્યાસિક પ્રવૃતિમાં રસ લેતા થયા અને ક્રિયાત્મક સંશોધન દ્વારા જાણવા મળ્યુ કે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનો વધારો થયો.

**પરિણામ :** ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૧૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને લગભગ ૭૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં રસ દાખવતા થયા.

**વર્તમાન સ્થિતિ :** છેલ્લા અમુક વર્ષોમાં વિદ્યાર્થીઓ કે જેઓને આવા વિષયોમા રસ-રુચિ નહોતી તે અભિગમ બદલાયો હવે તેઓ તત્પરતા બતાવવા લગ્યા. નાટક, એકપાત્રિય અભિનય, લોકસંગીત, શાસ્ત્રિય સંગીત, ચિત્રકલા વગેરે જેવી સ્થાનિક, તલુકા, જિલ્લા, ઝોન એન રાજય કક્ષાએ યોજાયેલ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ઈનામ પ્રાપ્ત કરતા થયા. પાઠયક્રમમાં આવતા એકમોને અભિનય દ્વારા સમજતા થયા. પાઠમાં આવતા પાત્રોને જીવંત કરીને રોલ પ્લે કરી વધુ રસપ્રદ બનાવતા થયા. વર્તમાન સ્થિતીમાં આ પ્રવૃતિઓ કાર્યરત છે.

ઈનોવેટરનું નામ : વારિસ ટી. ભટ્ટા હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : સરકારી ઉચ્ચતર મા.શાળા સરલા ક્લસ્ટર/ક્યુડીસી : શ્રી માંડવરાયજી ક્યુડીસી, મુળી

મો. નંબર : ૯૧૭૩૧૮૬૦૦૧ ઈ-મેઈલ આઈડી : varisbhatta1985@gmail.com



પ્રાથમિક ( ) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક (✓) પ્રશિક્ષિત સંસ્થા ( )

નવતર પ્રયોગનું શીર્ષક : શબદના સંગાથે સર્જનયાત્રા

નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત : વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : ૫ વર્ષથી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકસે. વિદ્યાર્થીઓમાં ગ્રંથાલયના પુસ્તકોનો અભ્યાસ કરવાની ટેવ વિકસે. વિદ્યાર્થીઓમાં સાહિત્ય પરત્વે રસ ઉત્પન્ન થાય. વિદ્યાર્થીઓ પત્ર, અહેવાલ, નિબંધ વગેરે લેખન સ્વરૂપોમાં મૌલિક લખાણ લખી શકે. વિદ્યાર્થીઓમાં પોતાની વયકક્ષા અનુસાર સાહિત્ય સર્જનની પ્રવૃતિનો વિકાસ થઇ શકે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** અમારી શાળામાં આ ઇનોવેશનનું અમલીકરણ છેલ્લા પાંચ વર્ષથી થઇ રહ્યું છે. ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે સમસ્યા એ હતી કે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક લેખન કૌશલ જોવા મળતું ન હતું જેના નિરાકરણ માટે આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો. વિદ્યાર્થી ધોરણ ૧૧ માં પ્રવેશ લે છે ત્યારથી જ તેને પાઠયપુસ્તકોની સાથે ગ્રંથાલયનું એક પુસ્તક ફરજિયાત વાંચવા માટે આપવામાં આવે છે આ ઉપરાંત શબ્દોકોશ, જ્ઞાનકોશનો ઉપયોગ, સાહિત્યકારોની જન્મ જયંતિની ઉજવણી તેમજ વિવિધ સાહિત્ય પ્રકારોની વિદ્યાર્થીઓને સમજ આપીને લેખનને અનુરૂપ વાતાવરણ નિર્માણથી બાળકોને સર્જનાત્મક લેખનની દિશામાં વાળવામાં આવે છે વિદ્યાર્થીઓએ કરેલા આ પ્રયત્નમાં શિક્ષક માર્ગદર્શનથી સર્જન જોવા મળે છે.

**મૂલ્યાંકન :** આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન કરતાં જોવા મળ્યું કે વિદ્યાર્થીઓને આ નવતર પ્રયોગમાં ખુબ જ રસ જોવા મળ્યો હતો. બાળકો ઉત્સાહપૂર્વક અભ્યાસક્રમ સિવાયની કૃતિઓનું વાંચન અને લેખન કરતાં સાહિત્યની સંગાથે આગળ વધતાં જોવા મળ્યા હતા.

**પરિણામ :** બાળકોમાં શબ્દ ભંડોળનું જ્ઞાન વિકસિત થાય છે. અભ્યાસમાં આવતી કૃતિ સંદર્ભે મૌલિક લેખ લખી શકે છે. વિદ્યાર્થીઓ અભિધા, લક્ષણા અને વ્યંજના એમ ત્રણેય શબ્દની શકિતનો વાકયપ્રયોગ કરતા થયા છે. વિદ્યાર્થીઓ સાહિત્ય સર્જનની દિશામાં આગળ વધવા લાગ્યાં.

**વર્તમાન સ્થિતિ :** વર્તમાન સમયમાં પણ નવતર પ્રયોગશાળામાં કાર્યરત છે વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓનું જિલ્લા અને રાજય કક્ષાએ શ્રેષ્ઠ યોગદાનએ આ નવતર પ્રયોગની ફળશ્રુતિ છે.



**ઈનોવેટરનું નામ :** હિતેષકુમાર કિશોરભાઇ પંડયા **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી જીવણસિંહ કેળવણી મંડળ હાઈસ્કૂલ **કલસ્ટર/ક્યુડીસી :** લીંબડી

**મો. નંબર :** ૯૮૨૪૫૬૭૮૯૯ **ઈ-મેઈલ આઈડી :** hkpandya1@gmail.com

**પ્રાથમિક ( ) માધ્યમિક (✓) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** મારે પણ બોલવું છે.

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** બે વર્ષ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** બાળકને વાંચવાની પ્રેરણા થાય. બાળકનો આત્મવિશ્વાસમાં વધારો થાય. બાળકની નિર્ણય શકિતનો વધારો થાય. બાળકમાં આયોજન શકિતનો વિકાસ થાય. બાળકની વકતૃત્વ શકિતમાં વિકાસ થાય. બાળકમાં કાર્ય સૂચિ અને મિનિટ ટુ મિનિટ કાર્યક્રમનું આયોજન કરવાની આવડત વધે. બાળક અન્ય વિષય શાચરી વ્યકિત વિશેષ અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી જેવી ભાષાનો ઉપયોગ વકતૃત્વ દરમિયાન કરી શકે. ઉદઘોષક તરીકે વ્યવસાય કરીને આર્થિક ઉપાર્જન કરી શકે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ નવતર પ્રયોગ છેલ્લા ત્રણ વર્ષથી શાળા કક્ષાએ પ્રાર્થના સભામાં દરરોજ કરવામાં આવતો હતો. એ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા કહેવામાં આવતું હતું કે સાહેબ તમારી જેમ અમે પણ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કઇ રીતે કરી શકીએ ? બસ આ જ વાત અસર કરી ગઇ. આ કાર્યક્રમ ધીમે ધીમે આગળ વધતા ત્યારે એક વિશેષ આનંદની અનુભૂતિ થાય છે અને બાળકો પણ ઉત્સાહભેર આ ઉદઘોષક તરીકેનું સુંદર કામગીરી કરતા જોવા મળે છે. કાર્યક્રમ દરમિયાન જે પણ તકલીફો પડે છે, તકલીફો બાળકો પોતાની રીતે જ રસ્તો કાઢીને તે તકલીફો દૂર કરે છે. કાર્યક્રમની અંદર ઘણા બધા ફેરફારો પણ હવે થતા જોવા મળે છે દીપ પ્રાગટયની જગ્યાએ તુલસી જળસંચય લક્ષ્મી તિલક કુમકુમ જેવી વિવિધ પ્રવૃતિઓ દ્વારા નવતર પ્રયોગો પણ કરતા રહીએ છીએ.

**ઉપયોગિતા :** શાળામાં નાનામાં નાના કાર્યક્રમથી માંડી હવે વિશેષ કાર્યક્રમની અંદર વર્ષની ઉજવણી વિશેષ દિવસની ઉજવણી તેમજ સરકારી કાર્યક્રમોની અંદર પણ હવે બાળકો પોતે ઉદઘોષક તરીકે ખૂબ જ સુંદર પોતાના વિચારો રજુ કરે છે.

**મૂલ્યાંકન :** નવતર પ્રયોગ અંતર્ગત ઉદઘોષક તરીકે જુદી જુદી જગ્યાએ બાળકોને મોકલીને એની અંદર રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

**પરિણામ :** ઉદઘોષકનો ઉદગાર એ વિષય અંતર્ગત આ પ્રયોગમાં શાળાના ૨૫ થી ૩૦ વિદ્યાર્થીઓ અત્યારે ઉદઘોષક તરીકે ખૂબ સુંદર કામગીરી કરીને ઉદઘોષક તરીકેની ફરજ નિભાવી રહ્યા છે.

**વર્તમાન સ્થિતિ :** ધોરણ ૯ અને ૧૦ ના ૨૫ થી ૩૦ વિદ્યાર્થીઓ ખૂબ સુંદર રીતે ઉદઘોષક તરીકે કામગીરી કરે છે.



**ઈનોવેટરનું નામ :** વિજયકુમાર શાંતિલાલ થોરિયા **હોદ્દો** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** કુમારી શિવાંગી એન. ઝાલા કન્યા વિદ્યાલય **ક્લસ્ટર/ક્યુડીસી :** લીંબડી માધ્યમિક

**મો. નંબર :** ૮૩૪૭૪૧૬૦૪૧ **ઈ-મેઈલ આઈડી :** 0448@gmail.com

**પ્રાથમિક** ( ) **માધ્યમિક** (✓) **ઉ. માધ્યમિક** ( ) **પ્રશિક્ષિત સંસ્થા** ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** પ્રત્યક્ષ માપન દ્વારા પ્રમયોની સાબિતી આપવી

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેરાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** નવેમ્બર ૨૦૨૨ થી

## કાર્ય પદ્ધતિનું વર્ણન :

**હેતુઓ :** વિદ્યાર્થીઓ કોણ માપકનો ઉપયોગ કરી ખૂણા માપતા શીખે. વિદ્યાર્થીઓ મોડલમાં અભિકોણ, યુગ્મકોણ, અનુકોણ, ત્રિકોણના ત્રણ ખૂણાઓનો સરવાળો વગેરે પ્રમયોની કોણ માપકથી માપન કરી પરિણામની ચકાસણી કરતા શીખે. વિદ્યાર્થીઓ મોડલમાં આકર ફેરફાર કરી પૂનરાર્વતન કરતા શીખે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** વિદ્યાર્થીઓ જુથ કાર્ય કરતા શીખે. વિદ્યાર્થીઓ મોડલમાં અભિકોણ, યુગ્મકોણ, અનુકોણના ખૂણાઓનું માપન કરતા શીખે.

**ઉપયોગિતા :** વિદ્યાર્થીઓ ધોરણ ૯ માં આવતા સ્વાધ્યાય ૬ ના પ્રમેયો પ્રમેય ૬.૧, પેઈજ નં. ૮૬ પ્રમેય ૬.૨ પેઈજ નં. ૯૧, પ્રમેય ૬.૩ પેઈજ નં. ૯૧, પ્રમેય ૬.૪ પેઈજ નં. ૯૨, પ્રમેય ૬.૫ પેઈજ નં. ૯૨, પ્રમેય ૬.૬ પેઈજ નં. ૯૨, પ્રમેય ૬.૭ પેઈજ નં. ૯૫, પ્રમેય ૬.૮ પેઈજ નં. ૯૫, ની સરળતાથી સમજાય.

**મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓ જુથમા ભાગીદારીથી ખૂણાઓનું મોડલમાં માપન કરતા શિખ્યા. વિદ્યાર્થીઓ પ્રમેયોને સમજતા થયા.

**પરિણામ :** દરેક વિદ્યાર્થીઓ જુદા-જુદા પ્રમેયોની આકૃતિ દોરી તેના ખૂણાઓનું માપન કરી પ્રોજેક્ટ તૈયાર કરેલ છે.

**વર્તમાન સ્થિતિ :** પ્રમેય સમજવામાં સરળ રહે છે.



**ઈનોવેટરનું નામ :** ડો. અલકાબેન એ. દેવમુરારી-શ્રી વીરેન્દ્રસિંહ કે. ઝાલા **હોદ્દો :** ઇન. આચાર્યા

**શાળાનું નામ :** શ્રી એમ.એલ.દોશી સ્ત્રી બુનિયાદી અધ્યાપન મંદિર **કલસ્ટર/કયુડીસી :** સુરેન્દ્રનગર

**મો. નંબર :** ૯૪૨૭૫૫૧૨૫૫ **ઈ-મેઈલ આઈડી :** doshiml@yahoo.in

**પ્રાથમિક ( ) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા (✓)**

**નવતર પ્રયોગનું શીર્ષક :** સર્જનાત્મક પ્રવૃતિ

**નવતર પ્રયોગની કેટેગરી :** ૧૦, સહઅભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત કયારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૧૦ થી

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યૂહરચના, ઉપયોગીતા)

**હેતુઓ :** રંગીન A4 સાઈઝ પેપર ફોલ્ડ કરી ફૂલ અને ગુલદસ્તો બનાવવો.

**અમલીકરણ અને વ્યૂહરચના :** રંગીન પેપરના બીટસમાંથી કૂંજો, ટ્રે, બતક, હંસ બનાવવા. બીટસને વિવિધ રીતે ગોઠવીને આકર્ષક ડિઝાઇન કરવી. કાથીમાંથી ફૂલદાની અને શો પીસ બનાવવા. તેલના ખાલી ડબ્બાને લેસપટ્ટીથી શણગારી બેઠક બનાવવી. ઉનથી પ્લાસ્ટિક અને કાચની બોટલ શણગારવી, મુખવાસદાની બનાવવી, ગ્લાસ પેન્ટીંગ, વર્લી આર્ટ વગેરે.

**મૂલ્યાંકન :** ક્રિયાત્મક મૂલ્યાંકન કરી અવલોકન કરવામાં આવ્યું છે.

**પરિણામ :** ૬૫ ટકા થી ૭૯ ટકા સુધીનું પરિણામ જોવા મળે છે. ૧૦૦ ટકા સુધીની આશા છે.

**વર્તમાન સ્થિતિ :** હાલ ચાલુ છે.




**ઈનોવેટરનું નામ :** મહેતા તેજલ કે. **હોદ્દો :** અધ્યાપક

**શાળાનું નામ :** શ્રીમતી એસ.સી.યુ. શાહ અધ્યાપન મંદિર, વઢવાણ (પ્રશિક્ષણ સંસ્થા)

**મો. નંબર :** ૯૯૨૫૪૯૭૦૦૧ **ઈ-મેઈલ આઈડી :** mehtatejal1971@gmail.com


**પ્રાથમિક ( ) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા (✓)**

**નવતર પ્રયોગનું શીર્ષક :** બિન ઉપયોગી વસ્તુમાંથી સુશોભન વસ્તુઓ બનાવી શાળા સુશોભન અને અર્થોપાર્જન

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃત્તિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨ વર્ષ

**કાર્ય પદ્ધતિનું વર્ણન :**

**હેતુઓ :** બિનઉપયોગી વસ્તુઓમાંથી શ્રેષ્ઠ કલાત્મક નમૂના બનાવવા. પ્રશિક્ષણાર્થીઓની સર્જનાત્મક શકિતનો વિકાસ કરવો. અન્યને પ્રશિક્ષિત કરી કલાત્મક નમૂનાના વેચાણ દ્વારા આર્થિક ઉપાર્જન કરવું.

**અમલીકરણ :** આ નવતર પ્રયોગ બે વર્ષથી કાર્યરત છે. પ્રશિક્ષણ કાર્યમાં સતત કાર્યશીલતાને લીધે ટેકનોલોજીના માધ્યમથી શીખવવામાં આવે છે. સાથે લાંબા ઈન્ટર્નશીપ કાર્યક્રમને લીધે કોલેજના કાર્ય સમય ઉપરાંતના સમયનો સદઉપયોગથી પ્રશિક્ષણાર્થીઓને શીખવવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓ રહેલી સુષુપ્ત સર્જનાત્મક શકિતને બહાર લાવી વિકાસ કરી તે શકિતઓના વિદ્યાર્થીઓના સર્જનાત્મક શકિતનો વિકાસ કરવા માટે પ્રયત્ન કરવામાત્ર આવેલ.

**વ્યૂહરચના :** તમામ વિષયના વિષયવસ્તુના અનુસંધાનમાં પણ આવા નમૂના દ્વારા વિષય વસ્તુનું સ્પષ્ટીકરણ કરી શકાય. બિન જરૂરી વસ્તુમાંથી બનાવેલ બેગ કે પર્સને બહારગામ આવન-જાવન કે મુસાફરી દરમ્યાન ઉપયોગમાં લઇ શકાય છે. મોતી, છીપલા, દોરા, ઊન કે કાગળમાંથી બનાવેલ ઘરેણાનો ઉપયોગ પહેરવામાં કરી શકાય છે. વિવિધ તોરણ, ટોડલા તથા વોલપીસથી શાળા તથા ઘરની દિવાલને સુશોભિત કરી શકાય છે. સુશોભિત વસ્તુઓ દિન વિશેષમાં કે ઘરના પ્રસંગોમાં ઉપયોગી બની રહેશે. આ બધી વસ્તુઓ બનાવવાનો આશય એવો છે કે સમયની બચતની સાથે નહિવત ખર્ચમાં સમગ્ર શાળા ઘર પરિવાર તથા સમાજને ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે.

**ઉપયોગિતા :** જુદા જુદા વિષયના જુદા જુદા વિષયવસ્તુના અનુસંધાનામાં પણ આવા નમૂના બનાવીને સ્પષ્ટીકરણ કરી શકાય. કાગળમાંથી કે કાપડમાંથી બનાવેલ વિવિધ ડિઝાઈનના બાસ્કેટ, તોરણ, ફૂલો કે ફૂલદાની, ટોપી, કવર ઉપયોગી કરવો. ફ્રીજમાં શાકભાજી કે ફળફળાદીને લાંબા સમય સુધી સાચવી રાખવાની થેલીઓ બનાવી શકાય છે. પુઠા, કપડા કે લેસમાંથી બનાવેલ ટ્રે શુભ પ્રસંગોમાં કે શાળા પ્રસંગોમાં ઉપયોગ લઇ શકાય છે. ઓછા ખર્ચમાં મનપસંદ વસ્તુ બનાવી ઉપયોગમાં લઇ શકાય છે.

**મૂલ્યાંકન :** કાગળ કે કાપડમાંથી વિવિધ ઉપયોગી વસ્તુઓ બનાવે છે. પ્રશિક્ષણાર્થીઓ ઓછા સમયનો સદુપયોગ કરી ઘણી બધી પ્રવૃત્તિઓ કરે છે. જેમાંથી સર્જનાત્મક શકિત ખીલે છે. સમયની બચત તથા આર્થિક બચત થાય છે. દરેક વસ્તુઓનાં ઝીણામાંઝીણો ઉપયોગ કરે છે અને વસ્તુની કિંમત સમજે છે.

**પરિણામ :** આ નવતર પ્રયોગથી વિષય શિક્ષણમાં પ્રાયોગિક કાર્યમાં તથા વિષયાંગ સ્પષ્ટતામાં સમજ કેળવવામાં સંકલનના સ્પષ્ટ થઇ.

**વર્તમાન સ્થિતિ :** સ્થિતિ સારી છે કે મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓ રસરુચી પૂર્વક આવી વસ્તુઓના નિર્માણમાં સક્રિય ભાગીદારી લે છે.

**ઈનોવેટરનું નામ :** યોગેશકુમાર મકનજીભાઈ ગામીત **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** ડી.એન.ટી.હાઈસ્કૂલ જોરાવરનગર **કલસ્ટર/ક્યુડીસી :** વઢવાણ

**મો. નંબર :** ૯૮૭૯૫૬૬૩૭૬ **ઈ-મેઈલ આઈડી :** ygamit96@gmail.com



**પ્રાથમિક ( ) માધ્યમિક (✓) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** શરીરના સંવેદના ગ્રાહી અંગો અને પરાવર્તી કમાન

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૧

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય ધોરણ 10 (જીવ વિજ્ઞાન) પ્રકરણ-7 નિયંત્રણ અને સંકલન રસરૂચી કેળવાય. વિજ્ઞાન વિષયનો હાઉ દૂર કરી શકાય. SSC બોર્ડ પરીક્ષા બાદ અગાઉના ધોરણમાં વિજ્ઞાન વિષય રાખવા માટે આત્મવિશ્વાસ વધે. વિજ્ઞાન વિષયના અગાઉના પ્રકરણ સરળ બને વિજ્ઞાન વિષયના કઠિન મુદ્દા સરળ બને.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત 2021 થી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીને મનુષ્યના પાચનતંત્રનો (ચાર્ટ) ચિત્રમાં માનવ શરીર અંગો જુએ છે. કાન, આંખ, નાક હાથ, ત્વચા વિદ્યાર્થીઓની આંખમાં કોઈ વસ્તુ નજીક લાવતા આંખ બંધ થવી, જીભમાં ચોકલેટ કે અન્ય મીઠી વસ્તુ મુકતા ખાતા મીઠા સ્વાદ નો અનુભવ કરે, વિદ્યાર્થીના કાન નજીક જોરથી અવાજ કરતા બંને કાન બંધ કરવા, ગુલાબના ફૂલને સુંઘવામાં આવે તો નાક દ્વારા સુગંધ ગમે છે, હાથમાં ગરમ કે ઠંડા પાણીનો ગ્લાસ પકડાવતા ફ્રીઝની નજીક ઠંડી હવાનો સ્પર્શ કરાવતા ઠંડી અને ગરમ હવાનો સ્પર્શ થવો. વિદ્યાર્થી પ્રત્યક્ષ સંવેદના ગ્રાહી અંગો વિશે માહિતગાર થાય છે.

**ઉપયોગિતા :** વિદ્યાર્થી સ્વ પ્રયત્ન મૂલ્યાંકન કરશે. સાંભળવું, જોવું, ચાખવું, સ્પર્શ કરવો, શરૂઆતમાં બે વિદ્યાર્થીઓ દ્વારા સંવેદના ગ્રાહી અંગો શું છે ? સંવેદી અંગોના કાર્યો અને સફાઈ વિશે જાણશે. ત્યારબાદ વર્ગના પાંચ વિદ્યાર્થીના ગ્રુપ A, B, C, D, E માં વિભાજિત કરી દરેક ગ્રુપને એક બે સંવેદી અંગ વિશે જાણકારી એકત્ર કરવા કહો. પછી રજૂઆત કરવાનું જણાવો. વિજ્ઞાન વિષય સંકલન અને નિયંત્રણ ધોરણ 10 પ્રકરણ 7 સંવેદના ગ્રાહી અંગો પરાવર્તી કમાન સરળતાથી સમજી શકશે.

| વિદ્યાર્થી ગ્રુપ | ઉદાહરણ | સ્થાન | કાર્ય |
|---|---|---|---|
| A | રસગ્રાહી એકમો | જીભની સપાટી પર | સ્વાદની ઓળખ |
| B | ઘ્રાણગ્રાહી એકમો | નાકના અધીચ્છદીપ સ્તરમાં | ગંધની ઓળખ |
| C | સ્પર્શગ્રાહી એકમો | ત્વચામાં | સ્પર્શની ઓળખ |
| D | પ્રકાશ(દ્રષ્ટિગ્રાહી એકમો) | આંખમાં | દ્રશ્યની ઓળખ |
| E | ધ્વનિગ્રાહી એકમો | અંતઃકર્ણમાં | અવાજની ઓળખ |

**મૂલ્યાંકન :** વિદ્યાર્થીના ગ્રુપ વિદ્યાર્થીની સંખ્યા પાંચ ઉદાહરણ દ્વારા દરેક સંવેદના ગ્રહી અંગોના કાર્યો અને સ્થાન સમજ કેળવી શકે. પ્રથમ બે વિદ્યાર્થી વિજ્ઞાન વિષય પસંદ કરતા હતા. ત્યારબાદ ગ્રુપમાં દરેક વિદ્યાર્થી ઉદાહરણની જાતે સમજ આપી શકે છે. રસગ્રહી એકમો, ધ્વનિ ગ્રહી એકમો સમજે છે અને સમજાવી શકે છે. વર્ગના તમામ વિદ્યાર્થી વિજ્ઞાન વિષય રસ પૂર્વક અભ્યાસ કરે છે.

**પરિણામ :** વિદ્યાર્થી વિજ્ઞાન વિષયમાં રસ કેળવે છે. સંવેદના ગ્રાહી એકમ અને પરાવર્તી કમાન સમજ કેળવવા સરળ બને છે. એસએસસી પરીક્ષા નો હાવ દૂર કરી શકાય. વિદ્યાર્થી જાતે સમજી શકે અને અન્ય વિદ્યાર્થીને સમજાવી શકે છે.

**વર્તમાન સ્થિતિ :** સંવેદના ગ્રાહી અને પરાવર્તી કમાન પ્રકરણ ૭ સંકલન અને નિયંત્રણ પ્રશ્નોત્તરી કરી શકે છે. વિદ્યાર્થી જાતે મૂલ્યાંકન કરી વિજ્ઞાન વિષયમાં રસ કેળવે છે અન્ય પ્રકરણ મુદ્દા સમજ સરળતાથી કરી શકે.



**ઈનોવેટરનું નામ :** જગદીશ કે. સોલંકી **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી ડી.એન.ટી.હાઈસ્કૂલ વઢવાણ **કલસ્ટર/ક્યુડીસી :** વઢવાણ

**મો. નંબર :** ૯૪ૠ૭૦૬૬૯૯૩ **ઈ-મેઈલ આઈડી :** jagdishsolanki951@gmail.com

**પ્રાથમિક ( ) માધ્યમિક (✓) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ડીએનટી સુપર ગ્રામર ટેસ્ટ ઓફ ઈંગ્લિશ

**નવતર પ્રયોગની કેટેગરી :** ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૧ થી

## કાર્ય પદ્ધતિનું વર્ણન : (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** હાઈસ્કુલ તેમજ કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ કોઈપણ કર્મચારી કોમ્પિટિશનની તૈયારી કરનાર કોઈપણ વ્યક્તિ તેમજ અંગ્રેજી ભાષા શીખનાર અને શીખવનાર રિસોર્સ પર્સન તેમજ રિસર્ચ કરનાર વ્યક્તિ, ઉધોગ ધંધા વેપાર ધંધાથી બિઝનેસ પર્સન તેમજ સૌ કોઈ જેને અંગ્રેજી લખતા બોલતા શીખવું હોય તેવા તમામ પ્રકારની વ્યક્તિમાંથી અંગ્રેજી પ્રત્યેનો ભાવ અને શુગ દૂર કરવી તેમ જ અંગ્રેજી ભાષા તરફ અભીમુખતા કેળવાય તેવા હેતુઓ રાખવામાં આવ્યા છે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ એક ઓનલાઈન ઇંગ્લીશ ગ્રામર ક્વીઝ છે જે ઓનલાઈન ગુગલ ફોર્મનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે આ ક્વિઝમાં એમ.સી.ક્યુ. ટાઈપ વિધાનો આપીને બ્લેન્કમાં સાચો જવાબ નીચેના એ બી સી ડી ચાર ઓપ્શનમાંથી પસંદ કરવામાં હોય છે આ ક્વિઝ માટે કોઈપણ પ્રકારની એપ ઉપયોગ કરવાનો નથી માત્ર લિંક ચાલુ કરો અને ક્વિઝ આપો તે પ્રમાણે છે લિંક ચાલુ થતાં જ ક્વિઝ આપના રહે પ્રાથમિક માહિતી તેમાં ભરવાની છે પછી પ્રશ્નોત્તરી આવે આ ક્વિઝમાં પાર્સિંગ ધોરણ 40% છે જે ગુગલ ફોર્મ્સમાં જાતે જ બને છે ઉદાહરણ તરીકે 50 માર્કની ટેસ્ટ હોય તો 20 માર્કસ પાર્સિંગ છે સાચો જવાબ હોય તે ગ્રીન કલરમાં દેખાય ખોટું જવાબ હોય તો રેડ કલરમાં દેખાય.

આ ક્વિઝમાં જેને 40% ગુનાવે તેને એક સુંદર સર્ટિફિકેટ પણ ઓનલાઇન તરત જ ગુગલ ડ્રાઈવમાં મળી જાય છે આ સર્ટિફિકેટ ગુગલ માંથી જ સર્ટિફાય થેમ વેબ માંથી ફોર્મેટ પસંદ કરી શકાય છે આ સર્ટી જે લોકો સાચું ઈમેલ એડ્રેસ લખે તેને મળે છે અને ન મળે તો ક્વિઝ બનાવનાર ગુગલ ડ્રાઈવ માંથી ક્વિઝ આપનારને સર્ટિફિકેટ મોકલી શકાય છે

**ઉપયોગિતા :** અંગ્રેજી ભાષા અસરકારક રીતે શીખવા ઈચ્છતી તમામ વ્યક્તિ માટે આ ક્વિઝ ખૂબ જ ઉપયોગી અને અસરકારક છે. ધોરણ નવ થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને તમામ પ્રકારના ધંધાર્થીઓ જ્યાં તેમને ઇંગ્લીશ ભાષાનો ઉપયોગ કરવો પડે છે. તે તમામ માટે ખૂબ જ ઉપયોગી છે. કોમ્પિટીટીવ એક્ઝામ ની તૈયારી કરનાર માટે આ ક્વિઝ ખૂબ જ ઉપયોગી છે. આ ક્વિઝમાં શરૂઆતમાં ગ્રામરના દરેક પોઇન્ટ સમજાવેલ છે જેથી દરેક વ્યક્તિ ક્વિઝના જવાબ આપતી વખતે યોગ્ય જગ્યાએ યોગ્ય વિકલ્પ પસંદ કરી શકે અને પોતાનું નોલેજ વધારી શકે. ગ્રામરની સમજૂતીના આધારે સાચા જવાબ આપવાનો ખૂબ જ સરળ બને છે.

**મૂલ્યાંકન :** આ ક્વિઝ નું પાર્સિંગ ધોરણ આપોઆપ ૪૦ ટકા બને છે દરેક સાચો જવાબ ઓનલાઇન ગ્રીન કલરમાં અને ખોટો જવાબ રેડ કલર માં દેખાય છે એક મોબાઈલ નંબર થી માત્ર એક જ જવાબ આપી શકાય છે જેણે સાચું ઈમેલ એડ્રેસ લખ્યું હોય તેને સર્ટિફિકેટ મળે છે ક્વિઝ બનાવનાર કોઈ પણ વ્યક્તિનું આખેઆખું ઓનલાઇન પેપર જોઈ શકે પણ ફેરફાર કરી શકાતો નથી આ મૂલ્યાંકનમાં એક પાઈ ચાર્ટ હોય છે જેમાં કેટલી સંખ્યામાં અને કેટલી ટકાવારીમાં વ્યક્તિએ ભાગ લીધો છે તે જોઈ શકાય છે ફ્રીઝમાં આલેખ ચાર્ટમાં વિધાર્થીઓ જવાબ સાથે સંપૂર્ણ એનાલીસીસ જોઈ શકાય છે.

**પરિણામ :** ગુજરાતના બધા જ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય લેવલથી બધી જ વ્યક્તિએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો છે. આ લીંક વિધાર્થીઓ દ્વારા મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર સુધી વિધાર્થીઓ દ્વારા ત્યાં પહોંચતા ત્યાંના વિધાર્થીઓને પણ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો છે

મુંબઈ બોરીવલી એસી ઇન્ટરનેશનલ સ્કૂલ કોલેજ તેમજ મહારાષ્ટ્રના બીજા સ્થળો જેવા કે વાસી, દોડખંભ, શાહપુર, થાણે, પુણે એવા વગેરે શહેરોમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર માંથી કુલ 2500 વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. જેમાં 400 શિક્ષકોએ પણ આ ક્વિઝ આપેલ છે. ક્વિઝના અંતે એક સુંદર સર્ટીફીકેટ મળે છે જે કોઈપણ વ્યક્તિને અંગ્રેજી શીખવા માટે આ ક્વિઝ તરફ ખેંચી લાવે છે આવા સર્ટિફિકેટ ની કોઈ કોપી પણ આ સાથે સામેલ છે ક્વિઝના અંતે ખૂબ જ સારા ફીડબેક પણ મળી મળે પણ મળેલ છે.

**વર્તમાન સ્થિતિ :** હાલમાં આ ઇંગ્લિશ ગ્રામર ક્વીઝ એ ડીએનટી સુપર ગ્રામર ટેસ્ટ ઓફ ઇંગ્લિશ એ નામની છે. આ ક્વિઝની લીંક જો ગુજરાત ભરમાં દરેક ક્લસ્ટરમાં મુકાય તો ખૂબ જ ઉજળું પરિણામ લાવી શકે છે. અત્યાર સુધીમાં ત્રણ ટેસ્ટ લેવાય છે. આ ઉપરાંત instagram, telegram, facebook પર આ લીંક મુકવાનો ભાવી પ્લાન છે. જેમાં લાખો વ્યક્તિ ક્વિઝ આપી શકશે. હાલમાં ડીએનટી સુપર ગ્રામર ટેસ્ટ ૪ બનાવવાનું ચાલુ છે.

**ઈનોવેટરનું નામ :** અનિરુધ્ધસિંહ ભરતસિંહ પરમાર **હોદ્દો :** શિક્ષણ સહાયક

**શાળાનું નામ :** શ્રીમતી ડી.પી.શાહ હાઈસ્કૂલ સુદામણા **કલસ્ટર/ક્યુડીસી :** સાયલા

**મો. નંબર :** ૬૩૫૪૨૨૪૭૧૬ **ઈ-મેઈલ આઈડી :** paniruddhsinh087@gmail.com



**પ્રાથમિક ( ) માધ્યમિક (✓) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ગમ્મત સાથે જ્ઞાન

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૧

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** વિદ્યાર્થીઓ ગણિત વિષય પ્રત્યે રુચી રાખવા માટે વિદ્યાર્થીઓને ગણિત વિષયનો ભાવ દૂર કરવા માટે ગમ્મત સાથે જ્ઞાન મારફતે વિદ્યાર્થીઓને સર્જન આત્મક શક્તિ વધારવા માટે સર્જનાત્મક શક્તિ વધારવા માટે.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત સપ્ટેમ્બર 2021 થી કરવામાં આવી. મારા દ્વારા કેટલાક પ્રયોગો કરવામાં આવ્યા છે જેમાં કાર્ડ ગેમ વર્તુળ અને ચતુષ્કોણના ભાગોની સમાજ આપતું મોડેલ બે સંખ્યાઓના ગુણાકાર કરતી વખતે નિશાનીઓની સમજ આપતું મોડેલ હાથની આંગળીથી ત્રિકોણમિતીય કોષ્ટક સરળતાથી યાદ રાખવું અને વિદ્યાર્થીઓ હેતુલક્ષી પ્રશ્નોની તૈયારી કરવા પ્રેરિત થાય તેના માટેની સાપસીડી જેવી એક રમત.

**મૂલ્યાંકન :** જ્યારે પહેલી વખત વર્ગમાં વિદ્યાર્થીઓ સમક્ષ આ મોડલોને બતાવવામાં અને સમજાવવામાં આવ્યા ત્યારે વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો અત્યારે વર્ગના મોટાભાગના વિદ્યાર્થીઓને આ મોડેલો વિશેનો જ્ઞાન અને સમજ છે જે નક્કી કરેલા હેતુઓ સિદ્ધ થાય છે.

**પરિણામ :** વિદ્યાર્થીઓ સરળતાથી કાર્ડની રમત દ્વારા ગણિતના સૂત્રો યાદ રાખી શક્યા વર્તુળ અને ચતુષ્કોણના ભાગોની સમજ કેળવી શક્યા ત્રિકોણમિતીય કોષ્ટક સરળતાથી યાદ રાખી શક્યા સાપસીડી જેવી ગણિતની રમત દ્વારા હેતુલક્ષી પ્રશ્નોની તૈયારી કરતા થયા અને બે સંખ્યાઓની ગુણાકાર માટે નિશાનીઓની સમજ કેળવી શક્યા.

**વર્તમાન સ્થિતિ :** મોટાભાગના વિદ્યાર્થીઓ આ મોડેલો દ્વારા સમજ કેળવી શક્યા પરંતુ હજુ વિદ્યાર્થીઓને અવારનવાર આ મોડેલો દ્વારા પુનરાવર્તન કરવામાં આવે છે.

# 8th District Level Educational Innovation Festival, 2022-2023


**ઈનોવેટરનું નામ :** ચાવડાગોર કલ્પેશ ધીરુભાઈ  **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી પી.જી.એન.એમ.ગર્લ્સ હાઈસ્કૂલ  **કલસ્ટર/ક્યુડીસી :** વઢવાણ

**મો. નંબર :** ૯૦૬૭૩૫૯૬૧૬  **ઈ-મેઈલ આઈડી :** kalpeshchavdagor555@gmail.com




પ્રાથમિક ( ) માધ્યમિક (✓) ઉ. માધ્યમિક ( ) પ્રશિક્ષિત સંસ્થા ( )

**નવતર પ્રયોગનું શીર્ષક :** ષષ્ઠી વિભક્તિ-ગીતમ્

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન-૨૦૨૨થી હાલ શરૂ છે

**કાર્ય પદ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** બાળકોની અધ્યયન નિષ્પત્તિઓમાં આવતી કચાશને દૂર કરવી, ભાષામાં રહેલી અશુધ્ધિઓ દૂર થાય, બાળકોમાં રહેલો ભાષા પ્રત્યેનો ડર ઓછો થાય છે, નામપદ અને વાક્યોનો અર્થ ગ્રહણ થાય છે, નામપદ અને વાક્યોનો અર્થ ગ્રહણ થાય છે, દરેક શબ્દોમાં રહેલી વિભક્તિને જાણી શકે છે. ઉદાહરણ - દરેક શબ્દોનાં અંતમાં આવેલ પ્રત્યય પરથી વિભક્તિનું શુદ્ધ રૂપ મૂકી શકાય છે. જેમ કે,-

**અમલીકરણ અને વ્યૂહરચના :**

| પુલ્લિંગ શબ્દોમાં | સ્ત્રીલિંગ શબ્દોમાં | નપુંસકલિંગ શબ્દોમાં |
|---|---|---|
| स्य- पुत्रस्य | या:-अम्बाया: | स्य- मित्रस्य |
| एस्(:)- राशे: | या:- पुत्र्या: | |
| ओस्-(:)- शत्रो: | या:- शक्त्या: | |

- ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરતા બાળકો તેમજ કોલેજના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વિભક્તિના જ્ઞાનના અભાવે વિભક્તિ પ્રયોગ કરવામાં ભૂલ પડે છે.
- જેમકે, સંસ્કૃતમાં શત્રુ શબ્દ ઉકારાન્ત પુલ્લિંગ શબ્દ છે. જેનું ષષ્ઠી વિભક્તિનું રૂપ 'शत्रो:' થાય છે. જ્યારે વિભક્તિજ્ઞાનના અભાવે વિદ્યાર્થીઓ ત્યાં '**शत्रुस्य**' પ્રયોગ કરે છે. જે અશુદ્ધ રૂપ છે.
- વિભક્તિ લોકોને ખૂબ અઘરી લાગે છે ભાષાવિદોથી ભૂલ થઇ જતી હોય છે .બાળકો વિભક્તિને ગોખતા હોય છે. તેથી વિભક્તિ ખૂબ અઘરી લાગે છે. સંસ્કૃત ભાષાના સૂત્રો કારક પરંપરા પર આધારિત છે.
- આપણા અભ્યાસક્રમમાં કારકસૂત્રો ભણવામાં કે ભણાવવામાં આવતા નથી. જેથી બાળકોને સરળતાથી અને સહજતાથી વિભક્તિ આવડે તે માટે વિભક્તિગીત બનાવવામાં આવ્યું છે.
- જેમાં ગાઈ શકાય તેવા ત્રણેય લિંગને આવરી લેતા સાત શબ્દોનો પ્રયોગ કરીને એક ગીત બનાવવામાં આવ્યું છે. આ ગીતમાં ધોરણ-9ના મહત્તમ ષષ્ઠી વિભક્તિના નિયમો અને ઉદાહરણને આવરી લેવામાં આવ્યા છે. જે ગીત નીચે મુજબ છે.

➢**षष्ठी विभक्ति-गीतम्**

➢मृदुलमुकुन्द: काशीं गच्छति।

➢मृदुलमुकुन्द: **मुकुन्दस्य** अम्बा काशीं गच्छति।

➢मृदुलमुकुन्द: मुकुन्दस्य अम्बा, **अम्बाया:** पुत्री काशीं गच्छति।

➢मृदुलमुकुन्द: मुकुन्दस्य अम्बा, अम्बाया: पुत्री, **पुत्र्या:** मित्रं काशीं गच्छति।

➢मृदुलमुकुन्द: मुकुन्दस्य अम्बा, अम्बाया: पुत्री, पुत्र्या: मित्रं, **मित्रस्य** शत्रु: काशीं गच्छति।

➢मृदुलमुकुन्द: मुकुन्दस्य अम्बा, अम्बाया: पुत्री, पुत्र्या: मित्रं, मित्रस्य शत्रु:, **शत्रो**: राशि: काशीं गच्छति।

➢मृदुलमुकुन्द: मुकुन्दस्य अम्बा, अम्बाया: पुत्री, पुत्र्या: मित्रं, मित्रस्य शत्रु:, शत्रो: राशि:, **राशे:** शक्ति: काशीं गच्छति।

मृदुलमुकुन्द: मुकुन्दस्य अम्बा, अम्बाया: पुत्री, पुत्र्या: मित्रं, मित्रस्य शत्रु:, शत्रो: राशि:, राशे: शक्ति:, **शक्ते:** कर्ता काशीं गच्छति।

**ઉપયોગિતા :**

- ✓ ષષ્ઠી વિભક્તિગીત મહા વિદ્યાલયોના રિસર્ચ પેપર તરીકે પણ ઉપલબ્ધ થાય તેવું છે.
- ✓ ભાષા શુદ્ધિ માટે આ નવતર પ્રયોગ ગાગરમાં સાગર જેવો છે.
- ✓ આ નવતર પ્રયોગ રોજ-બરોજ બોલાતા શબ્દોમાં બાળકોને વૈચારિક પ્રક્રિયા કરવા પ્રેરણા આપે છે.
- ✓ સંધિના નિયમો ગોખાતા હોય છે પણ આ ગીતમાં સરળ સંસ્કૃત હોવાથી ગાયને યાદ રાખી શકાય છે.
- ✓ સંસ્કૃત , ગુજરાતી , હિન્દીના શબ્દોનું સરળતાથી ઉચ્ચારણ કરી શકે છે.

**મૂલ્યાંકન :**

- ❖ શબ્દ,વાક્ય,બોલતી અને લખતી વખતે ચકાસવામાં આવ્યું.
- ❖ અધ્યયન નિષ્પત્તિઓ આધારિત કસોટીઓ લેવામાં આવી.
- ❖ વિભક્તિ ગીત ગાયન વખતે શબ્દોની શુધ્ધતાની પણ ચકાસણી કરવામાં આવી.

**પરિણામ :**

- ✓ ધોરણ 9 થી 12 ના બાળકો સંસ્કૃતથી ભાગતા હતા તે જ બાળકો સંસ્કૃતની વિભક્તિને સુંદર રીતે સમજી શુધ્ધ રૂપ લખી અને બોલી શકે છે.
- ✓ ધોરણ 9 થી  ની 70 % જેટલી અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરી શકાય છે.
- ✓ હસતા હસતા અને અભિનય કરતા વિભક્તિ જેવા જટિલ વિષયને પોતાની ખૂબી બનાવી શક્યા.
- ✓ રોજિંદી જીવનચર્યા સાથે જોડાયેલ સંસ્કૃતના શબ્દોના ષષ્ઠી વિભક્તિના શુધ્ધ રૂપ કરતા શીખ્યા છે.

**ઈનોવેટરનું નામ :** ઝીંઝુવાડિયા શૈલેષકુમાર ગોપાલભાઇ **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**શાળાનું નામ :** શ્રી સાર્વજનિક વિદ્યાલય, સાયલા **કલસ્ટર/ક્યુડીસી :** સાયલા

**મો. નંબર :** ૮૮૬૬૮૧૦૦૮૮ **ઈ-મેઈલ આઈડી :** shailuprajapati86@gmail.com



**પ્રાથમિક ( ) માધ્યમિક ( ) ઉ. માધ્યમિક (✓) પ્રશિક્ષિત સંસ્થા ( )**

**નવતર પ્રયોગનું શીર્ષક :** ''ગુરૂવાર વિશેષ દિન'' સહઅભ્યાસિક પ્રવૃતિ દ્વારા શિક્ષણ

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃતિ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યકિતગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૦ થી

**કાર્ય પધ્ધતિનું વર્ણન :** (હેતુઓ, અમલીકરણ, વ્યુહરચના, ઉપયોગિતા)

**હેતુઓ :** વિદ્યાર્થીઓ માટે "ગુરુવાર વિશેષ દિન" ની પ્રવૃતિઓનું આયોજન કરવું, વિદ્યાર્થીઓને વિશેષ પ્રવૃતિઓથી માહિતગાર કરવા, વિશેષ પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓને શાળાએ આવવા તત્પર કરવા. વિશેષ દિનની પ્રવૃત્તિ વડે વિદ્યાર્થીઓની નિયમિતતામાં વધારો કરવો.

**અમલીકરણ અને વ્યૂહરચના :** આ પ્રયોગની શરૂઆત વર્ષ ૨૦૨૦થી શરુ કરવમાં આવી. શાળામાં વિદ્યાર્થીઓની ગેરહાજરી સતત રહેતી હતી. આ વિદ્યાર્થીઓને શાળાએ આવવમાં રસ જાગે અને નિયમિત બને એવા હેતુથી ગુરુવાર વિશેષ દિન સ્વરૂપે વિવિધ પ્રવૃતિનું યોજવામાં આવી. જેમાં કેલેન્ડરના અભ્યાસ કરીને ગુરુવારની યાદી તૈયાર કરવામાં આવી. ગુરુવારની નજીકના ત્યોહાર, પ્રસંગ કે સરકારી કાર્યક્રમ તેમજ વિષય વસ્તુ અભ્યાસને ધ્યાનમાં રાખીને વિશેષ પ્રવૃતિની યાદી બનાવવામાં આવી. આ વિશેષ પ્રવૃત્તિ મહદ અંશે વર્ગ બહારની તેમજ હળવાશથી લેવામાં આવતી. જેથી બાળકો હોશે હોશે તેમાં જોડાતા. આ પ્રવૃત્તિ થકી બાળકોની નિયમિત શાળાએ આવતા કરી શકયા.

**મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓ માટે "ગુરુવાર વિશેષ દિન" ની પ્રવૃતિઓની શરૂઆત ૨૦૨૦ માં કરવામાં આવી ત્યારે ૫૦ % બાળકો ગેરહાજર રહેતા હતા. જે "ગુરુવાર વિશેષ દિન" ની શરૂઆતના એક સત્ર બાદ શાળામાં ૯૦% થી વધુ બાળકો નિયમિત હાજર રહે છે.

**પરિણામ :** વિદ્યાર્થીઓ માટે "ગુરુવાર વિશેષ દિન" ની પ્રવૃતિઓથી બાળકોને શાળા વધુ પ્રિય બની જેથી તેઓ નિયમિત શાળાએ આવતા થયા. ગેરહાજરીના પ્રમાણમાં ઘટાડો થયો. વિશેષ પ્રવૃત્તિ વડે બાળકોના અભ્યાસિક તેમજ વ્યવહારુ જ્ઞાનમાં વધારો થયો.

**વર્તમાન સ્થિતિ :** વિદ્યાર્થીઓ માટે "ગુરુવાર વિશેષ દિન" ની પ્રવૃતિઓ યોજાય છે.

# નવસંસ્કરણ




DIET
Dist. Insti. of Edu. & Training
Surendranagar

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર